"મારો દેશ... મારો વોટ... મારું ભવિષ્ય..."

સાંજના ગુજરાતી અખબારોમાં સૌથી વધુ નકલોનો ફેલાવો ધરાવતું...

# સાંજ સમાચાર



ચૈત્ર વદ– ૧૪ | પાના : ૧૬ | રૂા. ૪.૦૦ સ્થાપકઃ- બાબુભાઈ શાહ તા. ૭–૫–૨૦૨૪ – મંગળવાર | રાજકોટ (સીટી)

"વિશ્વની સૌથી મોટી લોકશાહીનો સૌથી મોટો મહાપર્વ ઉજવીએ..."

વર્ષ : ૩૮ અંક : ૨૧૮ RNI Reg.No 46322/86. Reg.No Rajkot/266/2023 PST:RMS-RJT તંત્રી : પ્રદિપભાઈ નરોત્તમદાસ શાહ sanjsamachar@gmail.com | sanjsamachar.net | SANJ SAMACHAR - RAJKOT

ત્રીજા તબક્કા માટે ૧૧ રાજયોમાં ૯૨ બેઠકો પર મતદાન શરૂ

## ગુજરાતમાં સવારથી બમ્પર મતદાન : મતદારોની લાંબી લાઇન : વડાપ્રધાન મોદી, અમિત શાહે અમદાવાદમાં મતદાન કર્યુ
















# માનવ સભ્યતા પર તોળાઈ રહેલો ત્રીજા વિશ્વ યુદ્ધનો ખતરો!

તમે કલ્પના કરો કે, જો ત્રીજું વિશ્વ યુદ્ધ થાય તો? શું દુનિયાના તમામ દેશો આ યુદ્ધમાં ભાગ લેશે? ત્રીજું વિશ્વ યુદ્ધ કયા કયા મોરચે લડાશે? રશિયા, અમેરિકા કે ચાઈના આમાંથી કોણ કોના પર ભારે પડશે? શું ભારત આ વિશ્વ યુદ્ધમાં ભાગ લેશે? શું ત્રીજા વિશ્વ યુદ્ધમાં પરમાણુ શસ્ત્રોનો ઉપયોગ થશે? જી હા, જો આપણે ત્રીજું વિશ્વ યુદ્ધ ફાટી નીકળવાની કલ્પના કરી રહ્યા હોઈએ તો આપણાં દિમાગમાં આવા પ્રશ્નો સર્જાય તે સ્વાભાવિક છે. ત્રીજા વિશ્વયુદ્ધનો વિચાર કંઈક એવો છે કે જે સામાન્ય માનવીને ડરાવનારો છે. હાલના સમયમાં એક તરફ રશિયા અને યુક્રેન વચ્ચેનું યુદ્ધ પૂર્ણ થવાનું નામ નથી લઈ રહ્યું જ્યારે બીજી તરફ ઇઝરાઈલ અને હમાસ પણ યુદ્ધે ચડયા છે. ઇઝરાઈલ અને હમાસ વચ્ચેના તણાવમાં ઈરાન બળતામાં ઘી હોમવાનું કામ કરી રહ્યું છે. યમનના હુથી વિદ્રોહીઓ પણ અત્યારે જબરદસ્ત રીતે હિંસા ફેલાવી રહ્યા છે. આ ઉપરાંત અમેરિકા, રશિયા અને ચાઈના વચ્ચે ચાલી રહેલી ટ્રેડ-વોર તો ખરી જ. આથી આવી સ્થિતિમાં ત્રીજા વિશ્વ યુદ્ધની સંભાવના અનેકગણી વધી રહી હોય તેવું લાગી રહ્યું છે.

પરંતુ શું વિશ્વના દેશો ત્રીજા વિશ્વ યુદ્ધમાં લડવા કે યુદ્ધના પરિણામો સહન કરવા માટે તૈયાર છે ખરા? જો ત્રીજું વિશ્વ યુદ્ધ શરૂ થાય તો અત્યાર સુધીમાં જે કઈ થયું નથી તે તમામ થવાની સંભાવના છે. ત્રીજા વિશ્વ યુદ્ધ શરૂ થવા પાછળ કેટલાક કારણો જવાબદાર હોય શકે છે. જેમાંથી ભૌગોલિક રાજકીય તણાવ સૌથી મુખ્ય છે. કલ્પના કરો કે શું વિશ્વભરના દેશો જમીનની સરહદો, મૂલ્યવાન સંસાધનો અથવા ભૂતકાળની સમસ્યાઓ જેવી મહત્વપૂર્ણ બાબતો પર અસંમત થવાનું અને એક બીજા સાથે વિવાદો શરૂ કરે અને જો આ તણાવ ખરેખર વણસે અને દુનિયાના દેશો પોતાની સમસ્યાનો શાંતિપૂર્ણ ઉકેલ શોધી શકતા નથી, તો તે મોટા યુદ્ધ તરફ દોરી શકે છે.

આ રાજકીય અને ભૌગોલિક સમસ્યાઓ સિવાય વિશ્વના દેશો વચ્ચે આર્થિક સંઘર્ષો પણ વિશ્વ યુદ્ધ તરફ દોરી જઈ શકે છે. જ્યારે વિશ્વમાં આર્થિક રીતે મુશ્કેલ સમય હોય છે એટલે કે મંદીનો માહોલ ચાલી રહ્યો હોય છે ત્યારે વિશ્વના દેશો પૈસા, વેપાર માર્ગો અથવા મહત્વપૂર્ણ બજારો જેવી બાબતો પર એકબીજા સાથે લડવાનું શરૂ કરી શકે છે. જો આ સ્પર્ધા સત્તા માટેના સંઘર્ષમાં પરિવર્તિત થાય તો તે વિશ્વ યુદ્ધમાં પરિણમી શકે છે.









**હાલના સમયમાં એક તરફ રશિયા અને યુક્રેન વચ્ચેનું યુદ્ધ પૂર્ણ થવાનું નામ નથી લઈ રહ્યું જ્યારે બીજી તરફ ઇઝરાઈલ અને હમાસ પણ યુદ્ધે ચડયા છે. ઇઝરાઈલ અને હમાસ વચ્ચેના તણાવમાં ઈરાન બળતામાં ઘી હોમવાનું કામ કરી રહ્યું છે. યમનના હુથી વિદ્રોહીઓ પણ અત્યારે જબરદસ્ત રીતે હિંસા ફેલાવી રહ્યા છે. આ ઉપરાંત અમેરિકા, રશિયા અને ચાઈના વચ્ચે ચાલી રહેલી ટ્રેડ-વોર તો ખરી જ. આથી આવી સ્થિતિમાં ત્રીજા વિશ્વ યુદ્ધની સંભાવના અનેકગણી વધી રહી હોય તેવું લાગી રહ્યું છે.**

**૨૧મી સદી ટેકનોલોજીની સદી માનવામાં આવી રહી છે. આથી જો વિશ્વ યુદ્ધ થાય તો તેમાં ટેકનોલોજીનો ફાળો ખૂબ જ વધારે રહેવાનો છે અને તેમાં કોઈ શંકાને સ્થાન નથી. અને બની શકે કે ત્રીજું વિશ્વ યુદ્ધ ટેક્નોલોજીકલ યુદ્ધ પણ હોય. એટલે કે ત્રીજા વિશ્વ યુદ્ધમાં સરહદો પર સૈનિકો અને ટેન્કો વચ્ચેની લડાઈની સાથે સાથે સાયબર હુમલાઓ, આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ અને અન્ય ઉચ્ચ ટેકનિકી સાધનોનો ઉપયોગ પણ શસ્ત્રો તરીકે થઈ શકે છે કે જે યુદ્ધના મેદાનને ફિઝિકલ અને ડિજિટલ વોર ફ્રન્ટ તરીકેની નવી ઓળખ આપશે.**

૨૧મી સદી ટેકનોલોજીની સદી માનવામાં આવી રહી છે. આથી જો વિશ્વ યુદ્ધ થાય તો તેમાં ટેકનોલોજીનો ફાળો ખૂબ જ વધારે રહેવાનો છે અને તેમાં કોઈ શંકાને સ્થાન નથી અને બની શકે કે ત્રીજું વિશ્વ યુદ્ધ ટેક્નોલોજીકલ યુદ્ધ પણ હોય. એટલે કે ત્રીજા વિશ્વ યુદ્ધમાં સરહદો પર સૈનિકો અને ટેન્કો વચ્ચેની લડાઈની સાથે સાથે સાયબર હુમલાઓ, આર્ટિફિશિયલ ઇન્ટેલિજન્સ અને અન્ય ઉચ્ચ ટેકનિકી સાધનોનો ઉપયોગ પણ શસ્ત્રો તરીકે થઈ શકે છે કે જે યુદ્ધના મેદાનને ફિઝિકલ અને ડિજિટલ વોર ફ્રન્ટ તરીકેની નવી ઓળખ આપશે.

પહેલા અને બીજા વિશ્વ યુદ્ધ દરમિયાન વિશ્વના દેશોનું બે ભાગોમાં ધ્રુવીકરણ થયું હતું. પરંતુ જો ત્રીજું વિશ્વ યુદ્ધ થાય તો આ વખતે વિશ્વના દેશોના ગ્રુપ કયા આધારે બનશે? શું ટ્રેડ વોર મુખ્ય મુદ્દો હશે કે જમીનને લઈને સામ્રાજ્યવાદ મુખ્ય મુદ્દો હશે તે પણ એક યક્ષ પ્રશ્ન છે. આ બધામાં ભારત જેવા દેશો કે જે નોન-અલાઇન્મેન્ટનો સિધ્ધાંત વર્ષોથી અપનાવતા આવ્યા છે, તેઓ કોનો સાથ આપશે? રશિયા-યુક્રેન યુદ્ધમાં પણ ભારતે ખૂલીને કોઈને પણ પોતાનું સમર્થન નથી આપ્યું અને બંને દેશો સાથે સારા સંબંધો જાળવી રાખ્યા છે. ઇઝરાઈલ અને હમાસ વચ્ચેના સંઘર્ષમાં ભારતે સત્તાવાર રીતે ઇઝરાઈલને સમર્થન આપ્યું કારણ કે ભારત હમાસને એક આતંકી સંગઠન માને છે. પરંતુ સાથે જ ઈઝરાઈલી સેના દ્વારા ગાઝા પટ્ટીમાં કરવામાં આવતી કત્લેઆમની પણ ભારતે સખત ટીકા કરી છે.

લાઈવ WIRE
પરખ ભટ્ટ
bhattparakh@yahoo.com

ત્રીજા વિશ્વ યુદ્ધને લઈને સૌથી મોટો ભય પરમાણુ શસ્ત્રોના ઉપયોગને લઈને છે. આ સૌથી ભયાનક દ્રશ્ય છે. કેટલાક દેશો પાસે પરમાણુ બોમ્બ સહિતના ખરેખર શક્તિશાળી શસ્ત્રો છે. જો તેનો ઉપયોગ આ યુદ્ધમાં થાય છે, તો તેનાથી થનારું નુકસાન પ્રચંડ હશે કે જે ફક્ત યુદ્ધમાં સામેલ દેશોને જ નહીં પરંતુ સમગ્ર વિશ્વને અસર કરશે. એટલે કે કેટલાક ગણ્યા ગાંઠ્યા દેશોએ મચાવેલી તબાહીનું દર્દ આખુંય વિશ્વ ભોગવશે અને આ વાતમાં કોઈ બેમત નથી.

જો ખરેખર ત્રીજું વિશ્વ યુદ્ધ થાય તો લાખો લોકોનો ભોગ લેવાઈ શકે છે અથવા તેમણે પોતાના ઘર છોડવા પડશે. વિશ્વને એક વિશાળ માનવતાવાદી સંકટનો સામનો કરવો પડશે. શરણાર્થીઓ અને યુદ્ધ કેદીઓની સમસ્યાઓનો કોઈ પાર નહીં હોય અને આમાંથી બહાર નીકળતા વિશ્વને કેટલાય વર્ષો લાગી જશે. જો ત્રીજું વિશ્વ યુદ્ધ થયું તો પર્યાવરણીય વિનાશ પણ નિશ્ચિત છે. પરમાણુ હથિયારોનો ઉપયોગ આપણા પર્યાવરણમાં ખૂબ જ મોટી ઉથલપાથલ કરી શકે છે. હવા, પાણી અને જમીન પર લાંબાગાળાનું નુકસાન થઈ શકે છે કે જે સામાન્ય લોકો અને પ્રાણીઓ સહિત સમગ્ર સજીવ સૃષ્ટિ માટે હાનિકારક હશે.

ત્રીજા વિશ્વ યુદ્ધને લીધે વૈશ્વિક અર્થતંત્રનું પતન પણ થઈ શકે છે. સપ્લાઈ ચેઈન તૂટવાને કારણે માંગ અને પુરવઠાનું ચક્ર ખોરવાશે અને મોંઘવારી અને ફુગાવો સમગ્ર વિશ્વમાં ફેલાઈ જશે. શેર બજારો પડી ભાંગશે અને નાણાં પોતાનું મૂલ્ય ગુમાવશે. અર્થતંત્રને ફરીથી બેઠું કરવામાં વિશ્વના દેશોને અનેક વર્ષો લાગી જશે.

ત્રીજા વિશ્વ યુદ્ધને ટાળવા માટે ડિપ્લોમસી થકી સંઘર્ષનું નિરાકરણ કરવું અનિવાર્ય છે. વિશ્વને એવા નેતાઓની જરૂર છે કે જે યુદ્ધનો આશરો લીધા વિના વાતચીત દ્વારા સમસ્યાના ઉકેલો શોધી શકે. આ ઉપરાંત વૈશ્વિક સહકાર પણ અનિવાર્ય છે. કારણ કે જ્યારે દેશો એકબીજાને સહયોગ કરે છે ત્યારે દરેકને ફાયદો થાય છે. આબોહવા પરિવર્તન અને સંસાધનોની વહેંચણી જેવી સમસ્યાઓના ઉકેલ માટે સાથે મળીને કામ કરવાથી સંઘર્ષોને મોટા યુદ્ધોમાં ફેરવાતા અટકાવી શકાય છે. વિશ્વના દેશો નિઃશસ્ત્રીકરણ અને શસ્ત્ર નિયંત્રણ થકી પણ વિશ્વ યુદ્ધના ખતરાને અટકાવી શકે છે.આંતરરાષ્ટ્રીય કરારો અને નિયમો પરમાણુ બોમ્બ જેવા શસ્ત્રોના ઉપયોગને મર્યાદિત કરવામાં મદદ કરી શકે છે કે જે વિશ્વને દરેક વ્યક્તિ માટે સુરક્ષિત બનાવે છે.

ત્રીજું વિશ્વ યુદ્ધ અત્યારે માત્ર એક શક્યતા હોવા છતાં, તેનું કારણ શું હોઈ શકે છે અને આપણે તેને કેવી રીતે અટકાવી શકીએ તે સમજવું મહત્વપૂર્ણ છે. ડિપ્લોમસી, વૈશ્વિક સહકાર અને શક્તિશાળી શસ્ત્રોનો ઉપયોગ ઘટાડવો એ એવી દુનિયાના નિર્માણની ચાવી છે કે જ્યાં લોકો શાંતિથી જીવી શકે. ચાલો આશા રાખીએ કે વિશ્વના નેતાઓ સંઘર્ષના નિવારણ માટે એકબીજાને સહકાર આપવાનું પસંદ કરે કે જેથી ત્રીજા વિશ્વ યુદ્ધનો આપણે ક્યારેય સામનો કરવો ન પડે.

**પહેલા અને બીજા વિશ્વ યુદ્ધ દરમિયાન વિશ્વના દેશોનું બે ભાગોમાં ધ્રુવીકરણ થયું હતું. પરંતુ જો ત્રીજું વિશ્વ યુદ્ધ થાય તો આ વખતે વિશ્વના દેશોના ગ્રુપ કયા આધારે બનશે? શું ટ્રેડ વોર મુખ્ય મુદ્દો હશે કે જમીનને લઈને સામ્રાજ્યવાદ મુખ્ય મુદ્દો હશે તે પણ એક યક્ષ પ્રશ્ન છે. આ બધામાં ભારત જેવા દેશો કે જે નોન-અલાઈન્મેન્ટનો સિદ્ધાંત વર્ષોથી અપનાવતા આવ્યા છે, તેઓ કોનો સાથ આપશે?**

## સુવિચાર

**ફરજમાં લાગણીની જરૂર નથી હોતી,**
**હક હોય ત્યાં માંગણીની જરૂર નથી હોતી,**
**કહેવા માત્રની વાત છે કોણ કેટલું કરે છે,**
**બાકી સાચા સંબંધોમાં માપણીની જરૂર નથી હોતી.**

## મારી ખુશીઓનું કારણ બીજા પર આધારિત તો નથીને?

મનુષ્ય જીવનમાં ઘણીવાર કોઈ ખુશીનું કારણ મળી જાય છે તો આપનુ મન હલ્કુ, બુધ્ધિ શુધ્ધ બની જાય છે. પગ પણ ખુશીમાં નાચવા લાગે છે. થનગાટ કરવા લાગે છે. બને છે ને જીવનમાં આવું? જેમ કે પેપર્સમાં ન ધારેલા હોય તેવા ઉચા માર્ક મળી જાય, અચાનક ધનની લોટરી લાગી જાય, ગમતી ચીજ કે વ્યક્તિનો સાથ મળી જાય. અથવા ખુશી આપતા જોક્સ સાંભળ્યા, કોઈને ડ્રોઈંગ કરી ખુશી મળે, કોઈને ગીત-સંગીત દ્વારા ખુશી મળે. પરંતુ જોશો તો આ બધા કારણો તો અલ્પકાલની ખુશી આપે છે. તેનાથી જયારે મન ભરાઈ જશે અથવા કોઈ એવી વાત બને કે સામે કપરી પરિસ્થિતિ આવે અથવા જેનાથી ખુશી મળતી હોય તે સાધનો કે વ્યકિતના આપણા જીવનમાંથી જતા રહેવાના કારણે સ્વયંને મળતી ખુશીઓ પણ જતી રહે છે. તો આપની ખુશીઓનો આધાર કોણ બન્યા? બીજા બધા. હવે તે બધુ જીવનમાં નથી તો, આપની ખુશી પણ નથી. તો મનની સાચી ખુશી કોઈ પર આધારિત નથી હોતી. ખુશી બહારથી નહી, આત્માનો આંતરિક સ્વભાવ છે. આમ સ્વ-ખુશી માટે સ્વયંની સોચ-ભાવના-વૃતિઓને એવા ખુશીઓથી ભરી દઈએ કે જે કોઈના પર આધારિત ન હોય.

Brahma Kumaris - Rajkot 50 1969 - 2019 Golden Jubilee
મૂલ્યોની મહેક
■ બ્રહ્માકુમારી ભારતીદીદી ■

**મનની ખુશીની અવસ્થાનો ચાર્ટ દ્વારા સ્વસ્થિતિ બનાવીએ**

રોજેરોજ પરમાત્માને પુરા દિવસનો, મનની ખુશીની અવસ્થાનો ચાર્ટ આપીએ. સ્વ ચેકિંગ રાત્રે સૂતા પહેલા કરીએ. આજે મારી ખુશી કઈ કઈ બાબતોને કારણે ન રહી તેની નોંધ લઈએ. ત્યારબાદ તેના પર બીજા દિવસે વધુ ધ્યાન આપીને સ્વયંની ખુશીનો ચાર્ટ વધારીએ. આ માસમાં વિશેષ આ સ્વ-ઉન્નતિ પર ધ્યાન આપીએ.

૧. સવારે ઉઠતા જ ઈશ્વર/પરમાત્માનો ધન્યવાદ કર્યો?(હા/ના)

૨. ભોજન પર પુરો સમય પરમાત્માની યાદ બની રહી? મૌન રહ્યુ? (હા/ના)

૩. શું હું આજે ખુશના વિચારોમાં રહી શકી/શક્યો? (હા/ના)

૪. ખુશી ગાયબ થવાનું કારણ શું બન્યુ? વિચારી સ્વયંના પરિવર્તનનું લક્ષ્ય રાખો.(હા/ના)

૪. શું આજે મે બધાને સુખ આપ્યુ?(દુઃખ ન અપાય તે ખ્યાલ રહ્યો?) (હા/ના)

૫. આજે રાત્રીના સૂતા પહેલા પરમાત્માના ૫ મિનિટ ધન્યવાદ કરી, પૂરા દિવસનો ચાર્ટ આપ્યો? (હા/ના)

આ અનુસાર જીવનને સદા ખુશનુમા બનાવવાનું અને ખુશીદાન કરવાનું લક્ષ રાખીએ.

# રીંછ જેવા દેખાતા દરિયાઈ સૂક્ષ્મ જીવ ટાર્ડિગ્રેડને મળ્યું ચંદ્રયાન-૩નું નામ!

## આઠ પગવાળો આ જીવ બેટિલિપ્સ ચંદ્રયાણી નામથી હવે ઓળખાશે

કોચ્ચિ (કેરળ) તા.૭

જે ચંદ્રયાન-૩એ ચંદ્ર પર ઈતિહાસ રચ્યો તેના નામથી એક નવા સમુદ્રી જીવની ઓળખ થશે. ખરેખર તો કોચિન યુનિવર્સિટી ઓફ સાયન્સ એન્ડ ટેકનોલોજી (કયુસેટ)ના સંશોધકોએ સમુદ્રી ટાર્ડિગ્રેડનું નામ ચંદ્રયાન-૩ પરથી રખાયું છે. આ ટાર્ડિગ્રેડની ત્રીજી પ્રજાતિ છે, જે ભારતીય જલક્ષેત્રમાંથી મળી છે.



ટાર્ડિગ્રેડ ખૂબ જ નાનું જાનવર છે. તેને વોટર બિયર એટલે કે પાણીનું રિછ પણ કહેવામાં આવે છે. દેખાવમાં તે ખૂબ જ નાના રિંછ જેવું લાગે છે. આ સૂક્ષ્મ જીવનું નામ બેટિલિપ્સ ચંદ્રયાણી રાખવામાં આવ્યું છે. દુનિયાભરમાં આ જીવની લગભગ ૧૩૦૦ પ્રજાતિઓ છે. ડિહાઈડ્રેશનથી બચાવ માટે આ જીવોના શરીરની આસપાસ પાણી જરૂરી છે. પાણી ન મળવા પર તેનું શરીર કામ નથી કરતુ પણ જેવું તે પાણીના સંપર્કમાં આવે છે તો તે બીજીવાર જીવતું થઈ જાય છે! આ જળચર જીવ હિમાલયના શિખરથી માંડીને સમુદ્રની ઉંડાઈમાં જોવા મળે છે.

# દુષ્કર્મ પીડિતાને ગર્ભપાતની મંજુરી ન આપવી તે તેના સન્માનથી જીવવાના હક પર તરાપઃ કોર્ટ

## દુષ્કર્મ પીડિતાના ગર્ભપાતના કેસમાં કેરળ હાઈકોર્ટની ટિપ્પણી

કોચ્ચિ તા.૭

હાલમાં જ કેરળ હાઈકોર્ટે જણાવ્યું હતું કે કોઈ દુષ્કર્મ પીડિતાને ગર્ભપાત કરાવવાની મંજુરી ન આપવી તે તેને સન્માન સાથે જીવવાના અધિકારથી વંચિત રાખવા જેવું છે.

આ સાથે જ કોર્ટે સખ્ત ટિપ્પણી કરી હતી કે કોઈ દુષ્કર્મીના બાળકને જન્મ આપવા માટે પીડિતાને મજબૂર ન કરી શકાય. ન્યાયમૂર્તિ કૌસર એડપ્પાગથે કહ્યું હતું કે મેડીકલ ટર્મિનેશન ઓફ પ્રેગ્નન્સી એકટ (એમટીપી એકટ)ની જોગવાઈ અનુસાર, પીડિતાને દુષ્કર્મીના બાળકનો જન્મ દેવા માટે મજબૂર ન કરી શકાય કે જેણે તેને આટલી મોટી યાતના આપી છે.

કોર્ટે જણાવ્યું હતું કે જો મહિલાને જબરદસ્તીથી બાળકનો જન્મ દેવા માટે મજબૂર કરવામાં આવે તો તેની સાથે ટ્રોમા થઈ શકે છે. ન્યાયમૂર્તિ એડપ્પાગથે પોતાના નિર્ણયમાં લખ્યું કે એમટીપી એકટની જોગવાઈ ૩(૨)માં જોગવાઈ છે કે જો ગર્ભ ચાલુ રાખવાથી ગર્ભવતી મહિલાના શરીર કે માનસિક સ્વાસ્થ્યને ગંભીર ક્ષતિ પહોંચે છે તો ગર્ભને સમાપ્ત કરવામાં આવી શકે છે.

## આજનું ચિંતન



### જગત માટે જીવન જ શિખામણ

**સંસારમાં દરેકમાં દોષ તો હોય જ. તેથી અન્યના દોષો ન જોવા. આપણા જોવા. આપણે અન્યને સુધારવા જન્મ લીધો નથી. પહેલા ખુદ સુધરવાનું છે. આપણે સુધરીશું તો જગત સુધરી જશે. અન્યને શિખામણ ન આપો. ઉપદેશ પણ નહીં જ આપો. તમે સ્વયં તમારી શિખામણનું પાલન કરો. જે શીખવે છે, પણ શીખતાં નથી, તે જગતને દગો દે છે. જીવનની સાચી કમાણી જ ગુણોનો સંગ્રહ છે. દરેક પ્રાણીમાં એકાદ સદગુણ તો છે જ, તે મેળવો. દરેક પળ વ્યસ્ત રહેવું પોતાને સુધારવામાં પછી તમારૂ જીવન જ જગત માટે શીખામણ હશે.**

## આવતીકાલનું પંચાંગ

વિક્રમ સંવત-૨૦૮૦ : વીર સંવત- ૨૫૫૦, શાલિવાહન સંવત-૧૯૪૫
ચૈત્ર વદ-૩૦ તા.૮/૫/૨૪, બુધવાર

સૂર્યોદય : ૬-૧૨, સૂર્યાસ્ત : ૭-૧૪, જૈન નવકારશી : ૭.૦૦
રાશિ : મેષ (અ.લ.ઈ.), ૧૯.૦૬થી વૃષભ (બ.વ.ઉ.)

**ગૌચરના ગ્રહો**
સૂર્ય-મેષ, મંગળ-મીન, રાહુ-મીન, કેતુ-કન્યા, બુધ-મીન, ગુરૂ-વૃષભ, હર્ષલ-મેષ, પ્લુટો-મકર, શુક્ર-મેષ, શનિ-કુંભ, નેપ્ચ્યુન-મીન, ચંદ્ર-મેષ

**શુભ ચોઘડીયા :** ચલ, શુભ, લાભ, અમૃત
**અશુભ ચોઘડીયા :** રોગ, કાળ, ઉદ્વેગ


## રાશીફળ

**મેષ :** મિત્રો સ્વજનો સાથે સુમેળ વધવાનો છે, શોર્ટકટથી દુર રહેજો, નવી યોજનામાં આગળ વધી શકાય.
**વૃષભ :** સંતાનો સાથે ગેરસમજોથી દુર રહેવાની સલાહ છે, મનના વિચારો બીજા સાથે શેર કરો.
**મિથુન :** સખત મહેનત કરવાની જરૂર છે, આધ્યાત્મિકતા તરફ ખેંચાણ વધવાનું છે, પ્રિયપાત્રની મુલાકાત થાય.
**કર્ક :** સ્વાર્થવૃતિ ટાળવાની સલાહ છે, વડીલો સાથે ધાર્મિક યાત્રા પ્રવાસ થાય, તનાવ ઘટવાનો છે.
**સિંહ :** કયાંક સંબંધો તુટવાની શકયતા હોય, વાણી વર્તન ઉપર કાબુ રાખજો, મુસાફરીથી લાભ.
**કન્યા :** લાગણીઓ પર કાબુ રાખવો, નોકરીયાતો સાથે ગેરસમજોથી દુર રહેવું ઉત્સાહ વધવાનો.
**તુલા :** વિચારોમાં સ્થિરતા રાખવાની જરૂર છે, મહત્વના નિર્ણયો લેવા પડે,વડીલો સાથે મુસાફરીનું આયોજન થાય.
**વૃશ્ચિક :** નોકરીમાં લાભ રહેશે, આંખને લગતી તકલીફોથી જાળવવું, ભાઈ બહેનો સાથે સુમેળ વધે, ધાર્મિક કાર્ય થાય.
**ધન :** નાણાકીય બાબતોમાં સતર્કતા રાખવી, ઉધારી ધંધો હીતાવહ નથી, નોકરી વ્યવસાયના પ્રશ્નોમાં સફળતા રહે.
**મકર :** ઉત્સાહ જાળવી રાખવો, કિંમતી ચીજ વસ્તુની ખરીદી પાછળ ખર્ચ રહે, કુટુંબના સભ્યો સાથે પ્રવાસ થાય.
**કુંભ :** જાહેરમાં માન સન્માન મેળવશો, પાર્ટનરશીપથી લાભ રહે, વિજાતીય સંબંધો ગાઢ બને નવી ઓળખાણ થાય.
**મીન :** જીવનસાથીની તબીયત બાબત બેદરકારી ટાળવી, ભાઈ-બહેનોને સહકાર દેવો નોકરીમાં બદલીના ચાન્સ રહે.

## મનોરંજન સાથે જ્ઞાન વિસ્તાર કરતી આઈક્યૂ ટેસ્ટ જેવી શબ્દ રમત







### આડી ચાવી

૧. જૈન તીર્થોમાં જમવાનું સ્થળ (૫)
૪. એકાક્ષરી શબ્દ ... હજુરી (૨)
૬. પાણી (૨)
૮. વર્ગ (૩)
૧૦. પરેશ રાવલના પત્ની (૬)
૧૨. નાઈટ (૨)
૧૩. જુના જમાનાનું હથિયાર (૩)
૧૪. ભૂતને ... મળી રહે (૩)
૧૫. દરિયા, સાગર, સમંદર (૩)
૧૬. મહિનો (૨)
૧૮. વાંદરા જેવા તોફાન (૫)
૧૯. સૈફ અલી ખાનની દીકરીનું નામ (૨)
૨૧. તૂટે તો સંધાય નહીં (૨)
૨૨. વરસાદના 'કડાકાભડાકા' (૪)
૨૩. એક મરાઠી અટક (૪)
૨૫. કોરોનામાં ચહેરા પર પહેરવો પડતો (૨)
૨૬. ભૂતપૂર્વ વડાપ્રધાન : ... લાલ નહેરૂ (૪)
૨૭. રકાબીનો સાથીદાર (૨)
૨૮. સખત (૪)
૨૯. નબળી સ્ત્રી (૩)

### ઉભી ચાવી

૧. ગોંડલનું એક પરૂ (૪)
૨. વોટર (૨)
૩. બાદશાહ ખાન કહેવાતો અભિનેતા (૬)
૫. સોનીમાં જોવા મળતી અટક (૨)
૭. શુભ 'અવસર' (૩)
૮. કાપડના ટુકડા (૪)
૯. નબળોનું વિરોધી (૩)
૧૧. વધેલો, પડી રહેલો માલ (૪)
૧૫. સ્તબ્ધ (૪)
૧૬. એક વિદેશી શહેર (૫)
૧૭. એક વત્તા એક (૧)
૧૯. અંગ્રેજી મહિલા મેગેઝીન (૨)
૨૦. એક જમાનાનું ગુજરાતનું સ્ટેટ (૫)
૨૧. આવતી... ગઈ... (૨)
૨૩. કાલી-ધોળી કૂકરી અને સ્ટ્રાઈકર (૩)
૨૪. ચાંદી (૩)
૨૫. માસ, મહિનો (૨)
૨૭. ફિલ્મ : ... કયું ઔર કહા ?

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ત | રૂ | ણ | કુ | મા | ર | ભા | દુ | રી | |
| લ | | | ક | | | | ભા | | ત |
| ગા | ફે | લ | | | આ | રૂ | ષિ | | રા |
| જ | | | અ | મા | પ | | ધા | રા | ના |
| ર | કા | સ | | મા | તો | શ્રી | | વ | |
| ડા | કુ | | શા | | ઐ | રા | વ | ત | |
| | | અં | ક | લ | સે | મ | | | સે |
| અ | વ | ઘ | | વ | ન | | ક | લો | લ |
| લા | | કા | કી | | થે | પ | લા | | |
| પ | ગા | ર | | શું | | | ઈ | જજ | ત |

સાંજના ગુજરાતી અખબારોમાં સૌથી વધુ નકલોનો ફેલાવો ધરાવતું...

# સાંજ સમાચાર

ચૈત્ર વદ- ૧૪ | પાના : ૧૬ | રૂા. ૪.૦૦ સ્થાપક : બાબુભાઈ શાહ તા. ૭-૫-૨૦૨૪ - મંગળવાર | રાજકોટ (સીટી)

વર્ષ : ૩૮ અંક : ૨૧૮ RNI Reg.No 46322/86. Reg.No Rajkot/266/2023 PST:RMS-RJT તંત્રી : પ્રદિપભાઈ નરોત્તમદાસ શાહ sanjsamachar@gmail.com | sanjsamachar.net | SANJ SAMACHAR - RAJKOT

**આજની ચૂંટણી ભાજપ માટે મહત્વની! ૯૨ માંથી ૮૧ બેઠકો ભાજપ-NDA પાસે છે** ૧૪


દિપકભાઈ - 98253 57124 મહેશભાઈ - 97257 45743
પ્લમ-કેક | વોલનટ-કેક
ફ્રુટ-બ્રાઉની | ફ્રુટ-કેક
નાની મોટી બધી સાઈઝ હાજરમાં મળશે
ધી બોમ્બે બેકરી
સદર બજાર મેઈન રોડ, રાજકોટ.
આકાશ - ૯૯૧૩૩ ૭૭૮૧૨



# ચૂંટણીમાં રાજકોટ ગ્રામ્ય પોલીસનો કડક બંદોબસ્તઃ એસપી સવારથી જ ફિલ્ડમાં

**વહેલી સવારે ૬.૦૦ વાગ્યામાં પોલીસ અધિકારીઓ – કર્મચારીઓ ફરજ પર લાગી ગયા હતા, જુદી જુદી ટીમો દ્વારા રાઉન્ડ ધ કલોક પેટ્રોલિંગ કરાયું**

**ગ્રામ્ય વિસ્તારોમાં મતદાન શાંતિપૂર્ણ રીતે થાય અને કાયદો વ્યવસ્થા જળવાઈ રહે, સંવેદનશીલ બુથો પર કોઈ અઘટિત ઘટના ન બને તે માટે એલસીબી, એસઓજી સહિતની ટીમો દ્વારા ખાસ નજર રખાઈ**



રાજકોટ, તા.૭

ચૂંટણીમાં રાજકોટ ગ્રામ્ય પોલીસનો કડક બંદોબસ્ત ગોઠવાયો હતો. સવારથી જ ખુદ જિલ્લા પોલીસ વડા નાયબ પોલીસ મહાનિરીક્ષક જયપાલસિંહ રાઠોડ ખુદ ફિલ્ડમાં રહ્યા હતા. સંવેદનશીલ બુથોની વિઝીટ કરી હતી. હાજર સ્ટાફને જરૂરી સૂચનાઓ આપી હતી. બુથ પર વ્યવસ્થિત અને શાંતિપૂર્ણ રીતે મતદાન થાય છે તેની ખરાઈ કરી હતી.

પોલીસ તંત્ર જણાવ્યા મુજબ, લોકસભા સામાન્ય ચૂંટણી–૨૦૨૪ અનુસંધાને રાજકોટ ગ્રામ્ય જિલ્લામાં મતદારો શાંતિપૂર્ણ માહોલમાં નિર્ભયતાથી મતદાન કરી શકે તે માટે જિલ્લાના સમગ્ર વિસ્તારમાં સી.એ.પી.એફ. કંપનીના જવાનો તથા પોલીસ કર્મચારીઓ દ્વારા વારંવાર સમયાંતરે ફ્લેગ માર્ચ અને એરીયા ડોમીનેશન કરવામાં આવેલ હતું. તેમજ જિલ્લાના શહેરી વિસ્તારોમાં ફુટ પેટ્રોલીંગ કરવામાં આવ્યું હતું. રાજકોટ ગ્રામ્ય જિલ્લામાં પોલીસના વિસ્તારમાં ૧– ડી.આઇ.જી.પી., ૦૧–એ.એસ.પી., ૪–ડી.વાય.એસ.પી., ૧૯ પીઆઈ, ૫૮ પીએસઆઇ, ૧૨૮૬ એએસઆઈ – હેડ કોન્સ્ટેબલ, એલઆરડી સહિતના પોલીસ કર્મચારીઓ, ૧૫૫૭–હોમગાર્ડ–જી.આર.ડી.ના જવાનો, ૭૫–એસ.આર.પી. તેમજ ૮–સી.એ.પી.એફ. કંપનીઓ બંદોબસ્તમાં કાર્યરત રહેનાર છે. અગાઉ રાજકોટ ગ્રામ્યના નાયબ પોલીસ મહાનિરીક્ષક તેમજ રાજકોટ જિલ્લાના નાયબ પોલીસ અધિક્ષ જયપાલસિંહ રાઠોડ તથા તમામ પોલીસ સ્ટેશન ઈન્ચાર્જઓ દ્વારા રાજકોટ ગ્રામ્ય જિલ્લાના સમગ્ર વિસ્તારના શહેર તથા ગામડાઓની મુલાકાત કરી મતદારોને ૧૦૦ ટકા મતદાન કરવા સમજ કરવામાં આવેલ છે. તેમજ કાયદો અને વ્યવસ્થાને પહોંચી વળવા માટે રાજકોટ ગ્રામ્ય જિલ્લા પોલીસ દ્વારા સક્ષમ અને પુરતો બંદોબસ્ત રાખવામાં આવેલ છે. તે બાબતે તમામ રહેવાસીઓને ખાતરી પણ આપવામાં આવેલ હતી. આમ આજે સવારથી રાજકોટ જિલ્લા ગ્રામ્ય વિસ્તારોમાં ૩૨૦૦ જેટલા જવાનો ખડેપગે રહ્યા હતા.

### ફરજ સાથે માનવતા મહેંકાવતી પોલીસ

રાજકોટઃ આજે લોકસભાની ચૂંટણીના અનુસંધાને રાજકોટ ગ્રામ્ય જિલ્લા પોલીસ દ્વારા એસપી નાયબ પોલીસ મહાનિરીક્ષક જયપાલસિંહ રાઠોડના માર્ગદર્શન હેઠળ બંદોબસ્ત ગોઠવવામાં આવ્યો છે. વહેલી સવારથી સ્ટાફ બુથ પર ગોઠવાઈ ગયો હતો. અહીં આવતા વૃદ્ધ લોકો માટે પોલીસ જવાનો ટેકો બન્યા હતા. વ્હિલચેર પર મતદારોને મત કુટિર સુધી પહોંચાડવા મદદ કરી હતી. કેટલાક મતદારોને તેડીને મતદાન કુટિર સુધી પહોંચાડ્યા હતા. સમગ્ર મતદાન પ્રક્રીયા પોલીસ જવાનોએ પ્રસંશનિય કામગીરી કરી હતી. ફરજ બજાવવા સાથે માનવતા પણ મહેકાવતી હતી.

### પડધરીમાં વહેલી સવારથી જ મતદારોમાં ઉત્સાહ, પોલીસે બંદોબસ્ત જાળવ્યો



રાજકોટઃ જિલ્લાના પડધરી ખાતે આજે વહેલી સવારે ૭ વાગ્યામાં જ મતદાન મથકો પર મતદારો ઉમટી પડ્યા હતા. મતદારોમાં ઉત્સાહ જોવા મળ્યો હતો. આ તરફ પડધરી પીએસઆઇ જી. જે. ઝાલા સહિતનો સ્ટાફ, અને અર્ધ લશ્કરી દળોએ બંદોબસ્ત જાળવ્યો હતો. વધુ મતદાન થાય તે માટે પડધરી સરપંચ ડો.વિજયભાઈ પરમાર, આગેવાનો કિશોરભાઈ ડોડીયા, માયાભાઈ, દીપેશ પરમાર વેગેરેએ પ્રયત્નો હાથ ધર્યા હતા.

## રાજકોટની ભાગોળે સમર વેવ રીસોર્ટના પાર્કિંગમાં ત્રણ એક્ટિવાની ડેકી તોડી છ મોબાઈલની ચોરી

**જશવંતપુર ગામની સીમમાં આવેલ રીસોર્ટમાં તસ્કરો ત્રાટકતા લોકોમાં ફફડાટઃ લોધિકા પોલીસે ગુનો નોંધી સીસીટીવી ફુટેજના આધારે તપાસ આદરી**






રાજકોટ, તા.૭

રાજકોટની ભાગોળે જશવંતપુર ગામની સીમમાં આવેલ સમર વેવ રીસોર્ટના પાર્કિંગમાં ત્રણ એક્ટિવાની ડેકી તોડી તસ્કરો છ મોબાઈલની ચોરી કરી નાસી છૂટતાં લોકોમાં ફફડાટ ફેલાયો હતો. બનાવ અંગે લોધિકા પોલીસ મથકમાં ફરીયાદ નોંધાઈ હતી.

બનાવ અંગે રાજકોટમાં નાણાવટી ચોક પાસે સ્ટર્લીંગ હોસ્પીટલની પાછળ, ધરમનગર ક્વાર્ટરમાં રહેતાં તેજસભાઇ પ્રફુલભાઈ પરમાર (ઉ.વ.૧૯) એ લોધિકા પોલીસ મથકમાં નોંધાવેલ ફરીયાદમાં જણાવ્યું હતું કે, તે મજુરી કામ કરે છે. ગઇ તા.૦૫ ના સવારના સાડા નવેક વાગ્યે તે તેની મિત્ર અને માસીની પુત્રી સાથે મિત્રનું બાઈક લઈ વિ.વિ.પી. એન્જીનીયરીંગ કોલેજની સામે જશવંતપુર ગામની સીમમાં આવેલ સમરવેવ રીસોર્ટમાં નાહવા માટે ગયેલ હતાં. સમર વેવ પાર્કીંગમાં બાઈક રાખી તેની ડેકીમાં ત્રણેયના મોબાઈલ રાખી બધા નાહવા માટે સમર રીસોર્ટમાં ગયેલ હતાં.

બાદમાં રીસોર્ટમાંથી સાડા પાંચેક વાગ્યે બહાર નીકળેલ તો બાઇકની ડેકી ખુલ્લી જોવામાં આવેલ અને તેમાંથી ત્રણેયનો મોબાઇલ જોવામાં આવેલ નહી જેમાં રૂ.૩૭ હજારના ત્રણ મોબાઈલ હતાં તે ગુમ હતાં. તેમજ ત્યાં પાર્કીંગમાં અન્ય લોકો પણ તેમની પાસે આવેલ જેમની ડેકી પણ ખુલેલ હોય અને મોબાઇલ ચોરાયેલ હતાં. અન્ય બે એક્ટિવાની પણ ડેકી ખુલી તેમાં રાખેલ રૂ.૩૦ હજારના ત્રણ મોબાઈલ પણ ગુમ હતાં. જેથી સમરવેવ રિસોર્ટના પાર્કિંગમાં અજાણ્યાં તસ્કરોએ ત્રાટકી ત્રણ એક્ટિવાની ડેકી ખોલી કુલ રૂ.૬૭ હજારના છ મોબાઈલનક ચોરી કરી નાસી છૂટતાં ફરીયાદ નોંધાવી હતી.

બનાવ અંગેની ફરીયાદ પરથી લોધિકા પોલીસે ગુનો નોંધી સીસીટીવી ફુટેજના આધારે તસ્કરોની શોધખોળ હાથ ધરી હતી.

## રાજકોટની આર.કે. યુનિવર્સીટીમાં અફઘાનિસ્તાનના વિદ્યાર્થીનો આપઘાત

**ત્રાણ વર્ષથી યુનિવર્સિટીમાં બી.ટેક.નો અભ્યાસ કરતો ૨૪ વર્ષીય અબ્દુલ કહરનો પરીવાર રેફ્યુજી તરીકે અમેરીકામાં રહેતા હોય જેમને બે વર્ષથી મળી ન શકતા ચિંતામાં ગળાફાંસો ખાઈ અંતિમ પગલું ભરી લીધુંઃ આજીડેમ પોલીસ દોડી ગઈઃ યુનિવર્સીટીના મેનેજમેન્ટે પરીવાર સાથે સંપર્ક સાધવા તજવીજ હાથ ધરી**



રાજકોટ તા.૭

રાજકોટની ભાગોળે ભાવનગર હાઈવે પર આવેલ આર.કે. યુનિવર્સીટીના એન્જીનીયરીંગનો અભ્યાસ કરતો અફઘાનિસ્તાનના ૨૪ વર્ષીય વિદ્યાર્થીએ ગળાફાંસો ખાઈ આપઘાત કરી લેતા અરેરાટી વ્યાપી ગઈ હતી. બનાવની જાણ થતા યુનિવર્સીટીના સતાધીશો અને આજીડેમ પોલીસ દોડી આવી હતી.

પ્રાપ્ત વિગત મુજબ રાજકોટ નજીક ભાવનગર હાઈવે પર આવેલ આર.કે. યુનિ.માં સીવીલ એન્જીનીયરીંગનો અભ્યાસ કરતા અફઘાનીસ્થાનના વતની અબ્દુલ કહર (ઉ.૨૪) યુનિ.ની હોસ્ટેલમાં જ રહે છે અને ગઈકાલે સાંજે ૬ વાગ્યે હોસ્ટેલના રૂમમાં પંખાના હુકમાં દોરડું બાંધી ગળાફાંસો ખાઈ આપઘાત કરી લીધો હતો. બાજુના રૂમમાં રહેતા તેમના મીત્રએ રૂમનો દરવાજો ખોલતા અબ્દુલ કહર લટકતો જોવા મળ્યો હતો. અન્ય છાત્રોએ યુનિ. મેનેજમેન્ટને જાણ કરતા મેનેજમેન્ટે અને સ્ટાફ દોડી આવ્યો હતો અને ૧૦૮ને જાણ કરતા ૧૦૮ના તબીબે યુવકને તપાસી મૃત જાહેર કર્યો હતો. બનાવ અંગે આજીડેમ પોલીસને જાણ થતા સ્ટાફ ઘટના સ્થળે દોડી આવ્યો હતો અને જરૂરી કાર્યવાહી કરી મૃતદેહને પીએમમાં ખસેડયો હતો.

વધુમાં બનાવ અંગે યુનિ.ના મેનેજમેન્ટ સુત્રોએ જણાવ્યું હતું કે મૃતક યુવક મુળ અફઘાનિસ્તાનનો વતની છે અને તે ત્રાણ વર્ષ પહેલા બી.ટેક.નો અભ્યાસ કરવા આવેલ હતો. તેમનો પરીવાર અફઘાનિસ્તાન રહેતો હોય જ્યાં યુધ્ધ જેવો માહોલ ઉભો થતા તેનો પરીવાર રેફ્યુજી તરીકે અમેરીકા રહેવા ચાલ્યો ગયો છે. બે વર્ષ પહેલા મૃતક રાજકોટથી અફઘાનીસ્થાન જવા નીકળ્યો ત્યારે તે દિલ્હીથી પરત ફર્યો હતો અને પરીવારને બે વર્ષથી મળી ન શકતા તે વ્યથિત રહેતો હતો. બનાવ અંગે યુનિવર્સિટીના મેનેજમેન્ટ દ્વારા તેમના પરીવારને જાણ કરવા તજવીજ હાથ ધરવામાં આવી છે.

### જેતપુરના રેશમડીગાલોલનો બનાવ

## મતદાન શેમાં કરવાનું છે ? કહીં ભાજપ આગેવાન પર ત્રણ શખ્સનો છરીથી હુમલો



**ગઈરાતે રમેશભાઈ મકવાણા કાર લઈ ઘરે જતાં હતાં ત્યારે ગામના જ પ્રતાપ લુહાર સહિતના શખ્સોએ આંતરી મારમાર્યોઃ ઈજાગ્રસ્તને સારવારમાં ખસેડાયોઃ જેતપુર પોલીસે ગુનો નોંધી તપાસ હાથ ધરી**

રાજકોટ, તા.૭

લોકસભા ચૂંટણીના મતદાનની પૂર્વ રાત્રીએ રાજકરણ ગરમાયું હતું. જેતપુરના રેશમડીગાલોલમાં મતદાન શેમાં કરવાનું છે ? કહીં ભાજપ આગેવાન પર ત્રણ શખ્સોએ છરીથી હુમલો કરતાં ગંભીર રીતે ઘવાયેલા ઇજાગ્રસ્તને સારવારમાં ખસેડાયા હતાં. બનાવ અંગે જેતપુર પોલીસે ગુનો નોંધી તપાસ હાથ ધરી હતી.

બનાવ અંગે જેતપુરના રેશમડીગાલોલમાં રહેતાં રમેશભાઇ ભીખાભાઈ મકવાણા (ઉ.વ.૪૦) એ નોંધાવેલ ફરીયાદમાં આરોપી તરીકે પ્રતાપ જગુ લુહાર, સુજલ રમેશ વેગડા અને અજાણ્યાં શખ્સો (રહે. તમામ રેશમડીગાલોલ, જેતપુર) નું નામ આપી જણાવ્યું હતું કે, તેઓ મજુરીકામ કરે છે. કરી ગઈકાલે સાંજના આઠેક વાગ્યે ગામમા જુના વાસમા મજુરો ઉતારીને ઘરે જતો હતો ત્યારે ગામના સ્મશાન પાસે પહોંચતા પ્રતાપ લુહાર, સુજલ વેગડા અને તેની સાથે એક અજાણ્યો શખ્સ ઉભા હતા ત્યારે ત્યાંથી નીકળતા તેમનો ઉભો રાખી કહેલ કે, આ વખતે ચુટણીમાં મતદાન શેમાં કરવાનુ છે, તે બાબતે ચર્ચા કરતા તેને કહેલ કે, મારી ઇચ્છા મુજબ મતદાન કરવાનો હોય અને કોઈને જણાવવાનું ન હોય તેવુ કેહતા ત્રણેય શખ્સો ઉશ્કેરાય જઇ પ્રતાપે તેની પાસે રહેલ પાઇપથી હુમલો કર્યો હતો.

તેમજ સુજલ પણ પાઇપ મારવા જતા તેઓ ખસી જતા તેમના ગાડીના દરવાજા પાસે મારેલ અને અજાણ્યા શખ્સે હાથના ખંભાના ભાગે છરીનો એક ઘા મારી દીધેલ હતો. બાદમાં તેઓ ઘરે દોડી જઈ સારવાર માટે જેતપુર સિવિલ હોસ્પિટલમાં ખસેડાયા હતા. બનાવ અંગેની ફરીયાદ પરથી જેતપુર તાલુકા પોલીસે આઇપીસી કલમ ૩૨૪ ,૧૧૪ હેઠળ ગુનો નોંધી આરોપીની શોધખોળ હાથ ધરી હતી.

### વાંકાનેરના યુવકે ઝેરી દવા ગટગટાવી, સારવારમાં

રાજકોટ તા.૭

વાંકાનેરના યુવકે ઝેરી દવા પી આપઘાતનો પ્રયાસ કરતા તેઓનાં પરિવારમાં ચિંતાની લાગણી પ્રસરી છે. બનાવની વિગત મુજબ જયદીપ રતિલાલ વાજા (ઉ.વ.૩૨ રહે. રામચોક, ફૂલવાડી શેરી, વાંકાનેર) નામનો યુવક ગત રોજ રાત્રિના પોતાનાં ઘરે હતો ત્યારે ઝેરી દવા પી લીધી હતી. બાદ યુવકને સારવાર અર્થે વાંકાનેરની રાજવીર હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો હતો. બાદ વધુ સારવાર માટે રાજકોટ સિવિલ હોસ્પિટલમાં રીફર કરવામાં આવ્યો હતો. જ્યાં યુવકની સારવાર શરૂ છે. તેઓને સંતાનમાં એક દિકરી હોવાનું પરિવારજનોએ જણાવ્યું હતું.



### લોકશાહીના મહાપર્વમાં તમામ વર્ગો સહભાગી થયા, થર્ડ જેન્ડરના મતદારોએ પણ ઉત્સાહથી કર્યું મતદાન

લોકસભા સામાન્ય ચૂંટણી–૨૦૨૪ અંતર્ગત આજે ત્રીજા તબક્કાના મતદાન અંતર્ગત સુરેન્દ્રનગર જિલ્લામાં મતદાનની પ્રક્રિયા પુર જોશમાં ચાલી રહી છે. તમામ વર્ગનાં મતદારો ઉત્સાહપૂર્વક મતદાન કરવા આવી રહ્યું છે. થર્ડ જેન્ડર મતદાતા મહેમુદભાઈ ભટી(આરતી માસી) શ્રી એમ.પી.શાહ કોમર્સ કોલેજ ખાતે મતદાન કરી લોકશાહીના પર્વમાં સહભાગી બન્યા હતાં.

મતદાનની પવિત્ર ફરજ અદા કરતા આરતી માસીએ ઉત્સાહભેર જણાવ્યું કે, મેં મતદાન કર્યું છે અને મારી ફરજ પૂર્ણ કરી છે. દરેક લોકોએ પોતાના બધા જ કામો પડતાં મૂકીને મતદાન કરવું જોઈએ. આપણા પ્રશ્નોની રજુઆત કરવા આપણા નેતા પસંદ કરવા આપણે મતદાન કરવું જ જોઈએ. માસીનો આ ઉત્સાહ જિલ્લાના બીજા મતદાતાઓ માટે પ્રેરણારુપ બન્યો હતો.

અત્રે ઉલ્લેખનીય છે કે, ૦૯–સુરેન્દ્રનગર સંસદીય મત વિસ્તારમાં કુલ ૩૨ અન્ય મતદારો નોંધાયા છે. જેમાં ૩૯–વિરમગામ વિધાનસભામાં ૬, ૫૯–ધંધુકા વિધાનસભામાં ૨, ૬૦–દસાડા વિધાનસભામાં ૧, ૬૧–લિંબડી વિધાનસભામાં ૪, ૬૨–વઢવાણ વિધાનસભામાં ૬, ૬૩–ચોટીલા વિધાનસભામાં ૯, ૬૪– ધ્રાંગધ્રા વિધાનસભામાં ૪ એમ મળી કુલ ૩૨ મતદારો છે.

### અવસાન નોંધ

**દામનગરઃ** દાઉદી વ્હોરા અબ્બાસઅલીભાઈ શરફઅલીભાઈ ભારમલ (ઉ.૭૪, બેકરીવાળા) તે રશીદાબેનના પતિ, શબ્બીરભાઈ, સાદીકભાઈ, સજ્જાદભાઈ, કુતુબભાઈ, મ. રૂબાબબેન, મ.મુમતાઝબેનના ભાઈ, હોજેફાભાઈ, ઉમ્મેઆઈમનબેન, ઈન્સિયાબેનના પિતા મિકાઈલભાઈ (રાજકોટ)ના સસરા, રજબભાઈ, મ.હુસૈનભાઈના બનેવી તા.૬ને સોમવારના રોજ વફાત પામેલ છે. સદ્‌ગતની જીયારતના સિપારા તા.૮ને બુધવારના રોજ સવારે ૧૧–૩૦ કલાકે દામનગર દાઉદી વ્હોરા મસ્જિદ ખાતે રાખવામાં આવેલ છે.

**અમરેલી :** કનુભાઈ પરશુરામભાઈ વ્યાસના ધર્મપત્નિ ઉષાબેન (ઉ.વ. ૭૦) તે હર્ષદભાઈ, પ્રવિણભાઈ, અતુલભાઈ અને વિનુભાઈના ભાભી તથા રાજેશભાઈ અને રવિભાઈના માતાનું તા. ૬ને સોમવારે અવસાન થયું છે. સ્થાનિક અને પિયર પક્ષનું બેસણું તા. ૧૦ને શુક્રવારે સાંજે ૪ થી ૬ સહજ હોલ, ચકકરગઢ રોડ, અમરેલી ખાતે રાખેલ છે. લૌકિક અને ઉત્તરક્રિયા તા. ૧૬/૫ને ગુરૂવારે સહજ હોલ અમરેલી ખાતે રાખેલ છે.

**વાંકાનેરઃ** વાંકાનેર નિવાસી સ્વ.ચંદ્રકાન્ત દેવશંકર આચાર્યના ધર્મપત્ની હર્ષાબેન ચંદ્રકાન્ત આચાર્યનું (ઉ.વ.૭૯) તે આતિશભાઈ તથા સેજલકુમારના માતૃશ્રીનું તારીખ ૬ સોમવારના રોજ અવસાન થયેલ છે. તેનું બેસણું તા.૮ના બુધવાર સાંજે ૪.૩૦ થી ૬.૦૦ ઔદિચ્ય બ્રાહ્મણ જ્ઞાતિની વાડી, રામચોક વાંકાનેર મુકામે રાખેલ છે. લૌકિક વ્યવહાર બંધ છે.


ત્રીજી વાર્ષિક પુણ્યતિથિએ...
તમારૂ સ્મરણ
એ જ અમારી પ્રાર્થના



સ્વ. દેવેન્દ્રસિંહ કિશોરસિંહ પરમાર
(કારડીયા રાજપૂત) સ્વ. તા. ૭-૫-૨૦૨૧

હે પ્રભુ !
સંગ જેનો ખૂબ ગમતો હતો
એ આજે તસ્વીર બની ગયા !!!

મુકેશભાઇ ચંદ્રસિંહ સોલંકી | જીતેન્દ્રભાઇ ચંદ્રસિંહ સોલંકી
વિરલ મુકેશભાઇ સોલંકી | રવિન્દ્ર મુકેશભાઇ સોલંકી
મોહિત મુકેશભાઇ સોલંકી | મીહિર જીતેન્દ્રભાઇ સોલંકી
ખુશી જીતેન્દ્રભાઇ સોલંકી
Sale



બીજી પૂણ્યતિથીએ શ્રધ્ધાંજલિ



આપનું વાત્સલ્ય એ જ અમારી ખુશી,
આપનો સંસ્કાર વારસો એ જ અમારી મૂડી,
આપનાં સત્કાર્યો એ જ અમારો આદર્શ,
આપના શુભાશિષ એ જ અમારી શકિત,
આપના જીવનનાં આદર્શો, ધર્મમય
ભાવના અને જીવન જીવવાની પ્રણાલી,
અમોને સદા પ્રેરણા આપતી રહેશે.

સ્વ. નિરંજનાબેન રસિકલાલ મહેતા
સ્વ. તા.૭ –૫–૨૦૨૨

લી. • નિરમ રસિકલાલ મહેતા
• મનીર રસિકલાલ મહેતા
તથા મહેતા પરિવાર
Sale



ભાવભરી શ્રદ્ધાંજલી



માટીનાં માનવમાંથી પરમેશ્વરનાં અંશ થયા તમે, હેત અને વ્હાલનાં માનસરોવરને મૃગજળ બનાવી ગયા તમે, તમે હતા તો ખરેખર ઘર હતું, વિતાવી છે જે ક્ષણો ખુશીથી આપણે, તેને યાદગાર સ્મૃતિ બનાવી જતા રહ્યા તમે, સહેહે નથી એ હવે સત્ય છે, પણ સાથે છો અને સદા રહેશો, એ વિશ્વાસ છે. પ્રભુ આપના દિવ્ય આત્માને શાંતિ આપે એજ પ્રાર્થના...

સ્વ.જાનુબેન ઠાકરશીભાઇ મેઘાણી
સ્વ.તા.૦૬-૦૫-૨૦૨૪ (ઉ.૧૦૨)

લી.સ્વ.જમનાબેન પરસોતમભાઇ કાછડીયા
શ્રી સમજુબેન પરસોતમભાઇ લુણાગરીયા
શ્રી લીલાબેન કિશોરભાઇ લુણાગરીયા
શ્રી કોમલબેન યતિનભાઇ વડાલીયા
શ્રી રવિનાબેન ભમિતભાઇ સાકરીયા
કુમારી આરવી રવિભાઇ મેઘાણી
તથા મેઘાણી પરિવારના જયશ્રી કૃષ્ણ


## દ્વારકાથી દર્શન કરી પરત ફરી રહેલાં રાજકોટના પરિવારને અકસ્માત નડ્યોઃ ત્રણ વર્ષના પુત્રનું મોત

**સોખડા ચોકડી નજીક વછરાજ હોટલ પાસે ટાયર ફાટતાં કાર ડિવાઈડર સાથે અથડાઈઃ કારમાં સવાર નવાગામમાં રહેતાં વલ્લભભાઈ અને તેના પરિવારને ગંભીર ઈજા પહોંચી**

**ઈજાગ્રસ્તોને સારવારમાં ખસેડાતાં ગંભીર રીતે ઘવાયેલા ત્રણ વર્ષના માસુમ બાળકે દમ તોડ્યોઃ પરિવારમાં અરેરાટીઃ કુવાડવા રોડ પોલીસ દોડી ગઈ**



સોખડા ચોકડી નજીક રાજકોટના પરિવારને અકસ્માત નડતાં મોતને ભેટનાર ત્રણ વર્ષના વંશનો નિષ્પ્રાણ દેહ અને ફાઇલ ફોટોમાં જોઈ શકાય છે.

રાજકોટ, તા.૭

દ્વારકાથી દર્શન કરી પરત ફરી રહેલાં રાજકોટના પરિવારને સોખડા ચોકડી નજીક વછરાજ હોટલ પાસે અકસ્માત નડ્યો હતો. કારનું ટાયર ફાટતાં કાર પરનો ચાલકે કાબુ ગુમાવતાં કાર ડિવાઈડર સાથે ધડાકાભેર અથડાઈ હતી. જેમાં સવાર ત્રણ વર્ષના બાળક સહિત પાંચ લોકોને ઇજા પહોંચતા સારવારમાં સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતાં. જ્યાં ટૂંકી સારવારમાં માસૂમ બાળકે દમ તોડતાં પરિવારમાં આક્રંદ ફેલાયો હતો. જ્યારે અન્ય ઇજાગ્રસ્તોને વધું સારવાર અર્થે ખાનગી હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતાં. બનાવની જાણ થતાં કુવાડવા રોડ પોલીસ દોડી આવી હતી.

પ્રાપ્ત વિગત મુજબ, નવગામના દિવેલીયાપરામાં રહેતાં વલ્લભભાઈ વિનુભાઈ શેખ ગયાં શનિવારે તેમના પત્ની કાજલબેન, પુત્ર નૈતિક, વંશ (ઉ.વ.૩) તેમજ તેમના બનેવી સંજયભાઈ રવજીભાઈ મેટાળીયા, ભાણેજ જયંત અને વેદ સાથે કારમાં સવાર થઈ દ્વારકા દર્શન કરવાં માટે ગયેલ હતાં. બાદમાં ત્યાંથી કારમાં સાતેય લોકો સવાર થઈ ગઈકાલે સાંજે પાંચ વાગ્યાની આસપાસ નવાગામ આવવા નીકળ્યાં હતાં. તેઓ રાતના ૧૨ વાગ્યાની આસપાસ કાર સોખડા ચોકડી પાસે વછરાજ હોટલ નજીક પહોંચતા કારનું ટાયર ફાટ્યું હતું. જેથી કારચાલકે કાર પરનો કાબૂ ગુમાવતાં કાર ધડાકાભેર ડિવાઈડર સાથે અથડાઈ હતી. જેમાં સવાર વલ્લભભાઈ, કાજબેન, નૈતિક, વંશ અને જયંતને ગંભીર ઈજા પહોંચતા ૧૦૮ મારફતે સારવારમાં અત્રેની સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતાં.

જ્યાં ગંભીર રીતે ઘવાયેલા ત્રણ વર્ષના માસૂમ બાળક વંશનું ટૂંકી સારવારમાં મોત નીપજ્યું હતું. બનાવ અંગે સિવિલ ચોકીના સ્ટાફે કુવાડવા રોડ પોલીસને જાણ કરતાં સ્ટાફ દોડી આવ્યો હતો અને જરૂરી કાર્યવાહી હાથ ધરી હતી. જ્યારે અન્ય ઇજાગ્રસ્તોને વધું સારવાર અર્થે ખાનગી હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતાં.

વધુમાં મૃતક વંશના દાદા રવજીભાઈએ બનાવ અંગે જણાવ્યું હતું કે, તેમનો પુત્ર વલ્લભભાઇ નોકરી કરે છે અને ગયાં શનિવારે તે તેમના પરીવાર અને જમાઈ તેમજ બે ભાણેજ સાથે દ્વારકા ફરવા માટે ગયાં હતાં. જ્યાંથી પરત ફરતી વખતે દુર્ઘટના ઘટી હતી. ત્રણ વર્ષના પુત્ર વંશના મોતથી પરિવારમાં કાળો કલ્પાંત છવાયો હતો.

સાંજ પબ્લિકેશન્સ વતી તંત્રી, મુદ્રક, પ્રકાશક, અને માલીક : પ્રદિપભાઈ નરોત્તમદાસ શાહ ; મુદ્રણ સ્થાનઃ સાંજ મીડીયા, સાંજ સમાચાર હાઉસ, કસ્તુરબા રોડ, રાજકોટ, ફોનઃ ન્યુઝ રૂમઃ ૨૪૭૩૯૧૧/ ૧૨, જાહેરખબરઃ ૨૪૭૩૯૧૫/૧૬, સર્ક્યુલેશનઃ ૨૪૭૩૯૧૮, ફેક્સઃ ૦૨૮૧–૨૪૭૩૯૨૫ sanjsamachar@gmail.com

# ૧૭ અંધ બહેનોનું ઉત્સાહપૂર્વક મતદાન

## વી.ડી.પારેખ અંધવિકાસ ગૃહની બહેનોએ વહેલી સવારે માઁ શારદા વિદ્યાલયમાં મતદાન કર્યુઃ ચૂંટણીપંચ દ્વારા બ્રેઈલ લીપીની વ્યવસ્થા કરાઈ હતી







**(તસ્વીરઃ દેવેન અમરેલીયા દ્વારા)** રાજકોટ,તા.૭

આજે લોકશાહીનો મહાપર્વ ઉજવાય રહ્યો છે. વહેલી સવારથી લોકો મતદાન માટે મતદાન બુથ પર ઉમટી પડયા છે વહેલી સવારે જ નોંધપાત્ર મતદાન થયું હતું.ત્યારે દરેક નાગરીક પોતાની નૈતિક ફરજ નિભાવવા મતદાન કરી રહ્યા છે. આજે વીડી પારેખ અંધ વિકાસ ગૃહના ૧૭ બહેનોએ પણ મતદાન અધિકારનો ઉપયોગ કર્યો હતો.૧૭ બહેનો એ આજે સવારે ૧૦.૩૦ કલાકે શ્રમજીવી સોસાયટીની માઁ શારદા વિદ્યાલયમાં મતદાન કરવા પહોચ્યા હતાં.૧૭ અંધ બહેનો એ પોતાની ફરજ બજાવી મતદાન કર્યું હતું.ગાડીના માધ્યમથી તેઓ મતદાન માટે પહોચ્યા હતાં. ચૂંટણી પંચ દ્વારા ખુબ સહકાર અપાયો હતો.આ તમામ અંધ મહિલા મતદારોની વય ૫૦ થી ૮૦ વર્ષની છે.તેઓ લાંબા સમયથી વી.ડી. પારેખ અંધ વિકાસ ગૃહ સાથે જોડાયેલા છે આ વિકાસ ગૃહના અંધ શિક્ષિકા જણાવે છે કે મને મતદાન કરી ખુબ ખુશી થઈ છે. સામાન્ય વ્યકિતની જેમ અમને મળેલ અધિકારીનો ઉપયોગ કર્યો હતો.અને આ ઉત્સવમાં જોડાયા હતા.અમારા માટે અલગ વ્યવસ્થા કરવામાં આવી હતી. જેમાં પહેલા બ્રેઈલ લાપની વ્યવસ્થા કરવામાં આવી હતી. જેના દ્વારા ઉમેદવારના બટનની ઓળખ થઈ અને ત્યાર બાદ ઈચ્છીત ઉમેદવારને મતદાન આપવામાં આવ્યું અમારા ગૃહની તમામ બહેનોએ મતદાન કરી આમહાપર્વમાં સહભાગી થયા હતાં.

# જીવનસંગીની સજોડે મતદાન કરતા સીપી રાજુ ભાર્ગવ અને એસપી જયપાલસિંહ




રાજકોટઃ આજે સવારથી જ રાજકોટમાં બમ્પર મતદાન થઈ રહ્યું છે. ત્યારે પોલીસ કમિશનર રાજુ ભાર્ગવ પોતાના પત્ની સાથે મતદાન કરવા પહોંચ્યા હતા અને ત્યારબાદ રાજકોટ જિલ્લા એસપી નાયબ પોલીસ મહાનિરીક્ષક જયપાલસિંહ રાઠોડએ પણ તેમના પત્ની સાથે મતદાન કર્યું હતું. મતદાન બાદ કમિશનર તથા એસપીના ધર્મપત્નીએ સેલ્ફી પોઈન્ટ પર ઈન્કડ ફિંગર દર્શાવી અન્ય નાગરિકોને પણ મતદાન કરવા પ્રેરણા આપી હતી.

## જોહર કાર્ડવાળા યુસુફઅલીભાઈએ ત્રણ પેઢી સાથે મતદાન કર્યુ



દાઉદી વ્હેરા સમાજના અગ્રણી જોહર કાર્ડ વાળા યુસુફઅલીભાઈએ આજે ત્રણ પેઢી સાથે મતદાન કર્યુ હતું. જોહર કાર્ડ વાળા યુસુફભાઈ તથા તેમના પુત્રો જોહરભાઈ, હસનૈનભાઈ તેમજ પૌત્ર ઈબ્રાહિમ તથા પરિવારના સભ્યો સાથે મતદાન કરી લોકશાહીની નૈતિક, પવિત્ર ફરજ પૂરી કરી હતી અને દરેકને મતદાન કરવા અપીલ કરેલ હતી.



## સહકાર ભારતી પરિવારના સંઘાણી દંપતીને મતદાન કર્યુ

સહકાર ભારતી પરિવારના જયેશભાઈ સંઘાણી તથા તુશિબેન સંઘાણીએ આજે મતદાન કરીને લોકશાહી પર્વની ઉજવણી કરી હતી.

## રાજકોટ ગુરુકુળના વડાએ મતદાન કર્યું



રાજકોટ,તા.૭

સ્વામિનારાયણ સંપ્રદાયના વરિષ્ઠ સંત તથા રાજકોટ ગુરુકુળના વડા સદ્‌ગુરૂ દેવકૃષ્ણ સ્વામીએ મતદાન કરીને રાષ્ટ્રીય ભકિતનો સંદેશ પાઠવ્યો તસ્વીરમાં રાજકોટ ગુરુકુળના પૂ.દેવકૃષ્ણદાસજી સ્વામીની સાથે ભાજપના આગેવાન તથા સત્સંગ પ્રવિણ કાનાબાર નજરે પડે છે.



## વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ મતદાન કેન્દ્રમાં કોંગ્રેસના ઉમેદવારોના ચૂંટણી એજન્ટ સાથે ૧૧ સેકન્ડ કરી વાત

અમદાવાદ,તા.૭

વડાપ્રધાન નરેન્દ્ર મોદી અમદાવાદના રાણીપમાં આવેલી અંબિકા ચાર રસ્તા પાસેની નિશાન વિદ્યાલયમાં મતદાન કર્યું. મતદાન મથક પર વડાપ્રધાન મોદીને જોવા મોટી સંખ્યામાં લોકો ઉમટી પડયા હતા. ત્યાં પીએમ મોદીએ મતદાન કેન્દ્રમાં કોંગ્રેસના ઉમેદવારના ચૂંટણી એજન્ટ સાથે વાત કરી છે.વડાપ્રધાન નરેન્દ્ર મોદી વહેલી સવારે જ મતદાન મથકે પહોંચી ગયા હતા. મતદાન મથક પર વડાપ્રધાન મોદીને જોવા મોટી સંખ્યામાં લોકો ઉમટી પડયા હતા.જ્યા પીએમ મોદીએ મતદાન કેન્દ્રમાં કોંગ્રેસના ઉમેદવારના ચૂંટણી એજન્ટ સાથે વાત કરી છે. પીએમ મોદીએ ૧૧ સેકેન્ડ માટે મતદાન કેન્દ્રમાં કોંગ્રેસના ઉમેદવારના ચૂંટણી એજન્ટ સાથે વાત કરી છે.

## મતદાન મથકે પહોંચેલ વડાપ્રધાન મોદીને વૃદ્ધાએ કાંડે રક્ષા સૂત્ર બાંધ્યું



અમદાવાદ,તા.૭

આજે લોકસભા ચૂંટણીના ત્રીજા તબકકાનું મતદાન યોજાઈ રહ્યું છે. આ દરમ્યાન વડાપ્રધાન નરેન્દ્ર મોદીનું ગુજરાતમાં વોટિંગ હોવાથી અમદાવાદના રાણીપ વિસ્તારમાં આવેલી નિશાન સ્કૂલ ખાતે મતદાન કર્યું હતું.આ દરમ્યાન વડાપ્રધાન નરેન્દ્ર મોદીમાં અનેરો ઉત્સાહ જોવા મળ્યો હતો. રાણીપ ખાતેના મતદાન મથક પર નરેન્દ્ર મોદી પહોંચે તે પહેલા જ મોટી સંખ્યામાં લોકો હાજર રહ્યા હતાં. આ ભીડમાં નાનાથી લઈને વૃદ્ધાઓ સુધી દરેકમાં વડાપ્રધાન નરેન્દ્ર મોદીને મળવા માટે ઉત્સાહ જોવા મળ્યો હતો.મતદાન કરી બહાર આવી નરેન્દ્ર મોદીએ દરેક લોકોએ અભિવાદન પાઠવ્યા હતા.આ દરમ્યાન ભીડમાં હાજર વૃદ્ધ મહિલાએ વડાપ્રધાન નરેન્દ્રમોદીને હાથમાં રક્ષાસૂત્ર બાંધીને ઉવરણા લીધા હતા.ત્યારે વડાપ્રધાનએ વૃદ્ધાને પ્રમાણે કર્યા હતાં.આ સાથે ભીડમાં ઉપસ્થિત દરેક લોકોને આવી કાળઝાળ ગરમીમાં સ્વાસ્થ્યનું ધ્યાન રાખવા જણાવ્યું હતું.

## વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ મોટાભાઈ સોમાભાઈ મોદીના આશિર્વાદ લઈ બંનેએ સાથે મતદાન કર્યું




અમદાવાદ,તા.૭

વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીએ આજે સવારે ૭.૪૫ કલાકે અમદાવાદ રાણીપની નિશાન સ્કૂલમાં મતદાન કર્યું હતું.કડક સુરક્ષા હેઠળ પીએમ અને ગૃહમંત્રી અમિતશાહ મતદાન મથકે પહોંચ્યા હતાં.વડાપ્રધાન નરેન્દ્ર મોદીના માતાના અવસાન બાદની આ પ્રથમ ચૂંટણી છે. દરેક ચૂંટણી સમયે મતદાન કરતા પહેલા વડાપ્રધાન માતાના આશિર્વાદ મેળવતા હતા.પરંતુ આ વર્ષે માતાનું અવસાન થતા તેમણે તેના મોટા ભાઈ સોમાભાઈ મોદીના આશીર્વાદ મેળવ્યા હતાં. નરેન્દ્ર મોદીએ સોમાભાઈ મોદીના આશીર્વાદ મેળવી તેમને ભેટી પડયા હતાં. ત્યારબાદ સાથે મતદાન કર્યું હતું. સોમાભાઈ મતદાન બુથ પર વડાપ્રધાન નરેન્દ્રમોદીની રાહ જોઈ રહ્યા હતાં. વડાપ્રધાને મોટાભાઈને જોતા જ તેમને ભેટી પડયા હતાં. અને બંન્ને સાથે મતદાન કર્યું હતું.

### મોબાઈલ પર પ્રતિબંધ છતાં કેટલાંક વીડિયો વાયરલ

# ‘ક્ષત્રિય છુ, રાષ્ટ્રપ્રેમ જ મારો ધર્મ’-EVM પર ચિઠ્ઠી મુકીને ભાજપને ‘વોટ’ આપતો વીડીયો વાયરલ

### રાજકોટમાં ચોંકાવનારો કિસ્સોઃ ગીર સોમનાથમાં પણ ભાજપ નેતાએ ‘રીલ’ બનાવતા અટકાયતઃ સુરેન્દ્રનગરમાં પણ ઘટના



રાજકોટ, તા.૭

લોકસભાની ચૂંટણી મુક્ત અને ન્યાયી બની રહે તે માટે મતદાન મથકમાં મોબાઇલ ફોન લઇ જવા પર પ્રતિબંધ મુકવામાં આવ્યો હોવા છતાં રાજકોટ સહિત કેટલાંક સ્થળોએ મત આપતા વીડિયો સોશ્યલ મીડિયામાં વાઇરલ થયા છે. રાજકોટમાં તો ક્ષત્રિય તરીકિની ચીઠ્ઠી ઇવીએમ પર મુકીને તેમાં લખેલા સંદેશા સાથે ભાજપના ઉમેદવારને મત અપાતો હોવાનો વીડિયો પણ વાઇરલ થયો છે.

સોશ્યલ મીડિયોમાં વાઇરલ વીડિયોમાં એમ જણાય રહ્યું છે કે એક મતદાર દ્વારા ભાજપના પ્રતિકવાળુ બટન દબાવવામાં આવી રહ્યું છે. અર્થાત ભાજપને મત આપ્યો હોવાનું જાહેર થાય છે. મહત્વની વાત એ છે કે મતનું બટન દબાવતી વખતે ઇવીએમ પર લાલ અક્ષરે લખેલી ચિઠ્ઠી છે તેમાં એવું લખાણ છે કે ‘ક્ષત્રિય છું, હિન્દુ છુ, રાષ્ટ્રપ્રેમ જ મારો ધર્મ છે, હિન્દુ વિરોધીને મત નથી.’

આ વાઇરલ વીડિયો ઘણા સવાલ ઉભા કરે છે, સૌ પ્રથમ તો મોબાઇલ લઇ જવા પર પ્રતિબંધ હોવા છતાં મતદાર કેવી રીતે લઇ ગયા? વાસ્તવમાં મતદાતા ક્ષત્રિય સમાજમાં ભ્રમ સર્જ્યા? મતદાન કરણમાં વધુ સમય લીધો હોવા છતાં ચૂંટણી સ્ટાફે કેમ કોઇ કાર્યવાહી ન કરી? વાઇરલ વીડિયો વિશે કોઇ ફરિયાદ કે પગલાં લેવાયા છે કે કેમ?

આ પ્રકારનો અન્ય એક વીડિયો ગીર સોમનાથ પણ વાઇરલ થયો હતો. ભાજપના યુવા આગેવાન હાર્દિકસિંહ ઝાલાએ આ પ્રકારનો વીડિયો ઉતારીને સોશ્યલ મીડિયામાં પોસ્ટ કરતાં પોલીસે તૂર્ત જ તપાસ કરીને ધરપકડ કરી હતી.

આ સિવાય સુરેન્દ્રનગર જીલ્લા ભાજપ પ્રમુખ હિતેન્દ્રસિંહ ચૌહાણે મતદાન કરતો ફોટો વાઇરલ કર્યો હતો. કોને મત આપી રહ્યા છે તે પણ તસ્વીરમાં દેખાય છે. આ કેસમાં પણ ગુપ્ત મતદાનની ગરીમા તૂટી હતી.

# પહેલીવાર વડાપ્રધાનને જોઈ બાળકી મળવા માટે થઈ ઉત્સુકઃ રેલિંગ કૂદી ચિન્કી ત્રિવેદી મોદીદાદાને મળી

### વડાપ્રધાનએ બાળકીના માથે હાથ ફેરવી વ્હાલ વરસાવ્યો



અમદાવાદના રાણીપની નિશાન સ્કુલમાં પીએમ નરેન્દ્ર મોદીએ સવારે મતદાન કર્યું હતું. વડાપ્રધાન મોદી મતદાન મથકે પહોંચ્યા તે પહેલા બહોળી સંખ્યામાં લોકો ઉપસ્થિત રહ્યા હતા. પહેલીવાર કેસરી કોટી પહેરીને મતદાન કરવા પહોંચેલા નરેન્દ્ર મોદીને મળવા માટેનો ઉત્સાહ લોકોમાં જોવા મળ્યો હતો.

આ દરમ્યાન ભીડમાં હાજર નાની બાળકી પહેલીવાર કેસરી કોટી પહેરીને મતદાન કરવા પહોંચેલા નરેન્દ્ર મોદીને મળવા માટેનો પોતાનો ઉત્સાહ રોકી ન શકી. ચિન્કી ત્રિવેદી નામની આ માસુમ બાળકી રેલિંગ કુદીને વડાપ્રધાનને મળવા પહોંચી હતી એ સમયે વડાપ્રધાનના બ્લેક કમાન્ડોએ તેને રોકી પણ હતી. જો કે તરતજ મોદીની આ બાળકી પર નજર જતાં જ તેને પોતાની પાસે બોલાવી હતી. વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ બાળકીના માથે વહાલથી હાથ ફેરવીને તેનું નામ અને તેણી કઈ સ્કુલમાં અભ્યાસ કરે છે તેવી વાતચીત કરી હતી.

### રૂપાલા પણ ખબર પૂછવા દોડી ગયા

# ચુંટણીનો થાક! સાંસદ રામભાઈ મોકરીયાનું સ્વાસ્થ્ય લથડયુંઃ ન્યુમોનિયાની અસરનો સંકેત

### પહેલા આટકોટની પરવાડિયા હોસ્પીટલમાં સારવાર બાદ રાજકોટની ગોકુલ હોસ્પીટલમાં સારવાર માટે દાખલ



રાજકોટઃ રાજકોટ લોકસભા બેઠક પર ભાજપની જીત માટે છેલ્લા ત્રણ માસથી વધુ સમયથી સતત ફિલ્ડમાં રહીને કાર્યરત સાંસદ રામભાઈ મોકરીયાનું સ્વાસ્થ્ય લથડતા તેઓને પહેલા આટકોટની પરવડિયા હોસ્પીટલમાં સારવાર આપવામાં આવી હતી પણ તેમને ન્યુમોનિયાની અસર જણાતા તુર્તજ રાજકોટમાં ગોકુલ હોસ્પીટલમાં સારવાર માટે દાખલ કરાયા છે. શ્રી મોકરીયા રાજકોટ લોકસભા બેઠક પરના ભાજપના ઉમેદવાર પરસોતમ રૂપાલા જેઓ મતદાન માટે અમરેલી ગયા હતા. તેઓને આવકારવા આટકોટ પહોંચ્યા હતા પણ અચાનક જ તેઓને તાવ ચડતા જ તુર્તજ અહી ભાજપના જ પ્રદેશ પ્રમુખ ભરતભાઈ બોઘરાના પારિવારિક ટ્રસ્ટની અદ્યતન પરવડિયા મલ્ટી સ્પેશ્યાલીટી હોસ્પીટલમાં દાખલ કરાયા હતા. શ્રી મોકરીયા સતત ચૂંટણી પ્રચાર સહિતના કામમાં વ્યસ્ત રહ્યા હોવાથી તેઓને થોડા દિવસથી સતત થાક રહેતો હતો અને શરદી-ખાંસીની પણ ફરિયાદ હતી તેમાં આજે તેઓ આટકોટ પાસે પહોંચ્યા પછી સ્વાસ્થ્ય વધુ લથડતા તુર્તજ પરવડિયા ટ્રસ્ટની હોસ્પીટલમાં સારવાર અપાઈ હતી પણ તેઓ પર ન્યુમોનિયાની અસર હોવાનું જણાવતા જ રાજકોટ ખસેડાઈ રહ્યા છે અને તેઓને ગોકુલ હોસ્પીટલમાં દાખલ કરવાની તૈયારી છે. રાજકોટ બેઠક પરના ભાજપના ઉમેદવાર શ્રી રૂપાલાએ પણ રામભાઈના સ્વાસ્થ્યના ખબર પૂછયા હતા અને ઝડપથી સ્વસ્થ થઈ જવાની શુભેચ્છા પાઠવી હતી.

# અમદાવાદમાં ઉદ્યોગપતિ ગૌતમ અદાણીએ પત્ની સાથે લાઈનમાં ઉભા રહી મતદાન કર્યુ

### અદાણીએ શાહીવાળી આંગળી બતાવીને કહ્યું ભારત પ્રગતિ કરી રહ્યું છે



અમદાવાદ,તા.૭

લોકસભાની ત્રીજા ચરણની ચૂંટણી દરમિયાન સામનનથી માંડીને વીઆઈપી અને વીવીઆઈપીઓએ પણ લાઈનમાં ઉભા રહીને મતદાન કર્યું હતું.દેશના ધનકુબેર અને ઉદ્યોગપતિ ગૌતમ અદાણીએ પણ પરિવાર સાથે અમદાવાદના મકરબા ખાતેના મતદાન મથકે પત્ની સાથે સજોડે લાઈનમાં ઉભા રહીને મતદાન કર્યું હતું. તેમની સાથે તેમના પુત્ર અને પુત્રવધુ પણ હતાં. દેશભરમાં લોકસભાની ચૂંટણીનો માહોલ જામી ગયો છે, ગુજરાતમાં લોકસભાની ચૂંટણીનું મતદાન વહેલી સવારથી જ ચાલુ થઈ ગયું છે. લોકોએ સવારથી જ લાઈનમાં ઊભા રહીને મત આપવાની શરૂઆત કરી હતી. ત્યારે રાજ્યના દિગ્ગજ નેતાઓ પણ મત આપવા માટે વહેલી સવારથી મતદાન મથકે પહોંચી ગયા હતા. આજનો દિવસ લોકસભાની ઘણી બેઠકો માટે તેમજ અનેક રાજકીય અગ્રણીઓ માટે ખાસ છે. ત્યારે લોકસભા ચૂંટણી માટે ત્રીજા તબક્કાનું મતદાન ચાલી રહ્યું છે. અદાણી ગ્રૂપના ચેરમેન ગૌતમ અદાણી પોતાનો મત આપવા ગુજરાતના અમદાવાદમાં મકરબા મતદાન મથક પર પહોંચ્યા હતા. તેઓ પોતાનો વોટ આપવા માટે પોતાના વારાની રાહ જોતા કતારમાં ઉભા જોવા મળ્યા હતા. આ પછી ગૌતમ અદાણી પોતાનો વોટ નાખ્યા બાદ પોતાની શાહીવાળી આંગળી બતાવતા જોવા મળ્યા હતા.

મતદાન કર્યા બાદ ગૌતમ અદાણીએ કહ્યું કે આજે લોકશાહીનો તહેવાર છે અને હું લોકોને અપીલ કરું છું કે બહાર આવીને મતદાન કરો. ભારત પ્રગતિ કરી રહ્યું છે અને આગળ પણ આગળ વધશે. અદાણી ફાઉન્ડેશનના ચેરપર્સન પ્રીતિ અદાણી પણ ગૌતમ અદાણી સાથે મતદાન કરવા પહોંચ્યા હતા.

## ઈવીએમ

(છેલ્લા પાનાનું ચાલું)

મતદાન કરવા આવેલા રાજકોટના પૂર્વ મેયર ડો.જૈમનભાઈ ઉપાધ્યાયને આ બાબતનો ખ્યાલ આવતા તેઓએ આ મામલે તુરંત જ જીલ્લા ચૂંટણી અધિકારીને રજુઆતો કરી હતી. જોકે આ મતદાન બુથ ઉપર મોબાઈલ ડીજી લોકરના ડોકયુમેન્ટ મતદાન માટે માન્ય નહી રાખવા પાછળ એવું કારણ દર્શાવાયું હતું કે આ બુથનું વેબકાસ્ટીંગ ચાલુ હોય માટે આ અંગે મંજુરી નહી આપીએ.

કસ્તુરબા વિદ્યાલયના આ બુથ ઉપર બુથ અધિકારી અને મતદાતા વચ્ચેની માથાકૂટ બાદ મતદાતાઓના મોબાઈલ ડીજી લોકરમાંથી ડોકયુમેન્ટની પ્રીન્ટ કાઢી આપવાની વ્યવસ્થા કરી આપવામાં આવી હતી અને દસ્તાવેજની આ પ્રીન્ટ નિકળ્યા બાદ મતદાતાઓને તેના આધારે મતદાન કરવા દેવામાં આવેલ હતું. શહેરના અનેક વિસ્તારોના બુથો ઉપર ઈવીએમ બગડયાની ફરીયાદો સતત ઉઠતી રહી હતી. તેની સાથે ચૂંટણી તંત્રના અધિકારીઓમાં પણ દોડધામ મચી હતી.



## કારીયા પરિવાર દ્વારા મતદાન

રાજકોટમાં જૂના એરપોર્ટ પાસે આવેલ સ્કૂલમાં ભાવેશભાઈ તથા તેમાં ધર્મપત્ની કોમલબેન દ્વારા મતદાન કરાયું હતું

# જાફરાબાદની સાગર શાળામાં ચુંટણી ફરજ બજાવતા મહિલા કર્મચારીનું પડી જતા મોત

ાજકોટ તા.૭

અમરેલી લોકસભાની ચૂંટણીના મતદ્ાન દરમ્યાન જાફરાબાદ સાગર શાળામાં ચુંટણી ફરજ બજાવતા એક મહિલા કર્મચારીનું અચાનક પડી જતા તેને રાજુલા ખાનગી દવાખાને ખસેડાતા ફરજ પરના તબીબે તેમને મૃત જાહેર કર્યા હતા.

જાફરાબાદની સાગર શાળામાં ચુંટણી ફરજ બજાવતા કૌશિકાબેન બાબરીયા ફરજ દરમ્યાન અચાનક પડી જતા તેને સારવાર માટે ૧૦૮ની મદદથી રાજુલા ખાનગી દવાખાને ખસેડાતા ફરજ પરના તબીબે તેમને મૃત જાહેર કર્યા હતા. મૃતકના મૃતદેહને પીએમ માટે સીવીલ હોસ્પીટલમાં ખસેડવામાં આવેલ છે. પ્રાથમીક તપાસમાં આ મહિલા કર્મચારીનું હાર્ટએટેકથી મોત થયાનું અનુમાન છે.

## જૈન અગ્રણી નિલેશભાઈ શાહ તથા કોર્પોરેટર પ્રીતિબેન દોશીએ મતદાન કર્યું



રાજકોટ,તા.૭

રાજકોટના જૈન અગ્રણી નિલેશભાઈ શાહ તથા કોર્પોરેટર પ્રીતિબેન દોશી સાથે સહપરિવારે આજે મતદાન કરેલ હતું. ઉપરોકત તસ્વીરમાં નિલેશભાઈ શાહ મતદાન કરતાં તથા બીજી તસ્વીર કોર્પોરેટર પ્રીતિબેન દોશી વગેરે નજરે પડે છે.

## જૈન અગ્રણી ચંદ્રકાંત શેઠે મતદાન કર્યુ




રોયલ પાર્ક સ્થા. જૈન મોટા સંઘના પ્રમુખ, શેઠ ઉપાશ્રય સંઘના ચેરમેન તથા જૈન અગ્રણી ચંદ્રકાંતભાઈ શેઠે વહેલી સવારે મતદાન મથકે જઈને મતદાન કરેલ.

# રૂપાલા કે ધાનાણી? રાજકોટના લોકો કોની સાથે? હવે ૨૯ દિવસનો સસ્પેન્સ

## ક્ષત્રિય સમાજ છેક સુધી અડગ રહેતા ભાજપ દોડતો રહ્યો : જીત વિવાદોની કે વિકાસની વાતોની? આજે અનેક વિસ્તારમાં ક્ષત્રિયોનું સામુહિક મતદાન

## જ્ઞાતિ પર ટીપ્પણીનો વિવાદ થયો ન હોત તો રાજકોટની ચૂંટણી સૌથી શાંત રહે તેમ હતી : રેલનગર સહિતના વિસ્તારોમાં લાઇનો : એકંદરે મોદીનું નામ જ ચાલ્યું





**ક્ષત્રિય સમાજના મત પર નજર :** રાજકોટમાં આજે લોકસભાની ચૂંટણીના મતદાન માટે સવારે ભારે ઉત્સાહ દેખાયો હતો તો ક્ષત્રિયોની વધુ વસ્તી ધરાવતા વોર્ડ નં.૩ના રેલનગર વિસ્તારમાં સવારે સમાજના લોકો અને આગેવાનોએ સામુહિક મતદાન કર્યુ હતું જે તસ્વીરમાં પી.ટી.જાડેજા તથા અન્યો નજરે પડે છે. ઉપરાંત જે બુથો પર લાગેલી લાઇન પણ જોવા મળે છે. (લોકસભા ચૂંટણી કવરેજની તમામ તસ્વીરો : દેવેન અમરેલીયા, ભાવિન રાજગોર, પંકજ શીશાંગીયા, સરફરાઝ પઠાણ)

રાજકોટ, તા. ૭

રાજકોટ શહેરમાં આજે લોકસભાની ચૂંટણીનું પરંપરાગત મતદાન થયું હતું. રાજકોટમાં અમરેલીના ભાજપના ઉમેદવાર કેન્દ્રીય મંત્રી ડો. પરસોતમ રૂપાલા અને અમરેલીના જ વતની અને વિધાનસભાના પૂર્વ વિપક્ષી નેતા પરેશ ધાનાણી વચ્ચે જંગ જામ્યો હતો. ક્ષત્રિય સમાજ પરસોતમભાઇએ કરેલી ટીપ્પણી બાદ દર વખતે રાજકોટમાં મોટા ભાગે શાંત રહેતી ચૂંટણી ગરમાગરમ બની ગઇ હતી. આજે તડકાની ગરમી વચ્ચે અને ક્ષત્રિય સમાજના સામુહિક મતદાન બાદ હવે તા.૪ જુનના રોજ ઇવીએમમાંથી શું ચુકાદો નીકળે છે તેના પર સૌની નજર રહેશે.

સૌથી લાંબી આચારસંહિતા સાથેની આ ચૂંટણીમાં મતદાન અને મત ગણતરી વચ્ચે પણ ખુબ લાંબુ અંતર રહેલું છે. ૨૯ દિવસ સુધી રાજકોટના મતદારોએ પરિણામની રાહ જોવાની છે તો વિવાદો અને આક્ષેપો સાથેની ચૂંટણીમાં લોકોનો મિજાજ કેટલો બદલાયો છે તે બાબત રાજકોટના રાજકીય ઇતિહાસમાં પણ મહત્વની બનવાની છે.

રાજકોટ લોકસભાની બેઠક પર ૨૧ લાખ જેટલા મતદારો નોંધાયેલા છે. આજે બપોરે ૧ વાગ્યા સુધીમાં ૩૭ ટકાથી વધુ મતદાન નોંધાયું હતું. આ વખતે ચૂંટણીમાં પ્રથમ વખત રાજકોટ શહેર અને જિલ્લા બહારના ઉમેદવાર આવ્યા હતા. એક કેન્દ્રીય મંત્રી અને બીજા કોંગી નેતા બંને અમરેલીથી આવ્યા છે. ભાજપના મજબુત ઉમેદવારને શહેર ભાજપ નેતાગીરીએ વેલકમ કર્યા હતા. પરંતુ થોડા દિવસમાં જ એવા વિવાદે જન્મ લીધો કે આજે મતદાનના દિવસ સુધી તેના પડઘા પડયા હતા. ક્ષત્રિય સમાજના એક મોટા સમુહે વિવાદાસ્પદ નિવેદન બદલ રૂપાલાને છેક સુધી માફ નહીં કર્યાનું જાહેર કર્યુ હતું. આ વિવાદ સૌરાષ્ટ્ર-ગુજરાત સુધી પણ પહોંચ્યો હતો. સ્થાનિક નેતાથી માંડી વડાપ્રધાને પણ ક્ષત્રિય સમાજના સુવર્ણ ઇતિહાસને યાદ કરીને તમામ સમાજનો સહકાર માંગ્યો હતો.

આજે રાજકોટના જુદા જુદા વિસ્તારમાં સવારે ક્ષત્રિય સમાજના ઘણા આગેવાનો અને પરિવારજનો સમુહમાં મત આપવા ગયા હતા. ન્યુ રાજકોટના કેટલાક વિસ્તાર, વોર્ડ નં.૩ના રેલનગરના ભાગોમાં સવારમાં પુરૂષો અને બપોર બાદ મહિલાઓની સંખ્યા મતદાનમાં વધુ દેખાઇ હતી. જોકે ગત ચૂંટણીની જેમ આ વખતે પણ વડાપ્રધાન નરેન્દ્રભાઇ મોદી અને રાષ્ટ્રવાદનો મુદ્દો આગળ રહ્યો હોય મતદાનના દિવસે વિવાદો અને વિરોધની કેટલી અસર ઇવીએમ સુધી પહોંચી છે તે સસ્પેન્સ કેદ થયું છે. રાજકોટ શહેર અને જિલ્લાની જનતાએ લોકચુકાદો જાહેર થવા માટે હવે ૨૯ દિવસની પ્રતિક્ષા કરવાની છે. રાજકોટની બેઠક પરંપરાગત રીતે ભાજપની છે. વિધાનસભાની ચારે ચાર બેઠક ભાજપ વિક્રમી લીડ સાથે જીત્યો છે. મહાપાલિકાની ચૂંટણીમાં ૭૨માંથી ૬૮ બેઠક ભાજપ જીત્યો હતો. પરંતુ લોકસભાની ચૂંટણી સમયના નવા રાજકીય સંજોગો, બહારથી આવેલા ઉમેદવાર, વિવાદોની આંધી વચ્ચે આ ચૂંટણીની ગરમી વધી હતી. આ વિવાદો ઉભા થયા ન હોત તો રાજકોટની ચૂંટણી સંપૂર્ણ શાંત અને વિવાદો વગરની રહે તેમ હતી. પરંતુ વટના સવાલે મોટા પડઘા પાડતા ઉનાળાની ગરમી અને રાજકીય ગરમી બંને ધગધગી ઉઠયા હતા.

# ક્ષત્રિયોએ દરેક વોર્ડમાં ટેબલો મુકયાઃ સમાજના મતદારોને માર્ગદર્શન આપ્યું

## વોર્ડ દીઠ એક એડવોકેટે જવાબદારી લીધી, હેલ્પલાઇન નંબર પણ જાહેર કર્યા

રાજકોટ,તા.૭

રાજકોટમાં લોકસભાનું મતદાન યોજાયું જેમાં ક્ષત્રિય સમાજના આંદોલનની અસર પણ જોવા મળી હતી.ક્ષત્રિય સમાજ દ્વારા શહેરના તમામ વોર્ડમાં એક ટેબલ મુકી સમાજના મતદારોને માર્ગદર્શન અપાયું હતું.દરેક વોર્ડ દીઠ બુથ મેનેજમેન્ટ માટે એક ટેબલ મુકવામાં આવ્યું હતું.જેમાં ક્ષત્રિય સમાજના અગ્રણીઓ અને ચૂંટણી મેનેજમેન્ટ વિશે જ્ઞાન ધરાવતા લોકો ટેબલ પર બેસાડી મતદારોને જાગૃત કરવામાં આવ્યા હતાં. તેમ એડવોકેટ મેઘરાજસિંહ એમ.ચુડાસમાએ જણાવ્યું હતું. તેઓએ એમ પણ માહિતી આપી કે, દરેક વોર્ડમાં ક્ષત્રિય સમાજમાંથી આવતા એક-એક એડવોકેટે જવાબદારી શીરે લીધી છે. તમામ એડવોકેટના નંબર ક્ષત્રિય સમાજના સોશ્યલ મીડિયા ગ્રુપમાં જાહેર કરાયા હતાં. અને કયાંય પણ ગેરરીતી થતી હોય કે, ક્ષત્રિય સમાજના લોકોને બુથ પર કોઈ સમસ્યા જણાય તો તુરંત આ હેલ્પલાઈન નંબર પર જાણ કરવા જણાવાયું હતું.ક્ષત્રિય અસ્મિતા આંદોલન હેઠળ ચૂંટણી મતદાર દરમિયાન મેનજમેન્ટ જાળવવામાં આવ્યું હતું.




વોર્ડ નં.૨માં બજરંગવાડી વિસ્તારમાં ક્ષત્રિય અસ્મિતા આંદોલના નેજા હેઠળ રાખવામાં આવેલ ટેબલ અને ક્ષત્રિય આગેવાન-યુવાઓ જોવા મળે છે.

# રાજકોટના રેલનગરમાં ક્ષત્રિય અગ્રણીઓ અને પોલીસ વચ્ચે રકઝક : બુથના ૧૦૦ મીટરમાં ભાજપ પ્રચાર કરતું હોવાનો આરોપ

## ક્ષત્રિય અગ્રણીઓની ઉગ્ર રજુઆતના કારણે ડીસીપી ઝોન ૨ સુધીરકુમાર દેસાઈ, એસીપી રાધિકા ભારાઈ, પીઆઈ બી.એમ. ઝણકાટ સહિતના દોડી ગયા, ભાજપનું ટેબલ દૂર કરાવ્યું





રાજકોટ, તા.૭

ક્ષત્રિય આંદોલનમાં રાજકોટ શહેરમાં જો સૌથી વધુ અસર થઈ હોય તો તે રેલનગર વિસ્તાર છે. ત્યારે આજે સવારે ૧૦.૩૦ વાગ્યા આસપાસ અહીં વોર્ડ નં૩, રેલનગર મેઈન રોડ પર આવેલી પાર્થ સ્કૂલ પાસે ક્ષત્રિય અગ્રણીઓ અને પોલીસ વચ્ચે શાબ્દિક રકઝક થઈ હતી. બુથના ૧૦૦ મીટરમાં ભાજપ પ્રચાર કરતું હોવાનો આરોપ લાગ્યો હતો. ક્ષત્રિય અગ્રણીઓની ઉગ્ર રજુઆતના કારણે ડીસીપી ઝોન ૨ સુધીરકુમાર દેસાઈ, એસીપી રાધિકા ભારાઈ, પીઆઈ બી.એમ. ઝણકાટ સહિતના દોડી ગયા હતા. મામલો બીચકે તે પહેલાં જ પોલીસે ભાજપનું ટેબલ દૂર કરાવ્યું હતું.

આ અંગે મળતી વિગત મુજબ, આજે મતદાનના દિવસે રાજકોટ ભરમાં ચુસ્ત પોલીસ બંદોબસ્ત છે. ત્યારે ક્ષત્રિય સમાજ દ્વારા થયેલા આંદોલનના જ્યાં સુધી વધુ પડઘા પડ્યા હતા તેવા રેલનગરમાં આજે સવારે ૭ વાગ્યાથી રેલનગર મેઈન રોડ પર આવેલી પાર્થ સ્કૂલના બુથમાં મતદાન શરૂ થયું હતું. ૧૦ વાગ્યે પોલીસને ફરિયાદ મળી હતી એ પાર્થ સ્કૂલના ૧૦૦ મીટર અંદર ભાજપ કાર્યકરો દ્વારા ટેબલ મુકાયું હોય ત્યાં ભાજપને મત આપવા પ્રચાર થાય છે. એક ક્ષત્રિય આગેવાન દ્વારા આ અંગે ઉગ્ર રજુઆત સાથે આક્ષેપો થયા હતા. દોડી આવેલા પોલીસ અધિકારીઓ સાથે શાબ્દિક રકઝક પણ થઈ હતી. અંતે ભાજપનું ટેબલ ૧૦૦ મીટર અંદર હોવાનું જણાતા તે પોલીસે દૂર કરાવેલ હતું.

# જંગલેશ્વરના શાળાનં.૭૦ના મતદાર બુથમાં એક કલાક સુધી મતદાન બંધ રહેતા દેકારો

## બુથ નં.૨૧૩માં ઈવીએમ ક્ષતિગસ્ત : મતદારનો સમય વધારે આપવા કોંગ્રેસના એજન્ટ દ્વારા ચૂંટણી અધિકારીને રજૂઆત

રાજકોટ,તા.૭

રાજકોટનાં જંગલેશ્વર વિસ્તારમાં સવારે શાળા નં.૭૦માં સવારે ૧૧:૩૦ કલાકે મતદાનની પ્રક્રિયામાં ઈવીએમ મશીન બંધ થતા મતદાન માટે આવેલા મતદારોની લાં....બી કતારો લાગી હતી. એક કલાક સુધી મતદાન બંધ રહેતા મતદારો અકળાયા હતાં.જાણવા મળતી વિગત મુજબ રાજકોટનાં જંગલેશ્વર મેઈન રોડ પર શાળા નં.૭૦નાં બુથ નં.૨૧૩માં સવારે મતદાન ચાલુ પ્રક્રિયામાં ઈવીએમ મશીનમાં ક્ષતિ સર્જાતા મતદાનની પ્રક્રિયા થંભી ગઈ હતી. અંદાજે સવારે ૧૧:૩૦ થી ૧૨:૩૦ એક કલાક સુધી મતદાનની પ્રક્રિયા બંધ રહેતા મતદારોની લાંબી ક્તારો લાગી હતી. મતદાન કરવા માટે આવેલા મતદારો અકળાયા હતા.આખરે એક કલાક બાદ ઈવીએમ મશીન બદલવામાં આવતા ફરી મતદાન શરૂ થતા મતદારોએ હાશકારો અનુભવી મતાધિકારનો ઉપયોગ કર્યો હતો.દરમ્યાન વોર્ડ નં.૭૦ના બુથમાં એક કલાક સુધી મતદાર બંધ રહેતા આ બુથ ઉપર મતદારનો સમય વધારી આપવા કોંગ્રેસના ચૂંટણી એજન્ટ દ્વારા જીલ્લા ચૂંટણી અધિકારીને રજૂઆત કરવામાં આવી હતી.




(બપોરે ૧૨.૧૫ કલાકે)રાજકોટ : જંગલેશ્વર વિસ્તારમાં આવેલ શાળા.નં.૭૦ ના રૂમ નં.૧માં EVM ખરાબ થતાં છેલ્લી ૪૫ મિનિટથી વોટિંગ બંધ : કોંગ્રેસ નેતા ઇન્દ્રનીલ રાજગુરુ મતદાન મથક પર પહોંચ્યા

# રેલનગરમાં બુથ પાસે કોંગ્રેસ કાર્યાલયમાં પોસ્ટર, બેનર લાગેલા જ રહેતા પોલીસે દૂર કરાવ્યા

## સ્કૂલમાં મતદાન બુથ હોય ત્યાં નજીકમાં જ કોંગ્રેસ કાર્યાલય બહાર પરેશ ધાનાણીના મોટા કટાઉટ, કોંગ્રેસના પોસ્ટર બેનર સહિતની સામગ્રી જાહેરમાં દેખાઈ, તેમજ રખાતા પોલીસને ફરિયાદ મળી હતી





રાજકોટ, તા.૭

રાજકોટમાં સવારથી બમ્પર મતદાન થયું હતું. આ તરફ અલગ અલગ ફરિયાદો મળતા તંત્ર દોડતું રહ્યું હતું. ખાસ કરીને પોલીસ દ્વારા સતત પેટ્રોલિંગ રખાયું હતું. ત્યારે રેલનગર વિસ્તારમાં મતદાન બુથ પાસે જ કોંગ્રેસ કાર્યાલયમાં પોસ્ટર, બેનર લાગેલા જ રહેતા પોલીસે દૂર કરાવ્યા હતા.

આ અંગે મળેલી વિગત મુજબ, શહેરના રેલનગર મેઈન રોડ પર વોર્ડ નં.૩માં પાર્થ સ્કૂલમાં મતદાન મથક આવેલ. જ્યાં નજીકમાં ૧૦૦ મીટરની અંદર જ એક કોંગ્રેસ કાર્યાલય આવેલ હતું. સવારે ૭ વાગ્યાથી મતદાન શરૂ થયા પછી ૧૦ વાગ્યા આસપાસ પોલીસને ફરિયાદ મળી હતી કે, પાર્થ સ્કૂલમાં આવેલા મતદાન મથક નજીકમાં ૧૦૦ મીટરની અંદર જ કોંગ્રેસ કાર્યાલય આવેલ છે અહીં જાહેરમાં કોંગ્રેસની પ્રચાર સામગ્રી લોકો જોઈ શકે તેમ રાખી છે. જેથી પોલીસે દોડી જઈ અહીં હાજર કાર્યકર્તા, આગેવાનોને જણાવી પોસ્ટર બેનર હટાવી લેવા જણાવ્યું હતું. સ્કૂલમાં મતદાન બુથ હોય ત્યાં નજીકમાં જ કોંગ્રેસ કાર્યાલય બહાર પરેશ ધાનાણીના મોટા કટાઉટ, કોંગ્રેસના પોસ્ટર બેનર સહિતની સામગ્રી જાહેરમાં દેખાઈ તેમ જ રખાતા પોલીસને ફરિયાદ મળી હતી. જેને દૂર કરવામાં આવેલ હતું.




# મતદાન મથકના ૧૦૦ મીટરના વિસ્તારમાં ભાજપનો પ્રચાર થતો અટકાવતી ક્ષત્રિય ગિરસદાર સેનાની ટીમ

રાજકોટ, તા. ૭

ક્ષત્રિય ગિરસદાર સેનાના આગેવાનો આજરોજ સવારથી રાજકોટ શહેરના વોર્ડ - ૭, ૮, ૧૧, ૧૩, ૧૪, ૧૮, ૧૬, ૧૦, ૧૧ સહિતના વિસ્તારમાં ટીમ સાથે ફરી વળ્યા હતા અને રાજકોટ જિલ્લા કલેક્ટર કચેરીના કંટ્રોલરૂમ અને રાજકોટ શહેર પોલીસ કમિશનર કંટ્રોલ રૂમ પર ફરિયાદનો મારો ચલાવવામાં આવ્યો હતો. શાસકો દ્વારા ૧૦૦ અને ૨૦૦ મીટરમાં ભાજપનો થતો પ્રચાર અટકાવવામાં આવેલ હતો.

તેમાં લક્ષ્મીવાડીમાં ઝંડીઓ બેનર્સ ૧૦૦ મીટરના વિસ્તારમાં હોય તેમ જ વાણીયાવાડી, રઘુવીર સોસાયટી, સહકાર સોસાયટી, ખોડીયાર નગર સોસાયટી ના વિસ્તારમાં શહેરભરમાં ૧૦૦ અને ૨૦૦ મીટરમાં ભારતીય જનતા પક્ષના પ્રચાર કરવામાં આવતો હતો અને છત્રીમાં કમળના





### લક્ષ્મીવાડી, વાણીયાવાડી, સહકાર, રઘુવીર સોસાયટીમાં છત્રીઓ ઉતારાવી

સિમ્બોલ વાળી છત્રી હોય આ પ્રચાર ગેરકાયદેસર રીતે કરવામાં આવતો હોય છે તે અંગે તંત્ર વાહકો સમક્ષ ફરિયાદ કરી તાત્કાલિક રાહે યોગ્ય પગલાં લેવડાવવામાં આવ્યા હતા.

ક્ષત્રિય સંકલન સમિતિના માર્ગદર્શન હેઠળ ક્ષત્રિય યુવાનો દ્વારા શાસક પક્ષના આદેશથી સત્તાધીશોની થતા કૂપ્રચાર અટકાવવામા ક્ષત્રિય ગિરાસદાર સેના દ્વારા મહત્વની ભૂમિકા ભજવવામાં આવી હતી. ફ્લાઈંગ સ્કવોડ માં ગજેન્દ્રસિંહ ઝાલા, એડવોકેટ ઈન્દુભા રાઓલ, ગજુભા જાડેજા, હરિભાઈ રાઠોડ, જગદીશભાઈ વિરડા, બ્રિજરાજસિંહ ઝાલા સહિતના ક્ષત્રિય આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા.

# મત આપીને રૂપાલા-ધાનાણી મારતી ગાડીએ રાજકોટ પરત

## કોંગી ઉમેદવારે ત્રંબામાં શેરડીનો રસ પણ કાઢયો

રાજકોટ, તા. ૭

રાજકોટ લોકસભાની ચૂંટણીના બંને મુખ્ય ઉમેદવારો પરસોતમભાઇ રૂપાલા અને પરેશભાઇ ધાનાણી આજે અમરેલી ખાતે મત આપીને બપોરે રાજકોટ પહોંચી ગયા હતા. બંનેએ મત વિસ્તારમાં રાઉન્ડ માર્યા હતા.

રાજકોટના બંને ઉમેદવારો અમરેલીથી આવે છે. પહેલી વખત રાજકોટમાં બંને ઉમેદવાર જિલ્લા બહારના છે. આથી તેઓ વતનમાં મત આપવા સવારે પહોંચ્યા હતા. આ બાદ બપોરે રાજકોટના મત વિસ્તારોમાં ફર્યા હતા. જિલ્લાના પણ કેટલાક બુથ ઉપર તેમણે મતદારોની અવરજવર અંગે વિગતો પણ લીધી હતી. અમરેલીથી પરત આવતા સમયે કોંગી ઉમેદવાર પરેશ ધાનાણીએ રસના ચીચોડા પર હોલ્ટ પણ કર્યો હતો. પરેશ ધાનાણીએ શેરડીના ચીચોડ ઉપર પણ હાથ અજમાવ્યો હતો!



# સવારે લાઇન, બપોરે ભારે તાપમાં મતદારો ગુમ : ભાજપ-કોંગ્રેસને પરસેવો વળી ગયો!





રાજકોટ લોકસભાની ચૂંટણીનું મતદાન આજે પૂર્ણ થતા પૂર્વે બપોરે ભાજપ-કોંગ્રેસ માટે ચિંતા થઇ જાય તેવા દ્રશ્યોનું નિર્માણ સર્જાવા પામ્યું હતું. આજે સવારે જે રીતે ઉત્સાહથી મતદાન શરૂ થયું તે જોતા તડકામાં મતદારો થોડા ઓછા આવશે તેવી શકયતા તો હતી જ, પરંતુ બપોરે ૧ વાગ્યા બાદ શાળા-કોલેજો સહિતના અનેક મતદાર મથકો પર આ રીતે કાગડા ઉડવા જેવી હાલત હતી. તંત્રએ જાહેર કર્યા મુજબ વ્યવસ્થા ન હોવાનું દેખાયું હતું. અનેક જગ્યાએ છાંયડા કે પીવાના પાણીની ભારે ગરમીમાં કોઇ વ્યવસ્થા ન હતી. તડકામાં આવેલા ઘણા લોકો થોડી લાઇન હોય તો પણ પરત ફરતા હતા. એકંદરે એક-દોઢ વાગ્યા બાદ તો મતદારો ઘર બહાર નીકળવાનું ટાળતા હતા. જુદી જુદી શાળાઓમાં બુથમાં માત્ર સ્ટાફ જોવા મળતો હતો. એકાદ બે મતદાર આવે ત્યારે લોકો કરતા સેવામાં રહેલા કર્મચારીઓની સંખ્યા વધુ દેખાતી હતી. અનેક જગ્યાએ લાંબો સમય સુધી સ્ટાફ મતદારોની રાહ જોતો હતો. લાલ બહાદુર શાસ્ત્રી વિદ્યાલય, કુંડલીયા કોલેજમાં ચૂંટણી સ્ટાફ આ રીતે શાંતિથી બેઠેલો હોય, ભાજપ અને કોંગ્રેસના ઉમેદવાર સહિતના નેતાઓમાં ચિંતાનું મોજુ ફરી વળ્યું હતું. જોકે છેલ્લી બે કલાકમાં મતદારો બહાર નીકળશે તેવી આશા વ્યકત કરતા એક બીજાને આશ્વાસન પણ આપતા જોવા મળતા હતા. (તસ્વીર : પંકજ શીશાંગીયા)



## રાજકોટ લોકસભા બેઠક પર ભાજપના ઉમેદવાર પરષોત્તમ રૂપાલાએ મતદાન મથકની મુલાકાત લીધી

આજે દેશમાં ત્રીજા તબક્કાનું મતદાન ચાલી રહ્યું છે. ત્યારે રાજકોટ લોકસભા બેઠક પર ભાજપના ઉમેદવાર પરષોત્તમ રૂપાલાએ વહેલી સવારે અમરેલી જિલ્લામાં આવેલ તેમના મૂળ ગામ ઇશ્વરિયા ખાતે મહાદેવના દર્શન કરી, ત્યાંની શાળામાં મતદાન કર્યું હતું. ત્યારબાદ તેઓ રાજકોટ આવી પહોંચ્યા હતા. ત્યારે તેઓએ વોર્ડ ન.૨માં આવેલ કસ્તુરબા ગાંધી રોડ પર ચૌધરી હાઇસ્કુલ પાસે કુંડલિયા કોલેજના મતદાન મથક પર નિરીક્ષણ માટે પહોંચ્યા હતા.

# 'સાંજ સમાચાર' પરિવાર દ્વારા મતદાન :





આજે દેશમાં લોકતંત્રનો પર્વ ઉજવવામાં આવી રહ્યો છે. લોકસભા ચૂંટણીના ત્રીજા તબક્કામાં ૧૧ રાજ્યોમાં ૯૨ બેઠકો પર મતદાન થઈ રહ્યુ છે. ત્યારે ''સાંજ સમાચાર'' પરિવાર દ્વારા પોતાની ફરજ નિભાવતા મતદાન કરવામાં આવ્યું હતું. ''સાંજ સમાચાર''ના તંત્રી શ્રી પ્રદીપભાઈ શાહ, શ્રીમતી પૂર્વીબેન શાહ, યુવા એક્ઝિક્યુટિવ અંકુરભાઈ શાહ તથા શ્રીમતી અનુજાબેન શાહ તથા કરનભાઈ શાહ અને શ્રીમતી ચાર્મીબેન શાહ દ્વારા કસ્તુરબા ગાંધી રોડ પર આવેલ ચૌધરી હાઈસ્કુલ પાસે કુંડલિયા કોલેજમાં મતદાન કરાયું હતું.

# રાજકોટમાં શાંતિપૂર્ણ રીતે મતદાન થયું: પોલીસનો બંદોબસ્ત પ્લાન સફળ

### ક્ષત્રિય આંદોલન, પત્રિકાકાંડનો વિવાદ, વધુ સંવેદનશીલ મતદાન મથકો છતાં કોઈ અઘટિત ઘટના ન બનતા પોલીસે રાહતનો શ્વાસ લીધો

### સીપી, એડીસીપી, ડીસીપી, એમ ૭ આઈપીએસ સહિત ૩૧૦૦ જેટલા પોલીસ જવાનો સતત ખડેપગે રહ્યા : પોલીસ કમિશ્નર રાજુ ભાર્ગવે પણ સતત ફિલ્ડમાં રહી તમામનું માર્ગદર્શન કર્યું હતું

રાજકોટ, તા.૭

રાજકોટમાં શાંતિપૂર્ણ રીતે મતદાન થયું હતું. જેમાં પોલીસનો બંદોબસ્ત પ્લાન સફળ રહ્યો હતો. ક્ષત્રિય આંદોલન, પત્રિકાકાંડનો વિવાદ, વધુ સંવેદનશીલ મતદાન મથકો છતાં કોઈ અઘટિત ઘટના ન બનતા પોલીસે રાહતનો શ્વાસ લીધો હતો. સીપી, એડીસીપી, ડીસીપી, એમ ૭ આઇપીએસ સહિત ૩૧૦૦ જેટલા પોલીસ જવાનો સતત ખડેપગે રહ્યા હતા. પોલીસ કમિશ્નર રાજુ ભાર્ગવે પણ સતત ફિલ્ડમાં રહી તમામનું માર્ગદર્શન કર્યું હતું. આજે લોકશાહીનું મહાપર્વ એટલે કે ચૂંટણી યોજાઈ. લોકસભાની ચૂંટણીના મતદાન માટે અભેદ્ય સુરક્ષાકવચ સાથે પોલીસ તૈનાત રહી હતી. રાજકોટ શહેર-જિલ્લામાં ૭ આઇપીએસ સહિત આશરે ૬૦૦૦ જવાનોનો લોખંડી બંદોબસ્ત રહ્યો હતો. રાજકોટ શહેરમાં સીપી, એડીસીપી સહિત ૬ આઇપીએસ, ૮ એસીપી, ૨૬ પીઆઈ, ૬૫ પીએસઆઇ, પેરા મિલેટ્રી ફોર્સની ૪ ટુકડી સહિત ૩૧૦૦ જવાનો ખડેપગે રહ્યા હતા. રાજકોટ શહેરમાં પોલીસ કમિશનર રાજુ ભાર્ગવના માર્ગદર્શન હેઠળ લોકસભાની ચૂંટણી માટે ૧ એડીજી કક્ષાના અધિકારી, ૧ ડીઆઈજી કક્ષાના અધિકારી, ૪ એસપી (ડીસીપી) કક્ષાના અધિકારી, ૮ ડીવાયએસપી (એસીપી) કક્ષાના અધિકારી, ૨૬ પીઆઈ, ૬૫ પીએસઆઇ, ૧૨૨૨ એએસઆઈ - હેડ કોન્સ્ટેબલ - એલઆરડી, ૧૩૭૪ હોમ ગાર્ડસ અને સીએપીએફ પેરા મિલેટ્રી ફોર્સની ૪ ટુકડીઓ ખડેપગે રહી હતી. રાજકોટ લોકસભા વિસ્તારમાં કુલ ૨૨૩૬ મતદાન બુથો. જેમાંથી ૧૦૩૨ મતદાન મથકો સંવેદનશીલ જાહેર કરાયા હતા. આ લોકસભા બેઠકમાં કુલ ૨૧,૧૨,૨૭૩ મતદારો હતા. જેમાં ૧૦,૯૩,૬૨૬ પુરૂષ મતદારો, ૧૦,૧૮,૬૧૧ મહિલા મતદારો અને ૩૬ ટ્રાન્સ જેન્ડર મતદારોનો સમાવેશ થાય છે.

આજે સવારે મતદાન શરૂ થયા પહેલા જ પોલીસ અધિકારીઓ કર્મચારીઓ ફરજમાં જોડાઈ ગયા હતા. ખુદ પોલીસ કમિશનર પણ આખો દિવસ ફિલ્ડમાં જોવા મળ્યા હતા. આ ઉપરાંત ક્રાઈમ બ્રાંચ, એસઓજી, એલસીબી ઝોન ૧, એલસીબી ઝોન સહિતની ટીમો પણ સતત દોડતી રહી હતી. એકંદરે શાંતિપૂર્ણ રીતે મતદાન થતા પોલીસે રાહતનો શ્વાસ લીધો હતો. આજની કામગીરીમાં પોલીસ કમિશનર રાજુ ભાર્ગવ, ડીસીપી ઝોન - ૧ સજનસિંહ પરમાર, ડીસીપી ઝોન - ૨ સુધીરકુમાર દેસાઈ, ડીસીપી ક્રાઈમ ડો.પાર્થરાજસિંહ ગોહિલ, ડીસીપી ટ્રાફિક પૂજા યાદવ, એસીપી સર્વે બી.વી. જાધવ, રાધિકા ભારાઇ, આર.એસ.બારીયા, બી.જે. ચૌધરી, એસીપી ક્રાઇમ બી.બી. બસીયા, એસીપી ટ્રાફિક જે.બી. ગઢવી, હેડ ક્વાર્ટર એસીપી એમ.આઇ. પઠાણ, ક્રાઈમ બ્રાંચ પીઆઈ એમ.આર. ગોંડલીયા, એસઓજી પીઆઈ જે.એમ. કૈલા, પીસીબી પીઆઈ એસ.એસ. રાણે, પીઆઈ સર્વે વી.આર.પટેલ, આર.જી.બારોટ, એસ.એમ.જાડેજા, એન.જી.વાઘેલા, એમ.એમ.સરવૈયા, જે.આર.દેસાઇ, બી.એમ.ઝણકાટ, બી.ટી.અકબરી, ડી.એમ.હરિપરા, વી.આર.રાઠોડ, આઇ.એન.સાવલીયા, એન.આઇ. રાઠોડ, એ.બી. જાડેજા, જે.એસ. ગામીત, એસ.કે. જાડેજા, બી.બી. જાડેજા, બી.પી. રજયા, એમ.જી. વસાવા, એમ.એ. ઝણકાટ, કે.જે. મકવાણા સહિતના જોડાયા હતા.



### આઈ કાર્ડ વગર નો એન્ટ્રી : બીએસએફ જવાનોની કડક કામગીરી

રાજકોટ: શહેરના સંવેદનશીલ વિસ્તારમાં પોલીસની ચાંપતી નજર રહી હતી, જોકે સવારે મતદાન માટે લોકો ઉમટી પડતા ઘણા બુથો પર ધીમા મતદાનની જાણકારી મળતી હતી. ત્યારે ઠક્કર બાપા સ્કૂલમાં બીએસએફ જવાનોની કડક કામગીરી કરવામાં આવી હતી અહીંના બુથ પર આઈ કાર્ડ દેખાડ્યા બાદ જ મતદારોને ગેટ પરથી પ્રવેશ અપતો હતો. આઈ કાર્ડ વગર કોઈ પણ વ્યક્તિને પ્રવેશ આપતો નહોતો જેથી અહીં કોઈ ભીડ પણ નહોતી થઈ અને એક દમ પ્રવાહિત રીતે મતદાન થયું હતું. (તસવીર: પંકજ શીશાંગીયા)

## ક્ષત્રિય સમાજની લાગણી દુભાવી હશે પણ મત તો કમળને આપશે: રૂપાણી

### પુર્વ મુખ્યમંત્રીએ મતદાન સમયે મોટુ નિવેદન કર્યુ



રાજકોટ: આજે રાજકોટમાં મતદાન કરવા પહોંચેલા પુર્વ મુખ્યમંત્રી શ્રી વિજય રૂપાણીએ ક્ષત્રિય સમાજના મતદાન અંગે એક વિધાનમાં જણાવ્યું કે ક્ષત્રિય સમાજ એ રાષ્ટ્રવાદથી ભરેલો સમાજ છે. ચોકકસપણે પરસોતમ રૂપાલાના નિવેદનથી ક્ષત્રિય સમાજની લાગણી દુભાઈ હશે પણ જયારે ક્ષત્રિય સમાજ મતદાન કરવા આવશે તો દેશના હિતમાં કમળનું બટન જ દબાવશે.

ભાજપે જે ક્ષત્રિય સમાજના વિરોધમાં જાય નહી તે માટે આજે મતદાનમાં આકાશ પાતાળ એક કરવા જેવી કવાયત કરી હતી પણ હજુ ભરેલા નાળીયેરની સ્થિતિ છે.

### રતનપર ગામમાં મતદાન મથકની મુલાકાત લેતાં પોલીસ કમિશ્નર રાજુ ભાર્ગવ



ક્ષત્રિય સમાજના આંદોલનની જાહેર સભા જ્યાં થઈ હતી તે રતનપર ગામમાં કાયદો અને વ્યવસ્થાની સમીક્ષા કરવાં અને પ્રાથમિક શાળાના મતદાન મથકની પોલીસ કમિશનર રાજુ ભાર્ગવે મુલાકાત કરી હતી. તેઓની સાથે ક્રાઇમ બ્રાન્ચના પી.આઈ ગોંડલીયા, કુવાડવા રોડ પોલીસ મથકના પીઆઈ વિ.આર.રાઠોડ સહિતનો પોલીસ કાફલો સાથે જોડાયો હતો.

### બોલબાલા પરિવારના જયેશ ઉપાધ્યાય સહિત સભ્યોનું મતદાન



રાજકોટની જાણીતી સંસ્થા બોલબાલા ટ્રસ્ટના જયેશભાઈ ઉપાધ્યાય તથા સંસ્થાની દરેક પ્રવૃતિમાં સંકળાયેલા કર્મચારીઓએ આજે સવારે પ્રથમ કલાકમાં મતદાન કરીને લોકશાહી પર્વની ઉજવણીની હતી. ઉપરોકત તસ્વીરમાં સ્ટાફના સભ્યો સાથે ટ્રસ્ટીઓ મેમ્બરો, ડોનરો વગેરે જોવા મળે છે.




### વોર્ડ નં.૧૭ના કોર્પોરેટર અનિતાબેન અને ગૌતમભાઈએ સાથે મતદાન કર્યુ

રાજકોટના વોર્ડ નં.૧૭ના ભાજપના કોર્પોરેટર અનિતાબેન ગૌસ્વામી અને ભાજપ અગ્રણી ગૌતમ ગૌસ્વામીએ આજે સવારમાં મતદાન કરીને લોકશાહીના પવિત્ર મત પર્વની ઉજવણી કરી હતી. સાથે જ મતાધિકાર અને જવાબદારી નિભાવવા પ્રેરણા પણ પૂરી પાડી હતી.

## પોલીસ કંટ્રોલ રૂમ ધમધમતો રહ્યો: બપોર સુધીમાં છ ફરીયાદ નોંધાઈ

### રેલનગર, સહકારનગર મેઈન રોડ પર , તિરૂપતિ સોસાયટીમાં ૨૦૦ મીટર અંદર ટેબલ-ખુરશી રાખવા બાબતે માથાકૂટ થતાં પોલીસ દોડી ગઈ:

### કુવાડવામાં આર્યનગર શાળા નં.૭૨ અને તરઘડિયા ગામની સ્કૂલમાં ઈવીએમ બંધ થયાની ફરીયાદ મળી

### વૈશાલીનગરમાં યુવકે પોતાના મોબાઈલમાં મતદાનનો વિડીયો આવ્યો હોવાની ફરિયાદ કરતાં પોલીસ દોડી ગઈ: તપાસ કરતાં કંઈ વાંધાજનક ન મળ્યું

રાજકોટ.તા.૦૭

રાજકોટ સહિત રાજયભરમાં સવારે લોકશાહીના પર્વનો પ્રારંભ થયો હતો. શહેરમાં લોકસભા ચૂંટણીનું મતદાન વ્હેલી સવારમાં છ વાગ્યાથી શરૂ થયું હતું. જેમાં ખાસ શહેર પોલીસ દ્વારા કાયદો અને વ્યવસ્થાની સ્થીતી જળવાઈ રહે તે માટે સુચારૂ આયોજન કરવામાં આવ્યું છે. શહેરમાં કોઈ મતદાન મથકે માથાકૂટ થાય તેની ફરીયાદ માટે કંટ્રોલ રૂમ સવારથી જ ધમધમવા લાગ્યો હતો. સવારથી બપોર સુધીમાં છ ફરીયાદ કંટ્રોલરૂમને મળી હતી. જેમાં ઇવીએમ મશીન ખરાબ થવાની બે અને ૨૦૦ મીટરની અંદર ટેબલ ખરશી રખાવાની ત્રણ ફરીયાદ નોંધાઈ હતી. તેમજ વૈશાલીનગરમાં યુવકે પોતાના મોબાઈલમાં મતદાનનો વિડીયો આવ્યો હોવાની ફરિયાદ કરતાં પોલીસ દોડી ગઈ હતી અને તપાસ કરતાં કંઈ વાંધાજનક મળ્યું ન હતું.

લોકસભા ચૂંટણીની આચારસંહિતા લાગ્યાના દિવસથી જ પોલીસ કંટ્રોલ રૂમમાં એક અધિકારીની નિમણુંક કરી કાર્યરત થયો હતો. ત્યારે મતદાનના દિવસે પોલીસ કંટ્રોલ રૂમમાં કુલ પાંચ ફરીયાદ મળી હતી. જેમાં કુવાડવા ગામમાં આવેલ આર્યનગરની શાળા નં.૭૨ માં સવારે ૭.૩૭ વાગ્યે ઈવીએમ મશીન બંધ થવાની તેમજ તરઘડિયા ગામની સ્કૂલમાં પણ ઈવીએમ મશીન બંધ થયાની ફરિયાદ મળતાં સ્થાનિક પોલીસ દોડી ગઈ હતી.

તેમજ શહેરમાં સંવેદનશીલ કહેવાતાં વિસ્તાર રેલનગરમાં મતદાન શરૂ થયાના થોડાં સમયમાંજ ૨૦૦ મીટર અંદર ટેબલ ખુરશી રાખવા બાબતે સ્થાનિક લોકો અને નેતાઓ વચ્ચે રકઝક થયાની ફરિયાદ મળતાં ડીસીપી સુધીર દેસાઈ સહિત ઉચ્ચ પોલીસ અધિકારીઓ અને પ્ર.નગર પોલીસ મથકનો સ્ટાફ દોડી ગયો હતો અને વાત વણસે તે પહેલાં સ્થીતી કાબુમાં લીધી હતી. ઉપરાંત ભક્તિનગર સહકારનગર રોડ પરની શાળા નજીક પણ ૨૦૦ મીટરની અંદર ટેબલ-ખુરશી રાખવા બાબતે સ્થાનિક લોકો વચ્ચે બોલાચાલી થતાં પોલીસ દોડી ગઈ હતી અને મામલો શાંત પાડચો હતો. તેમજ આજીડેમ વિસ્તારમાં તિરૂપતિ સોસાયટીમાં આવેલ શાળા નજીક ૨૦૦ મીટરના અંતરે ટેબલ-ખુરશી નાંખવા બાબતની કંટ્રોલને ફરીયાદ મળતાં સ્થાનિક પોલીસ દોડી ગઈ હતી. ઉપરાંત વૈશાલીનગરમાંથી એક યુવકે પોતાના મોબાઈલમાં મતદાનનો વિડીયો આવ્યો હોવાની ફરિયાદ કરતાં પોલીસ દોડી ગઈ હતી અને તપાસ કરતાં મોબાઈલમાં કંઈ વાંધાજનક મળ્યું ન હતું. જેથી પોલીસે રાહતનો શ્વાસ લીધો હતો. તેમજ પોલીસ સૂત્રોએ જણાવ્યું હતુ કે, યુવાન માનસીક અસ્થિર હોય તેવું સામે આવ્યું હતું.

ઉલ્લેખનીય છેકે, મતદાન મથકો નજીક ૨૦૦ મીટરના અંતરે ટેબલ ખુરશી રાખવાં બાબતે તેમજ રાજકીય પક્ષોના કાર્યકરો સામસામે આવી જાય માથાકૂટ થયાના ભૂતકાળની ચૂંટણીમાં બનાવો બન્યા હોવાથી આ ચૂંટણીમાં શહેર પોલીસ સજ્જ થઈ છે અને લોકશાહીનો પર્વ શાંતિથી ઉજવાઈ તે માટે ખડેપગે રહી છે.

### યુવા ઉદ્યોગપતિ યોગીન છનિયારાએ મતદાન કર્યુ




મશીન ટૂલ્સ એસોસિએશનના પ્રમુખ, બાર્ગેશ્વરધામ ટ્રસ્ટના ટ્રસ્ટી, યુવા ઉદ્યોગપતિ સમાજસેવી અને શહેર ભાજપ અગ્રણી યોગીનભાઈ છનિયારાએ મતદાન કર્યું હતું.

### વૈભવ ન્યુઝ એજન્સીના વિજય મહેતા દ્વારા મતદાન કરાયું :



સૌ નાગરિકોને સમયસર અને વધુમાં વધુ મતદાન કરવા અપીલ કરી



### ડો. અમિત હપાણી તથા ડો. બબીતા હપાણીએ મતદાન કર્યુ

રાજકોટના જાણીતા ડોકટર અમિતભાઈ હપાણી તથા ડો. શ્રીમતી બબીતાબેન હપાણીએ આજે સવારે મતદાન મથક પર જઈને મતદાન કરેલ અને લોકશાહીની પવિત્ર ફરજ નિભાવી હતી.





### વોર્ડ નં.૨માં લોકશાહી પર્વની અનોખી ઉજવણી

વોર્ડ નં.૨માં બુથ નં. ૧૫૬૧૫૮માં બુથના ટેબલ પર આજે મતદાન કરવા આવતા મતદાતાઓને રોપા વિતરણ તથા જળ એ જ જીવન છે ને અનુલક્ષીને વરસાદનું પાણી રીચાર્જ કેમ કરવું તેનું માર્ગદર્શન આપવામાં આવી રહ્યું છે. લોકશાહી પર્વની ઉજવણી સાથે થઈ રહેલી સામાજીક પ્રવૃતિને પણ મતદારોએ વખાણી રહી છે. આ કાર્ય માટે પરાગભાઈ શાહ, ધીરેનભાઈ કારીયા તથા અજયભાઈ કારીયાએ જહેમત ઉઠાવી હતી.

### એલસીબીની ટીમે દારૂની પાંચ બોટલ સાથે નિખીલ શર્માને ઝડપી પાડયો

રાજકોટ તા.૭

રાજકોટ એલ.સી.બી. ઝોન-૨ ની ટીમે દારુની પાંચ બોટલ સાથે નિખીલ શર્માને ઝડપી પાડયો હતો.

રાજકોટ એલ.સી.બી. ઝોન-૨ નો સ્ટાફ પેટ્રોલીંગમાં હતો દરમિયાન હેડ કોન્સ્ટેબલ મૌલિકભાઈ સાવલીયા,રાહુલભાઈ ગોહેલને બાતમી મળી હતી કે જામનગર રોડ ડીસ્ટ્રીક્ટ કોર્ટ બીલ્ડીંગની બાજુમાં ગોડાઉન રોડ ઉપર એક ઇસમ દારુની બોટલ સાથે ઉભો છે. જે સ્થળે દરોડો પાડી નિખીલ જયંતભાઇ શર્મા (ઉ.વ.૫૦ રહે- ગોડાઉન રોડ પરશુરામ પાર્ક ગોકુલ બંગલો બ્લોક નં.૭ જામનગર રોડ રાજકોટ) ને દારુની ૫ બોટલ સાથે દબોચી લીધો હતો. પોલીસે એક બાઈક, મોબાઈલ સહીત રૂ.૪૨, ૫૦૦નો મુદ્દામાલ કબ્જે કર્યો હતો.

## માળીયામીંયાણા પાસે ટ્રક સાથે રોંગ સાઈડમાં આવતો ટ્રક અથડાયો: કલીનરનું કમકમાટીભર્યુ મોત

### ૨૨ વર્ષીય બિહારી યુવક થાનથી ટ્રકમાં ટાઈલ્સ ભરી મુંદ્રા ખાલી કરવા જતો હતો ત્યારે સામેથી માતેલા સાંઢની માફક આવેલા કાળમુખા ટ્રકના ચાલકે અથડાવતા કલીનર સાઈડ બુકડો બોલી ગયો:માળીયા પોલીસ દોડી ગઈ: યુવાન પુત્રના મોતથી બિહારી પરીવારમાં કાળો કલ્પાંત

રાજકોટ તા.૭

માળીયામીંયાણા નજીક ટ્રક સાથે રોંગ સાઈડમાં આવતો કાળમુખો ટ્રક અથડાતા કલીનર સાઈડનો બુકડો બોલી ગયો હતો અને ૨૨ વર્ષીય કલીનરનું ઘટનાસ્થળે જ કમકમાટીભર્યુ મોત નિપજયું હતું. બનાવની જાણ થતા માળીયામીંયાણા પોલીસ દોડી આવી હતી.

પ્રાપ્ત વિગત મુજબ મુળ બિહારના શારન પંથકનો વતની અને હાલ મુંદ્રા રહેતો એસ ભવાની દુર્ગાસીંઘ (ઉ.૨૨) રાજકોટના વિશાલ ટ્રાન્સપોર્ટમાં કલીનરની નોકરી કરે છે અને ગઈકાલે તે ટ્રકના ડ્રાઈવર વિક્રમભાઈ સાથે થાન પહોંચ્યા હતા અને ત્યાંથી ટાઈલ્સનો સામાન ટ્રકમાં ભરી મુંદ્રા તરફ આવવા રવાના થયા હતા. દરમિયાન આજે વ્હેલી સવારે છ વાગ્યાની આસપાસ માળીયા મીંયાણાના દેવસોલ્ટ કારખાના પાસે ટ્રક હાઈવે પર જઈ રહ્યો હતો ત્યારે સામેથી રોંગ સાઈડમાં આવતા અજાણ્યા ટ્રકના ચાલકે ટ્રક અથડાવતા કલીનર સાઈડની કેબીનનો બુકડો બોલી ગયો હતો અને કલીનરનું દબાઈ જવાથી ઘટનાસ્થળે જ કમકમાટીભર્યુ મોત નિપજયું હતું. બનાવની જાણ થતા માળીયા પોલીસ ઘટના સ્થળે દોડી આવી હતી અને જરૂરી કાર્યવાહી કરી મૃતદેહને પીએમ અર્થે ખસેડી ટ્રક ચાલક સામે ગુનો નોંધવા તજવીજ હાથ ધરી હતી. વધુમાં મળેલ વિગત મુજબ મૃતક મુળ બિહારનો વતની અને છેલ્લા ચાર વર્ષથી પરીવાર સાથે મુંદ્રામાં રહેતો હતો. તેમજ મૃતક ત્રણ ભાઈમાં વચેટ છે બનાવથી બિહારી શ્રમિક પરીવારમાં કાળો કલ્પાંત છવાયો હતો.

### લોકસભા ચૂંટણી મતદાન ખત્મ થતાની સાથે જ સહકારી ક્ષેત્રનો મોરચો ખુલ્યો

# સહકારી ક્ષેત્ર ધગધગ્યુઃ રાદડીયાના સમર્થનમાં સંઘાણી; પાટીલ સામે સવાલ

## ઈફકોના મતદારોનો સાંજથી જ દિલ્હીમાં કેમ્પ

### ૨૧માંથી માત્ર ૧ બેઠક પર જ કેમ વ્હીપ ઈસ્યુ થયો? મેન્ડેટ મેળવનારા બીપીન ગોતા ભાજપ પ્રમુખ પાટીલની નજીકઃ રાદડીયાનુ રાજકારણ ખત્મ કરવાની કિન્નાખોરીઃ દિલીપ સંઘાણી આક્રમક

રાજકોટ તા.૭

લોકસભા ચૂંટણીનું મતદાન ખત્મ થવાની સાથે જ સાંજથી નવો 'સહકારી રાજકારણ'નો મોરચો ખુલવાના એંધાણ છે. ગુરૂવારે ઈફકોની ચૂંટણી છે અને ગુજરાતની એક બેઠકમાં ત્રિપાંખીયો જંગ છે. ભાજપના મેન્ડેટની સામે પડીને જયેશ રાદડીયા તથા પંકજ પટેલે ફોર્મ ભર્યા હોવાથી ઉતેજના છે.

ભાજપમાં જ સહકારી ક્ષેત્રે બળાબળના પારખા થવાના ચિત્ર વચ્ચે સહકારી નેતા દિલીપ સંઘાણી પણ ખુલ્લેઆમ રાદડીયાના સમર્થનમાં આવ્યા છે અને ભાજપ પ્રદેશ પ્રમુખ સી.આર.પાટીલનું કૃત્ય કિન્નાખોરી ભર્યુ ગણાવ્યુ છે.

દેશના ટોચના સહકારી સંગઠન એવા ઈફકોમાં તા.૯ મે ને ગુરુવારે ચૂંટણી થવાની છે. ઈફકોનુ બોર્ડ ૨૧ ડાયરેકટરો છે તે ત્રણ વિભાગોમાં વિભાજીત છે. ૮ બેઠકો રાજયકક્ષાની, ૮ બેઠકો ગ્રામ્ય મંડળીઓ તથા બાકીની મહિલા વિભાગની છે. રાજયકક્ષામાં ગુજરાતમાંથી પોતાની ઉમેદવારી છે. ગ્રામ્ય મંડળી વિભાગની એક બેઠક છે તેમાં ભાજપના જ ત્રણ ઉમેદવારોએ ફોર્મ ભર્યા છે. ગુજરાતમાં સહકારી ચૂંટણી પણ ભાજપ પક્ષીય ધોરણે લડતુ હોય છે અને તેના આધારે પ્રદેશ પ્રમુખ સી.આર.પાટીલની સહી સાથે બીપીનભાઈ પટેલ (ગોતા)ના નામનો મેન્ડેટ ઈસ્યુ કરાયો હતો. ભાજપના નિર્ણય વચ્ચે પણ જયેશ રાદડીયા તથા પંકજ પટેલે ઉમેદવારી નોંધાવી હતી અને ફોર્મ પાછા ખેંચ્યા ન હતા. બન્નેએ લડી લેવાનો મિજાજ દાખવતા ભાજપના જ સહકારી નેતાઓ વચ્ચે બળાબળના પારખા થવાનુ ચિત્ર સર્જાયુ છે.



ભાજપની આંતરિક લડાઈ વચ્ચે ઈફકોના ચેરમેન અને ભાજપના નેતા– પુર્વ સાંસદ દિલીપ સંઘાણીએ પણ ભાજપની નીતિરીતિ સામે નારાજગી દર્શાવી છે અને જયેશ રાદડીયાની ખુલ્લી તરફેણ કરી છે. તેઓએ કહ્યું કે ૨૧ બેઠકોમાંથી માત્ર એક બેઠક પર ભાજપે વ્હીપ ઈસ્યુ કર્યો તે કિન્નાખોરીની શંકા ઉપજાવે છે. આ કેટલુ વ્યાજબી કહેવાય? હું પોતે પણ ગુજરાતની બેઠક પરથી લડયો છું. મહિલા બેઠક પણ છે છતાં માત્ર એક સીટ માટે વ્હીપ ઈસ્યુ કરાયો છે તે ભેદભાવ જ છે. પ્રદેશ પ્રમુખ સી.આર.પાટીલે વ્હીપ ઈસ્યુ કર્યો છે. તેઓએ ત્રણેય સીટ પર આપવાની જરૂર હતી. જયેશ રાદડીયાનું રાજકારણ ખત્મ કરી નાખવાનો પ્રયાસ હોઈ શકે છે. બીપીન ગોતા પ્રદેશ પ્રમુખ સી.આર.પાટીલની નજીક છે. આ નિર્ણય પર પાટીલે જવાબ આપવો જોઈએ. તેઓએ એમ કહ્યું કે બળાબળના પારખામાં જીત જયેશ રાદડીયાની જ થાય તેમ છે.

દરમ્યાન ઈફકોમાં આંતરિક લડાઈ નકકી થઈ ગઈ હોવાથી ત્રણેય ઉમેદવારો દ્વારા કાવાદાવા શરૂ કરી દેવામાં આવ્યા છે. રાજકોટના ૪૦થી વધુ મતદારોને આજે સાંજે જ દિલ્હી રવાના કરી દેવામાં આવે તેવી ચર્ચા છે. સૌરાષ્ટ્રના અન્ય મતદારોને પણ દિલ્હીમાં 'સુરક્ષિત' સ્થળે રાખવાનો વ્યુહ છે અને સાંજે લોકસભા ચૂંટણીનું મતદાન ખત્મ થયા બાદ સહકારી આગેવાનો સહકારીના ચોકઠા ગોઠવવા લાગશે તેવા નિર્દેશ છે. વ્યુહબાજી ઘડવામાં હાલનો એક જ દિવસ મળવાનો છે છતાં 'પહોંચી વળવાની' તૈયારી રાખવામાં આવી છે. ભાજપ દ્વારા વ્હીપ ઈસ્યુ થયો હોવાથી મતદારોને 'પાર્ટી સ્ટેન્ડ' સંદેશા પણ નવેસરથી આપવાનું શરૂ થયુ છે.

મતદારો પાર્ટીલાઈન મુજબ આગળ વધશે કે 'પોતાના નેતા'નુ સમર્થન કરશે તેના પર માત્ર સહકારી ક્ષેત્રની જ નહીં પરંતુ ભાજપ નેતાગીરીની નજર પણ રહી શકે છે.

ઈફકોમાં ચુંટણી ગુરૂવારે થવાની છે તે પુર્વે ભાજપ દ્વારા કોઈ સ્ટેન્ડ બદલાવાય છે કે કેમ તેના પર પણ નજર રહેશે. જો કે, જાણકારોના કહેવા પ્રમાણે હવે મોડુ થઈ ગયુ છે ત્યારે નેતાગીરી 'અફર' રહી શકે છે.

# લોકસભા ચૂંટણી ટાણે કાશ્મીરમાં ત્રાસવાદી હુમલોઃ ૩ આતંકી ઠાર

### ગઈકાલે રાતથી ફલગામમાં સુરક્ષા દળોએ આતંકીઓને ઘેરી લીધેલાઃ ઘેરો તોડવા સુરક્ષા દળો પર ફાયરીંગ કરનાર આતંકીઓ પર જવાબી કાર્યવાહીમાં લશ્કરના આતંકી સહિત ત્રણ આતંકી ઠારઃ ઓપરેશન યથાવત

શ્રીનગર (જમ્મુ-કાશ્મીર) તા.૭

હાલ દેશમાં ત્રીજા ચરણની લોકસભા ચૂંટણી ચાલી રહી છે ત્યારે જમ્મુ-કાશ્મીરના ફુલગામમાં ગઈકાલે રાત્રિથી આતંકીઓ અને સુરક્ષા દળો વચ્ચેની અથડામણમાં અત્યાર સુધીમાં ત્રણ આતંકીઓ ઠાર થયા છે.

આ અંગેની વિગત મુજબ દક્ષિણ કાશ્મીરના ફુલગામ જિલ્લામાં રેડવાની પાઈન વિસ્તારમાં ગઈરાતથી આતંકીઓ અને સુરક્ષા દળો વચ્ચે ભારે ગોળીબારી ચાલી રહી છે. આ અથડામણમાં અત્યાર સુધીમાં ત્રણ આતંકીઓ માર્યા ગયાના ખબર છે. વિસ્તારમાં ફસાયેલા બે આતંકીઓમાં મુખ્ય લશ્કરનો કમાન્ડર પણ સામેલ છે.




ગઈકાલે રાત્રે સાડા ૧૦ વાગ્યાની આસપાસ જયારે સુરક્ષશ દળોએ ગામની ઘેરબંધી કરીને આગળ વધવાનો પ્રયાસ કર્યો તો એક જગ્યાએ છુપાયેલા આતંકીઓને ખબર પડી ગઈ હતી. તેમણે પોતાનું સ્થળ છોડી ભાગવાનો પ્રયાસ કર્યો તો તેમણે જવાનોની ઘેરાબંધી તોડવા માટે તેમના પર પહેલા રાયફલ ગ્રેનેડ છોડયા હતા અને ત્યારબાદ ઓટોમેટિક હથિયારોથી ફાયરીંગ કર્યું હતું. ૭ સુરક્ષાદળોએ પોતાના બચાવ માટે જવાબી ફાયરીંગ કર્યું હતું અને તે સાથે જ અથડામણ શરૂ થઈ ગઈ હતી.

સંબંધીત અધિકારીઓએ જણાવ્યું હતું કે અથડામણના સ્થળે મકાનોમાં રહેતા અનેક લોકોને સુરક્ષિત સ્થળે પહોંચાડવામાં આવ્યા હતા જેથી નાગરિકોને કોઈ પ્રકારની હાની ન થાય અથડામણના સ્થળને ચારે તરફથી ઘેરી લેવામાં આવ્યું છે. આતંકીઓને ભાગવાના બધા રસ્તા બંધ કરી દેવામાં આવ્યા હતા.

# N.R.I. રૂા.૩ લાખ ખર્ચી મત આપવા આવ્યા તો એક દર્દી એમ્બ્યુલન્સમાં મતદાન કેન્દ્રએ પહોંચ્યા

### પવિત્ર ફરજ બજાવવાનો જબરો ઉત્સાહ જોવા મળ્યો

રાજકોટઃ વિદેશમાં વસતા ભારતમાં દેશમાં યોજનારી ચુંટણીમાં મતદાન કરવા આતુર હોય છે તે વચ્ચે એક બિનનિવાસી ભારતીય દ્વારા ૩ લાખ ખર્ચીને મત આપવા સ્વદેશ આવ્યા હોવાનું જણાવીને તમો પોતે આ પવિત્ર ફરજ ચુકવવા માંગતા નથી તેવું ઉમેર્યુ હતું.

મોરબીમાં ૨૨ વર્ષથી અમેરિકામાં સ્થાયી એનઆરઆઈ પ્રશાંચ ચંદારાણા લોકશાહીના પર્વને ઉજવવા પોતાના વતન પહોંચ્યા હતા. અમેરિકામાં રહેતા મોરબીના એનઆરઆઈએ ૩ લાખ રૂપિયાનો ખર્ચ કરીને મતદાન કરવા માટે મોરબી પહોંચ્યા હતા. મોરબીની વી.સી.હાઈસ્કુલમાં મતદાન કરીને તેમણે ભારતીયોને વધુમાં વધુ મતદાન કરવા અપીલ કરી છે.

વડોદરામાં પણ હાર્ટ એટેક બાદ દર્દી એમ્બ્યુલન્સમાં પોતાના મતાધિકારનો ઉપયોગ કરવા માટે પહોંચ્યા હતા. ૨ મે ના હાર્ટએટેક આવતા દર્દીને હોસ્પિટલમાં દાખલ કરાયા હતા. દરમિયાન તેમણે ૭ મે એ મત આપવાની ઈચ્છા દર્શાવી હતી. આથી હોસ્પિટલ સ્ટાફે પણ તેમની મદદ કરી હતી અને તેઓ એમ્બ્યુલન્સમાં વ્હીલચેર પર બેસીને મતદાન મથક સુધી પહોંચ્યા હતા અને પોતાનો મત આપ્યો હતો.

### જેડીએસના નેતાના સેકસ સ્કેન્ડલ બાદ હવે...

# ભાજપ માટે માથાનો દુઃખાવો બન્યા સાથી પક્ષોઃ ટીડીપીએ મુસ્લિમ અનામતનું સમર્થન કર્યું!

### જો સતામાં આવીશ તો મુસ્લિમોને ૪ ટકા અનામતઃ નાયડુ

નવી દિલ્હી તા.૭

ભાજપના સહયોગી પક્ષો ભાજપ માટે માથાનું દુઃખાવો બન્યા છે. કર્ણાટકમાં પાર્ટીના સહયોગી જદ (એસ)ના નેતાઓ પ્રજવલ રેવન્ના અને એચડી રેવન્નાના સેકસ સ્કેન્ડલથી ભાજપ ફસાયુ છે ત્યાં અન્ય સહયોગી પાર્ટી ટીડીપીના પ્રમુખ ચંદ્રાબાબુ નાયડુએ પોતે સતામાં આવશે તો મુસલમાનોને ૪ ટકા અનામતની જાહેરાત કરતા ભાજપ માટે વધુ એક મુસીબત ઉભી થઈ છે.



ઉલ્લેખનીય છે કે આંધ્રપ્રદેશમાં સહયોગી પાર્ટી ટીડીપીએ ત્યારે ઓબીસી અનામતમાં મુસ્લિમ કરોટાનું સમર્થન કર્યુ છે જયારે વડાપ્રધાન મોદી અને યુપીના સીએમ યોગી આદીત્યનાથ અને ભાજપ મુસ્લિમ અનામત મુદ્દે વિપક્ષ પર પ્રહારો કરી રહ્યા છે અને તેને ઓબીસીના અધિકાર પર તરાપ સાથે જોડી રહ્યા છે. ટીડીપી પ્રમુખ ચંદ્રાબાબુ નાયડુ પોતાનું હિત જોઈ રહ્યા છે, ખરેખર તો રાજયમાં મુસ્લિમ મતદાતા ૪૦થી૫૦ વિધાનસભા સીટો પર પ્રભાવક છે. નાયડુ મુસ્લિમ અનામતનું સમર્થન કરીને આ વોટબેન્કને પોતાના પક્ષ તરફ વાળવાનો પ્રયાસ કરી રહ્યા છે.

# સંદેશખાલી સ્ટીંગ ઓપરેશન મુદ્દે રાજકારણ ગરમાયુંઃ સચ્ચાઇ દબાવવાની કોશિશઃ ભાજપ

### શાહજહાં શેખને કલીનચિટ અપાવવા બોગસ વીડિયો ટીએમસીએ વાયરલ કર્યોઃ મજુમદાર

કોલકતા, તા.૭

શનિવારે ટીએમસીએ એક વીડિયો જાહેર કર્યો હતો જેમાં દાવો કરવામાં આવ્યો હતો કે સંદેશ ખાલી વિવાદ પાછળ ભાજપનું કાવતરુ છે. જો કે પશ્ચિમ બંગાળ ભાજપના અધ્યક્ષ સુકાંત મજુમદારે આક્ષેપ લગાવ્યો છે કે સંદેશ ખાલી મામલામાં મુખ્ય આરોપી શાહજહાં શેખને કલીનચિટ આપવા આ વીડિયો જાહેર કરવામાં આવ્યો છે.



મજુમદારે જણાવ્યું હતું કે સંદેશખાલી પર જે કથિત સ્ટીંગ ઓપરેશન કરવામાં આવ્યું છે તે સંદેશખાલીની સચ્ચાઇને દબાવવાનો પ્રયાસ છે. મજુમદારે આ વીડિયો જાહેર કરવાના સમય પર પણ સવાલ ઉઠાવ્યા છે. મજુમદારે આક્ષેપ લગાવ્યો હતો.

આ વીડિયો બોગસ છે પણ લોકોને બેવકુફ બનાવવા સહેલા નથી. મજુમદારે આ વીડિયો એઆઇ ટેકનિકનો ઉપયોગ કરીને બનાવાયો છે તેમ કહ્યું છે.

આ વીડિયો બહાર આવ્યો કે ટીએમસી નેતા અભિષેક બેનર્જીએ જણાવ્યું હતું કે પાર્ટીએ શાહજહાં શેખને બરખાસ્ત કરતાં પહેલા વિચારવું જોઇતું હતું. હવે વીડિયોને શાહજહાં શેખને કલીનચિટ આપવામાં ઉપયોગી થશે.

# ચેક રિપબ્લિકે અમેરિકાને આપ્યો ઝટકોઃ પન્નુ કેસમાં આરોપી નિખિલ ગુપ્તાનું પ્રત્યાર્પણ રોકયું

### ખાલિસ્તાની આતંકી પન્નુની હત્યાના કાવતરામાં નિખિલ ગુપ્તાએ કિલરને પૈસા આપ્યાનો અમેરિકાએ આરોપ લગાવેલો



પ્રાગ (ચેક) તા.૭

ખાલિસ્તાની આતંકી ગુરપતવંતસિંહ પન્નુની હત્યાના કાવતરાના કેસમાં આરોપી નિખિલ ગુપ્તાના પ્રત્યાર્પણ મામલે ચેક રિપબ્લિકે અમેરિકાને મોટો ઝટકો આપ્યો છે. નિખિલના અમેરિકાને પ્રત્યાર્પણ પર રોક લગાવી છે. નિખિલ હાલ ચેક રિપબ્લિકની જેલમાં આરોપ છે કે નિખિલ ગુપ્તાએ પન્નુ હત્યા માટે એક કિલરને પૈસા આપ્યા હતા. આ અંગેની વિગત મુજબ ચેક રિપબ્લિકની સર્વોચ્ચ અદાલતે ખાલિસ્તાની આતંકી ગુરપતવંતસિંહ પન્નુની કથિત હત્યાના કાવતરામાં વોન્ટેડ ભારતીય નાગરિક નિખિલ ગુપ્તાના અમેરિકાના પ્રત્યાર્પણને રોકી દીધું છે.

ઉલ્લેખનીય છે કે આ પહેલા ચેક ગણરાજયની નીચલી અદાલતે નિખિલ ગુપ્તાના પ્રત્યાર્પણને મંજૂરી આપી હતી. અમેરિકી જસ્ટિસ ડિપાર્ટમેન્ટે આરોપ લગાવ્યો છે કે નિખિલ ગુપ્તાએ એક કોન્ટ્રાકટ કિલરને પન્નુની હત્યા માટે પૈસા આપ્યા હતા. આ કેસની તપાસ માટે ભારતે પણ એક ઉચ્ચ સ્તરીય તપાસ ટીમની રચના કરી છે.

ચેક રિપબ્લિક ન્યાય મંત્રાલયના પ્રવકતા માર્કેટા એન્ડ્રોવાએ જણાવ્યું હતું કે આ વચગાળાના નિર્ણયનો મતલબ છે ન્યાયમંત્રી ત્યાં સુધી પ્રત્યાર્પણ કે ઈનકાર પર નિર્ણય ન લઈ શકે જયાં સુધી બંધારણીય ન્યાયાલય નિખિલ ગુપ્તા દ્વારા દાખલ ફરિયાદની યોગ્યતા પર કોઈ નિર્ણય નથી લેતું.

# શેરબજારમાં કડાકા બાદ આંશિક રીકવરીઃ આંક ૩૪૩ પોઈન્ટ ઘટયો

### રોકડાના શેરોમાં જોરદાર વેચવાલીઃ આઈટી શેરોમાં કરંટ

રાજકોટ તા.૭

મુંબઈ શેરબજારમાં આજે મંદીનો આંચકો હતો. દેશમાં ત્રીજા તબકકાના મતદાનને પગલે માનસ સાવચેતીનુ બનતા સેન્સેકસ ૬૦૦ પોઈન્ટથી વધુ ગગડયા બાદ આંશિક રિકવર થયો હતો.

શેરબજારમાં આજે શરૂઆત સ્થિર ટોને થયા બાદ થોડો વખત ગ્રીન ઝોનમાં રહીને મંદીના માર્ગે વળાંક લઈ લીધો હતો. હેવીવેઈટ શેરો વેચવાલીના દબાણથી નીચે ઉતરવા લાગ્યા હતા. મીડકેપ-સ્મોલકેપ જેવા રોકડાના શેરોમાં દબાણ વધુ જણાયુ હતું. જાણીતા શેરબ્રોકરોના કહેવા પ્રમાણે લોકસભા ચૂંટણીમાં ભાજપને અગાઉના અંદાજ મુજબ બેઠકો નહીં મળવાની આશંકા વ્યકત થવા લાગતા સાવચેતીનું માનસ ઉભુ થયુ હતું.

શેરબજારમાં આજે મોટાભાગના શેરોમાં ગાબડા હતા. ટાઈટન, અલ્ટ્રાટેક સિમેન્ટ, એશિયન પેઈન્ટસ, એકસીસ બેંક, એચસીએલ ટેકનો, એચડીએફસી બેંક, આઈસીઆઈસીઆઈ બેંક, ઈન્ડુસઈન્ડ બેંક, જેએસડબલ્યુ સ્ટીલ, લાર્સન, મહીન્દ્ર, મારૂતી, એનટીપીસી, રીલાયન્સ, ટાટા મોટર્સ, ટાટા સ્ટીલ, બજાજ ઓટો, પાવરગ્રીડ, હિન્દાલ્કો, સીપ્લા વગેરેમાં ઘટાડો હતો. હિન્દ લીવર, ઈન્ફોસીસ, કોટક બેંક, ટીસીએસ, બ્રીટાનીયા, ટેક મહીન્દ્ર, નેસલેમાં સુધારો હતો.

મુંબઈ શેરબજારનો સેન્સીટીવ ઈન્ડેકસ ૩૪૩ પોઈન્ટના ઘટાડાથી ૭૩૫૫૧ હતો તે ઉંચામાં ૭૪૦૨૬ તથા નીચામાં ૭૩૨૫૯ હતો. નેશનલ સ્ટોક એકસચેંજનો નિફટી ૧૨૪ પોઈન્ટના ઘટાડાથી ૨૨૩૧૮ હતો તે ઉંચામાં ૨૨૪૯૯ તથા નીચામાં ૨૨૨૩૨ હતો.

### ચૂંટણી દર પાંચ વર્ષે આવે છે ભલે અપરાધમાં સામેલ હોય પણ રાજનેતાને તેનાથી દુર રાખી શકાય નહીઃ સર્વોચ્ચ અદાલત

# કેજરીવાલને વચગાળાના જામીન! તીખી દલીલોઃ ગુરૂવારે સુપ્રીમનો ફેસલો

### રૂા.૧૦૦ કરોડનું કૌભાંડ કઈ રીતે ૧૧૦૦ કરોડનું થઈ ગયુંઃ જામીનનો વિરોધ કરી રહેલા એડી. સોલીસીટર જનરલને સુપ્રીમના તીખા પ્રશ્નો



### ત્રીજી સુનાવણી બાદ પણ દિલ્હીના મુખ્યમંત્રીને હાલ રાહત નહીઃ જો કે સતાવાર ફાઈલોમાં સહી નહી કરવાની શરતે સુપ્રીમ પ્રચાર માટે વચગાળાના જામીન આપે તેવા સંકેત

નવી દિલ્હી તા.૭

એકસાઈઝ પોલીસીના વિવાદ વચ્ચે જેલમાં રહેલા દિલ્હીના મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલને હવે વચગાળાના જામીન માટે ગુરુવાર સુધી રાહ જોવી પડશે. શરાબકાંડમાં પોતાની ધરપકડને પડકારતી રીટ અરજી પર સુનાવણી સમયે એક તબકકે સુપ્રીમકોર્ટે શા માટે કેજરીવાલને વચગાળાના જામીન ન આપવા તે મુદ્દે ઈડી તરફથી રજુ થયેલા એડી. સોલીસીટર જનરલ અને સોલીસીટર જનરલની સાથે સુપ્રીમકોર્ટના ન્યાયમૂર્તિ સંજીવ ખન્ના અને દીપાંકર દતાની ખંડપીઠે પ્રશ્નોની ઝડી વરસાવી હતી અને તેની સાથે જ જણાવ્યું હતું કે ચોકકસપણે આ કેસ અન્ય જેવો છે પરંતુ ભુલવું ન જોઈએ કે કેજરીવાલ ચુંટાયેલી સરકારના વડા છે અને તેથી અમે તેમને વચગાળાના જામીન આપવા વિચારણા કરી શકીએ છીએ. સર્વોચ્ચ અદાલતમાં સોલીસીટર જનરલ એસ.વી.રાજુએ એવો દાવો કર્યો હતો કે રૂા.૧૦૦ કરોડના હવાલા ટ્રાન્ઝેકશન અંગે પણ અમે રજુ કરવા માંગીએ છીએ કે અને મનીષ સીસોદીયાના જામીન નકારતા સમયે પણ એક ફરિયાદ આવી હતી અને રૂા.૧૧૦૦ કરોડ એટેચ કરાયા છે. જો કે સુપ્રીમકોર્ટના ન્યાયમૂર્તિ ખન્નાએ સીધો પ્રશ્ન પૂછયો કે તમે જ રૂા.૧૦૦ કરોડના અપરાધની વાત કરી હતી તો રૂા.૧૧૦૦ કરોડ કઈ રીતે થઈ ગયા. આ તબકકે રાજુએ વળતી દલીલ કરતા જણાવ્યું કે જે ફાયદો થયો છે તે રૂા.૧૧૦૦ કરોડનો છે. પરંતુ સુપ્રીમકોર્ટે તે દલીલ માન્ય રાખી ન હતી. જો કે કેજરીવાલને જામીન આપી શકાય છે તે સંકેત આપતા સુપ્રીમ કોર્ટે કહ્યુ કે અમે નિયમિત જામીન પણ મંજુર કરી શકીએ છીએ તો વચગાળાના શા માટે નહી. બીજી તરફ કેજરીવાલના ધારાશાસ્ત્રીને પણ જણાવ્યું હતું કે જો તમને જામીન આપવામાં આવે તો મુખ્યમંત્રી દરજજે કોઈ સતાવાર ફાઈલો પર સહી કરી શકશો નહી. જો કે કેજરીવાલને રાજકીય ગતિવિધિની છુટ હોવાનો પણ સંકેત આપ્યો હતો. અદાલતે સ્વીકાર્યુ હતું કે મુખ્યમંત્રી એ કોઈ અધિકાર ધરાવતા નથી. પરંતુ ચુંટણી પાંચ વર્ષમાં એક વખત આવે છે અને અમે ઈચ્છતા નથી કે જે રાજનેતા અપરાધમાં સામેલ હોય તેને અલગથી ટ્રીટ કરવામાં આવે. ચુંટણી એ ફસલ નથી કે દર છ મહિને તે આવી શકે. હવે સર્વોચ્ચ અદાલત ગુરુવારે આ અંગે નિર્ણય આપે તેવી ધારણા છે.

## બિહારમાં મતદાન મથક પર મધમાખીઓનો હુમલોઃ અનેક ઘાયલ

બિહારમાં આજે ચુંટણી મતદાન દરમ્યાન જશપુરનગરના આરા મતદાન કેન્દ્રમાં મધમાખીઓએ હુમલો કરતા નાસભાગ મચી ગઈ હતી. આ હુમલામાં આઠ મતદારો ઘાયલ થતા સારવાર માટે હોસ્પીટલમાં ખસેડાયા હતા. થોડો વખત મતદાન પ્રક્રિયા પણ ખોરવાઈ હતી.

# બાઈકનું લીવર ચોટી જતાં અકસ્માત સર્જાયો, યુવકનું મોત

રાજકોટ તા.૭

બાઈકનું લીવર ચોટી જતાં અકસ્માત સર્જાયો હતો. જે અકસ્માતમાં દેવપરાના યુવકનું મોત નિપજ્યું હતું.

બનાવની વિગત મુજબ દેવપરામાં રહેતો અમીતભાઈ મનસુખભાઈ ભાલાળા (ઉ.વ.૩૫) ગત રોજ સાંજનાં સમયે પોતાનું બાઈક લઈને જતો હતો દરમિયાન થોરાળાની ૨૯ નંબરની શાળા પાસે બાઈકનું લીવર ચોટી જતાં બાઈક રિક્ષા સાથે અથડાયું હતું. જેમાં બાઈક ચાલકને ગંભીર ઈજાઓ પહોંચતા તુરંત યુવકને સારવાર અર્થે રાજકોટ સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો હતો. જ્યાં સારવારમાં યુવકે દમ તોડી દિધો હતો. બનાવ અંગે મૃતકના પરિવારમાં કલ્પાંત છવાયો છે

# લોકસભાની પેટર્ન પર જ વિધાનસભાની પાંચ બેઠકોની પેટા ચૂંટણીનું મતદાન : પોરબંદરમાં ઓછું મતદાન : ભાજપ માટે ચિંતા

### આણંદ લોકસભા બેઠક હેઠળ આવતા ખંભાતમાં વધુ મતદાનથી કોંગ્રેસ તરફી ટ્રેન્ડ હોવાનું વિશ્લેષણ : ભાજપમાં ભળેલા પાંચ પૂર્વ ધારાસભ્યો હેમખેમ વિધાનસભા પહોંચશે કે કેમ તે ચર્ચા

રાજકોટ, તા. ૭

લોકસભા ચૂંટણી સાથે રાજયમાં વિધાનસભાની પાંચ બેઠકોની યોજાઇ રહેલી પેટા ચૂંટણીમાં પણ લોકસભાની પેટર્ન પર જ મતદાન થઇ રહ્યું છે અને તેથી જે તે સંસદીય બેઠકના પરિણામો સાથે તેની સાથે જોડાયેલી વિધાનસભા પેટા ચૂંટણીના પરિણામો પણ રસપ્રદ હશે તેવું માનવામાં આવે છે. પોરબંદર મત વિસ્તારમાં એક સાથે બે વિધાનસભા પેટા ચૂંટણીઓ છે. જેમાં પોરબંદર અને માણાવદર બંનેનો સમાવેશ થાય છે અને ઓછું મતદાન એ ભાજપ માટે ચિંતા બન્યું છે. તો આણંદ લોકસભા બેઠક હેઠળ આવતી ખંભાતમાં ઉંચા મતદાનના કારણે પેટા ચૂંટણીના પરિણામોમાં અપસેટ સર્જાઇ શકે છે. રાજયમાં વિજાપુર, વાઘોડીયામાં પણ પેટા ચૂંટણીનું મતદાન છે અને તેના કારણે રસપ્રદ રીતે સ્થિતિ જોવા મળી રહી છે. ખાસ કરીને કોંગ્રેસમાંથી રાજીનામુ આપીને ભાજપમાં આવેલા પાંચ પૂર્વ ધારાસભ્યોના ભાવી આ પેટા ચૂંટણી નિશ્ચિત થશે અને સુત્રોના જણાવ્યા મુજબ એક કે બે બેઠકોમાં અપસેટ સર્જાઇ શકે છે જોકે ભાજપે તમામ પાંચ બેઠકો જીતવાનો વિશ્વાસ વ્યકત કર્યો છે પરંતુ સ્થાનિક ફેકટરો પણ અસર કરી શકે છે.

### રાજકોટના બજાર ભાવ

| તેલ (૧૫ કિલો) | ભાવ |
|---|---|
| સીંગતેલ તેલ (નવા ડબ્બા) | ૨૫૫૫-૨૬૦૫ |
| સીંગતેલ (જૂના ડબ્બા) | ૨૫૦૫-૨૫૫૫ |
| કપાસીયા તેલ (નવા ડબ્બા) | ૧૭૦૫-૧૭૩૫ |
| કપાસીયા તેલ (જૂના ડબ્બા) | ૧૬૫૫-૧૬૮૫ |
| પામોલીયન તેલ | ૧૪૮૫-૧૪૯૦ |
| મસ્ટર્ડ તેલ | ૧૬૧૦-૧૬૪૦ |
| સનફ્લાવર તેલ | ૧૫૨૦-૧૫૪૦ |
| મકાઇ તેલ | ૧૫૨૦-૧૫૪૦ |
| વનસ્પતિ ઘી | ૧૬૯૦-૧૭૩૦ |
| કોપરેલ | ૨૪૦૦-૨૪૫૦ |
| દિવેલ | ૨૦૧૦-૨૦૩૦ |



**સોનુ-ચાંદી**

સોનુ (૧૦ ગ્રામ): ૭૪૦૦૦(-)

ચાંદી: ૮૪૨૦૦(+૪૦૦)

# તુમ ચલો તો હિન્દુસ્તાન ચલે... વહેલી સવારે હિંમત અને હોંશથી વડીલોએ કર્યું મતદાન



રાજકોટમાં આજે સવારે વહેલી સવારથી મતદારોની લાંબી લાઈનો જોવા મળી. ત્યારે સિનિયર સિટીઝન દ્વારા પણ હિંમત અને હોંશથી મતદાન કરવામાં આવ્યું હતું. કોઈ વ્હીલચેર પર તો કોઈ તેમના પરિવારજનોના સપોર્ટ સાથે મથક પર પહોંચ્યા હતા.


રાજકોટ : વૈશાલી નગર શેરી નં ૪માં માલધારી સમાજના ૧૦૦ જેટલા મહિલાઓ પરંપરાગત પહેરવેશમાં ઢોલ નગારા સાથે મતદાન કરવા પહોંચ્યા


રાજકોટ : જે.જે.પાઠક શાળા નંબર ૧૯માં એ ડિવિઝન પોલીસ સ્ટેશનનાં સ્ટાફ દ્વારા દિવ્યાંગ તથા સિનિયર સિટીઝનનોને મતદાન કરવા માટે આવતા મદદરૂપ થઇ સરાહનીય કામગીરી કરી હતી.



રાજ્યસભાના સાંસદ અને રિલાયન્સ ઇન્ડસ્ટ્રીઝના ડાયરેકટર પરિમલ નથવાણીએ તેમના વતન ખંભાળીયામાં મતદાન કર્યું : સૌને લોકતંત્રના પર્વમાં મતદાન કરવા કરી અપીલ

# સામાન્ય વ્યક્તિની જેમ લાઈનમાં ઊભા રહી મતદાન કરતા મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ


આજે સવારે અમદાવાદના શીલજ વિસ્તારમાં આવેલ શાળામાં મતદાન મથક પર મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ તેમના પુત્ર સાથે પહોંચ્યા હતા. સામાન્ય વ્યક્તિની જેમ પ્રોટોકોલ વગર લાઈનમાં ઊભા રહીને વોટ આપ્યો હતો.


ગુજરાતના મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના પુત્ર અનુજ પટેલે કર્યું મતદાન : શીલજની શાળામાં પરિવાર સાથે મતદાન કર્યું : અનુજ પટેલને ગત વર્ષ ૩૦ એપ્રિલના રોજ બ્રેઈન સ્ટ્રોક આવ્યો હતો, તેઓએ વ્હીલ ચેરમાં મથક પર પહોંચી મત આપ્યો


# રાજકોટ કલેક્ટર પ્રભવ જોશીએ ધર્મપત્ની સાથે સામાન્ય મતદાતાની જેમ લાઈનમાં ઊભા રહીને મતદાન કર્યું



રાજકોટ તા. ૦૭ મે : લોકસભા સામાન્ય ચૂંટણી-૨૦૨૪ના ત્રીજા તબક્કાના મતદાન કાર્યક્રમ હેઠળ રાજકોટ જિલ્લામાં મતદાન યોજાઇ રહ્યું છે. ત્યારે જિલ્લા ચૂંટણી અધિકારીશ અને કલેક્ટર પ્રભવ જોશીએ તેમના ધર્મપત્ની સહ ૬૯-રાજકોટ પશ્ચિમ વિધાનસભા મત વિસ્તારમાં આઈ.પી. મિશન સ્કુલ ખાતે બૂથ નં. ૨૮૪ પરથી મતદાન કર્યું હતું.

કલેક્ટર પ્રભવ જોશી અને તેમના ધર્મપત્ની એવા આસિસ્ટન્ટ જોઈન્ટ ઇન્કમટેક્સ કમિશનરશ્રી અનન્યા કુલશ્રેષ્ઠએ મતદાન કરવા અપીલ કરતાં કહ્યું હતું કે, ''લોકશાહીનો અવસર છે ત્યારે સૌ નાગરિકોએ તેમાં અચૂક મતદાન કરીને આ અવસરને ઉજવવો જોઈએ.'' આ તકે કલેક્ટરએ પરિવાર સહ સામાન્ય મતદાતા સમાન હરોળમાં ઊભા રહીને તમામ નિયમોના પાલન સાથે મતાધિકારની નૈતિક ફરજ નિભાવી હતી. મતદાન બાદ કલેક્ટર શ્રી તથા તેમના ધર્મ પત્નીએ સેલ્ફી પોઇન્ટ પર ઈન્કડ ફિંગર દર્શાવી અન્ય નાગરિકોને પણ મતદાન કરવા પ્રેરણા આપી હતી. અત્રે ઉલ્લેખનીય છે કે, આઈ.પી. મિશન શાળા ખાતે મતદાન મથક નંબર ૨૮૪માં ૫૮૧ પુરુષો અને ૫૩૨ સ્ત્રીઓ મળીને કુલ ૧૧૧૩ મતદાતાઓ નોંધાયેલા છે.

# પોલિંગ બૂથ પર ભાજપના સિમ્બોલની પેન જોઈ ભડક્યા શકિતસિંહ ગોહિલ


ગાંધીનગરમાં ગુજરાત પ્રદેશ કોંગ્રેસ પ્રમુખ શક્તિસિંહ ગોહિલ આકરા પાણીએ : મતદાન મથકની અંદર પ્રિસાઈડિંગ ઓફિસર ભાજપના સિમ્બોલ વાળી પેનનો ઉપયોગ કરતા હતા : શક્તિસિંહે કહ્યું નિયમો ફકત કોંગ્રેસ માટે, ભાજપ માટે નહિ ?

# મત આપી ફરજ નિભાવતા સાંઈરામ



જાણીતા લોકસાહિત્યકાર સાઈ રામ દવેએ આજે મતદાન કર્યું હતું. લોકતંત્રના પર્વમાં મત આપી ફરજ નિભાવી અને સૌ નાગરિકોને પોતાનો મત આપવા અપીલ કરી હતી.

# ગુજરાત કોંગ્રેસનાં પ્રવકતા રોહિતસિંહ રાજપૂતે વતન અનીડા ગામે મતદાન કર્યું



વિદ્યાર્થી નેતા અને ગુજરાત કોંગ્રેસનાં પ્રવકતા રોહિતસિંહ રાજપૂતે પોતાના વતન તાલાલા (ગીર) તાલુકાનાં અનીડા (ગીર) ખાતે મતદાન કર્યું હતું. સાથે તમામને મતદાન કરવા અપીલ કરી હતી.


આણંદ લોકસભા બેઠકના ઉમેદવાર અમીત ચાવડાએ સજોડે મતદાન કર્યુ.




# મતદાન મથક પર ડો.ભરત બોઘરા ગરમી પકડી ગયા! વ્યવસ્થા કરાવી

## મતદારોની લાઈનઃ કર્મચારીએ મોબાઈલ સામે વાંધો લેતા ખખડાવ્યા

રાજકોટ તા.૭

રાજકોટમાં આજે લોકસભાની ચૂંટણી માટે સવારે ઉત્સાહથી મતદાન શરૂ થયું હતું. ત્યારે પ્રદેશ ભાજપ ઉપપ્રમુખ ડો. ભરત બોઘરા વ્યવસ્થા કરાવવા માટે 'ગરમી' પકડી ગયા હતા!

આજે આત્મીય કોલેજ ખાતેના બુથ પર સવારે મતદારોની લાઈન લાગી હતી. આ સમયે ડો. બોઘરાએ કામગીરી ઝડપથી આગળ ધપાવવા અને મતદારોને વધુ સમય લાઈનમાં ઉભું રહેવું ન પડે તે જોવા સૂચના આપી હતી.

ડો. બોઘરા પાસે પાસ અને મોબાઈલ ફોન હતા. જેથી એક કર્મચારીએ વાંધો લેતા તેમની પાસે મંજૂરી હોવાનું જણાવી 'શું તમે વિદેશથી આવ્યા છો' તેવો સવાલ કરી લીધો હતો! મતદાન શાંતિથી ચાલતું રહ્યું હતું.


જાણીતા સંગીતકાર પંકજભાઈ ભટ્ટ, તેમના ધર્મપત્ની માલાબેન અને પુત્ર સાથે કર્યું મતદાન : સૌ નાગરિકોને મત આપવા કરી અપીલ

# વિજયભાઈ, વજુભાઈ, ભાનુબેન, સાંસદ, ધારાસભ્યો સહિતના મહાનુભાવોનું સવારમાં મતદાન



દર પાંચ વર્ષે આવતી લોકસભાની ચૂંટણીના આજે મહા પર્વે રાજકોટમાં રહેતા મંત્રી, પૂર્વ પ્રધાનો, પૂર્વ મુખ્યમંત્રી, ધારાસભ્યો, સાંસદે પરિવાર સાથે મત આપીને લોકશાહીમાં ફરજ અદા કરી હતી. આજે સવારે પૂર્વ મુખ્યમંત્રી વિજયભાઇ રૂપાણી અને અંજલીબેન રૂપાણીએ અનિલ જ્ઞાન મંદિર ખાતે વોટ આપ્યો હતો. તો પૂર્વ નાણામંત્રી અને કર્ણાટકના પૂર્વ રાજ્યપાલ વજુભાઇ વાળાએ પણ હરિહર કોમ્યુનિટી હોલ ખાતેના બુથ પર પોતાનું નામ ચકાસી મતદાનની ફરજ અદા કરી હતી. સાંસદ રામભાઇ મોકરીયાએ પણ પરિવાર સાથે મતદાન કર્યુ હતું. રાજકોટ ભાજપના દિગ્ગજ નેતાઓએ સવારમાં મત આપી દીધો હતો. કેબીનેટ મંત્રી ભાનુબેન બાબરીયા, મનહરભાઇ બાબરીયાએ પરિવાર સાથે ફરજ અદા કરી હતી. તો ધારાસભ્ય ઉદયભાઇ કાનગડ અને વૈશાલીબેન કાનગડે નવયુગ સ્કુલ ખાતે મત આપ્યો હતો. ધારાસભ્ય ડો.દર્શિતાબેન શાહ અને રમેશભાઇ ટીલાળા દંપતિએ પણ સવારમાં મતદાન કર્યુ હતું. પૂર્વ મેયર અને ફાયનાન્સ બોર્ડના પૂર્વ ચેરમેન ધનસુખ ભંડેરીએ ધર્મપત્ની કૈલાસબેન સાથે મથક પર જઇને મત આપ્યો હતો.



## વતનમાં મતદાન કરતા પૂર્વ સાંસદ દિલીપભાઈ સંઘાણી

અમરેલીના ભૂતપૂર્વ ધારાસભ્ય અને સહકારી ક્ષેત્રના અગ્રણી દિલીપભાઇ સંઘાણીએ આજે પોતાના વતન અને મત ક્ષેત્ર મળીલા ખાતે મત આપ્યો હતો. પરિવાર સાથે તેઓ બુથ પર પહોંચ્યા હતા અને મતદાનની ફરજ અદા કરી હતી.



## ગાંધીનગર ખાતે મતદાન કરતા મુખ્ય સચિવ રાજકુમાર

રાજયના મુખ્ય સચિવ રાજકુમારે આજે ગાંધીનગર સેકટર-૧૯ના મતદાન મથકે વોટ આપીને મતાધિકારનો ઉપયોગ કર્યો હતો અને લોકશાહી પર્વમાં સૌને કિંમતી મત આપવા અપીલ કરી હતી. તેમણે વિશ્વાસપૂર્વક જણાવ્યું હતું કે સવારે ૭ વાગ્યાથી સાંજના ૬ વાગ્યા સુધી મહતમ નાગરિકો પોતાના મત આપીને લોકશાહી પર્વમાં ભાગીદાર બનશે.



## મુખ્ય નિર્વાચન અધિકારી શ્રીમતી પી.ભારતીનું સહપરિવાર મતદાન

લોકશાહીના મહાપર્વ નિમિત્તે આજે મુખ્ય નિર્વાચન અધિકારી શ્રીમતી પી.ભારતીએ ગાંધીનગર સેકટર-૯ના મતદાન મથક ખાતે સહપરિવાર મતદાન કર્યુ હતું. સૌને પોતાના મતાધિકારનો ઉપયોગ કરવા તેઓએ અપીલ કરી હતી.



## એડેક્ષ એડ એજન્સીના જયેશભાઇ અને પત્ની હિનાબેનનું મતદાન

રાજકોટની જાણીતી એડેક્ષ એડ એજન્સીના જયેશભાઇ તથા તેમના ધર્મપત્ની હિનાબેન સોનાએ આજે મતદાન કરીને લોકશાહીની ફરજ બજાવી હતી.



## અમદાવાદમાં પૂર્વ ધારાસભ્ય ભરત પંડયાએ સહપરિવાર મતદાન કર્યુ

અમદાવાદના ભાજપના પૂર્વ ધારાસભ્ય ભરતભાઇ પંડયાએ આજે પોતાના મત ક્ષેત્રમાં ધર્મપત્ની અને પુત્ર સાથે મતદાન કરીને લોકશાહીમાં મહત્વની ફરજ અદા કરી હતી.



કમલ કો જીતાના હૈ, મોદી કો લાના હૈ..

## બાવન ઢોલી સાથે મવડીમાં રેલી : મતદાન માટે નરેન્દ્રબાપુની પ્રેરણા

રાજકોટ, તા. ૭

રાજકોટમાં આજે લોકશાહીના પર્વની ઉજવણી થઇ રહી છે ત્યારે મવડીમાંથી બાવન ઢોલી સાથેની રેલી કાઢીને પૂર્વ ડે.મેયર અને ભાજપ નેતા નરેન્દ્રભાઇ સોલંકીએ લોકોને મતદાન માટે પ્રેરણા આપી હતી.

આજે સવારે ઢોલી, સવા બસ્સો જેટલા કાર્યકર્તાઓની ટીમ સાથે કડીયા, વિશ્વકર્મા, પાટીદાર સહિતના સમાજના આગેવાનો અને કાર્યકરો સમુહમાં મતદાન કરવા નીકળ્યા હતા. વોર્ડ નં. ૧૧, ૧૨, ૧૩, ૧૪, ૧૭ અને ૧૮માં જનજાગૃતિ સાથે મતદાન કરવામાં આવ્યું હતું. નરેન્દ્રબાપુની આગેવાનીમાં ઢોલ-નગારા સાથે વધુને વધુ લોકોને મતદાન કરવા પ્રોત્સાહન આપવામાં આવ્યું હતું અને સૌને જવાબદારી યાદ કરાવી હતી.

કમલ કો જીતાના હૈ, મોદી કો લાના હૈ, સનાતન કો બચાના હૈ, ફરી દેર કૈસી, જલ્દી કરો મતદાન... આ વાત રેલીમાં ગુંજતી રહી હતી.

## દેશના વિકાસ માટે શહેર કોંગ્રેસ પ્રમુખ રાજાણી અને તેમના ધર્મપત્નીનું મતદાન



રાજકોટ, તા. ૭

રાજકોટની સારી તસવીર અને સારી તકદીર માટે આજે રાજકોટ શહેર કોંગ્રેસ પ્રમુખ અતુલ રાજાણી, ધર્મ પત્ની રૂપલ રાજાણીએ શ્રી સદગુરૂ દેવ શ્રી રણછોડદાસજી બાપુ હ્યુમન ઓમ સાયન્સ અને સ્વ. એમ. જે. કુંડલીયા લાઇબ્રેરી રૂમ નંબર ૧ (વોર્ડ નંબર ૨) ખાતે મતદાન કર્યું હતું.

વધુમાં જણાવ્યું હતું કે બહેતર રાષ્ટ્ર અને રાષ્ટ્રના વિકાસ માટે સજોડે પવિત્ર મતદાન કરી અને એક નાગરિકની ફરજ પૂર્ણ કરી. મને આશા છે કે અમારા એક મતથી આ દેશની લોકશાહી મજબૂત બનશે. લોકશાહી પર્વનું સન્માન કરીએ આપણો હક આપણી જવાબદારી અને આપણું ભવિષ્ય તો આવો આપણે સૌ મતદાન કરી લોકશાહીને જીવંત રાખીએ તેવી અપીલ કરી હતી.



## ખભ્ભે ગેસનો બાટલો લઈ જઈને અનોખું મતદાન

રાજકોટમાં આજે કોંગ્રેસ અગ્રણી રણજીત મુંધવા કાળઝાળ મોંઘવારીનો મુદ્દો ઉપાડીને મત આપવા ગયા હતા. મુરલીધર સ્કુલમાં તેઓ ગેસનો બાટલો ઉપાડીને પહોંચ્યા હતા અને આ મોંઘવારીના પ્રતિક સાથે તેમણે મત આપ્યો હતો.

## વિન્ટેજ કારમાં મતદાન મથકે પહોંચતો રાજવી પરિવાર

### રાષ્ટ્ર અને સંસ્કૃતિના ઉજ્જવળ ભવિષ્ય માટે મતદાનનો માંધાતાસિંહજીનો અનુરોધ

રાજકોટ, તા. ૭

ભારતીય બંધારણે આપેલાં મતાધિકારનો ઉપયોગ કરવાના અવસરને મહાપર્વના મહોત્સવ તરીકે ઊજવવાની સંકલ્પના સાથે રાજકોટ રાજ પરિવારની વિન્ટેજ કારમાં બેસીને પૂર્વજોએ નિભાવેલાં ક્ષાત્રધર્મના પથ પર અવિરત આગળ ધપવા આજે રાજવી પરિવારના માંધાતાસિંહજી જાડેજા અને તેમના પરિવારે મતદાન કર્યુ હતું.



આઝાદીના અમૃતકાળમાં સંપન્ન થઇ રહેલી વર્તમાન લોકસભા ચૂંટણી-૨૦૨૪ માં નૂતન ભારત, આત્મનિર્ભર ભારત, સક્ષમ ભારત, સુરક્ષિત ભારત અને વિકસિત ભારતના ઘડવૈયાઓની મતદાનના માધ્યમથી પસંદગી કરવા માટે આજે રણજીત વિલાસ પેલેસ ખાતેથી રાજકોટ સંસદીય મત વિસ્તાર અંતર્ગત હાથીખાના મેઇન રોડ સ્થિત આંગણવાડી-૫૯ ના મતદાતાઓ સામુહિક સ્વરૂપે મતાધિકારનો ઉપયોગ કર્યો હતો.

૨૦૨૪ લોકસભા ચૂંટણીમાં મતદાન રાષ્ટ્ર અને સંસ્કૃતિના ઉજ્વળ ભવિષ્ય માટે હોવું જોઇએ. જ્ઞાતિવાદ, જાતિવાદ, વંશવાદ, ભાષાવાદ, પ્રાંતવાદ, ગમા-અણગમા, માન-અપમાન, વિચારભેદ જેવી સઘળી બાબતોથી ઉપર ઊઠીને કેવળ સનાતન - ભારતીય સંસ્કૃતિ, રાષ્ટ્રીય સુરક્ષા અને સર્વાંગીણ વિકાસને કેન્દ્રમાં રાખીને મતદાન કરવું જોઇએ એવું મંતવ્ય માંધાતાસિંહજીએ વ્યકત કર્યુ હતું.



ભાજપ મહામંત્રી વિરેન્દ્રસિંહ ઝાલા પરિવાર



## ૧૦૦ વર્ષના વડીલ વૃધ્ધાને મતદાન કરાવતા જૈમનભાઇ

રાજકોટમાં આજે ઘણા વિસ્તારમાં મતદાનમાં ઉત્સાહ જોવા મળ્યો હતો. વડીલોનું મતદાન પણ પ્રેરક હતું. તેવામાં આજે કસ્તુરબા વિદ્યાલય ખાતે ૧૦૦ વર્ષના વૃધ્ધા શાંતાબેન મંડલીકને મત આપવો હોય, પૂર્વ મેયર ડો. જૈમન ઉપાધ્યાય તેમને તેડીને બુથ પર લાવ્યા હતા. વડીલમાંથી અનેક યુવા મતદારોને પ્રેરણા મળી હતી.



## જયાબેન હરીભાઇ ડાંગર પરિવારનું સામુહિક મતદાન

રાજકોટ ભાજપના વોર્ડ નં.૧૩ના કોર્પોરેટર જયાબેન ડાંગર અને ભાજપ નેતા હરીભાઇ ડાંગર પરિવારે આજે સહકુટુંબ મતદાન કર્યુ હતું. ભાજપ યુવા નેતા શૈલેષ ડાંગર સહિતના પરિવારજનોએ સવારમાં મત આપીને લોકશાહીની જવાબદારી અદા કરી હતી.

ક્ષત્રિય રાજપૂત સમાજ લડતવાળી હાલાર બેઠકમાં ઉંચું મતદાન

# જામનગર લોકસભા બેઠક ઉપર બપોર સુધીમાં ૩૪.૭૨ ટકા મતદાન નોંધાયું

## જામનગર ગ્રામ્યમાં ૩૭.૨૭ કાલાવડમાં ૩૬.૪૮, જામનગર ઉત્તર ૩૫.૭, દક્ષિણ ૩૩.૨૩, જામજોધપુર ૩૫.૬૭, ખંભાળિયા ૩૩.૮૬ અને દ્વારકામાં ૩૧.૪૬ ટકા મતદાન

જામનગર,તા.૭

લોકસભાની ચૂંટણીનાત ત્રીજા તબક્કામાં આજે ગુજરાતની ૨૫ બેઠકો ઉપર મતદાનનો પ્રારંભ થયો છે ત્યારે જામનગર લોકસભા બેઠક ઉપર પણ ૧૮૮૧ બુથોમાંથી જામનગર જિલ્લાના ૧૨૪૭ બુથ ઉપર મતદાનનો પ્રારંભ થયો હતો. મતદાનના પ્રથમ બે કલાકમાં સરેરાશ ૮.૬૬ ટકા મતદાન થયા બાદ મતદાનમાં સતત વધારો થયો હતો અને બપોરના ૧ વાગ્યા સુધીમાં સરેરાશ મતદાન ૩૪.૭૨ ટકા નોંધાયું છે. જામનગર લોકસભા બેઠક ઉપર પણ આજે સવારે સાત વાગ્યાથી ૧૮૮૧ બુથ ઉપર મતદાનનો પ્રારંભ થયો છે. જામનગર જિલ્લામાં ૧૨૪૭ બુથ ઉપર આજે મતદાન થઈ રહ્યું છે. પ્રથમ બે કલાકમાં સરેરાશ ૮.૬૬ ટકા મતદાન થયું હતું. જેમાં કાલાવડમાં ૧૧.૮૬, જામનગર ગ્રામ્યમાં ૯.૬૦, જામનગર ઉત્તરમાં ૮.૧૨, જામનગર દક્ષિણમાં ૭.૪૯, જામજોધપુરમાં ૯.૭૪ ખંભાળિયામાં ૭.૨૫ અને દ્વારકા વિધાનસભા બેઠકમાં ૬.૧૭ ટકા મતદાન થયું હતું. આ પછી બીજા બે કલાકમાં અનેક મહાનુભાવોએ પોતાના મતાધિકારનો ઉપયોગ કર્યો હતો જેમાં સાંસદ, ભાજપ અગ્રણીઓ, મહાનગરપાલિકાના પદાધિકારીઓ અને અન્ય ક્ષેત્રના આગેવાનોનો સમાવેશ થાય છે. જામનગર બેઠકની વાત કરીએ તો ૭૦ વર્ષથી વધુ વયના અનેક વરિષ્ઠ નાગરિકોએ પોતાની મતદાતા તરીકેની ફરજ નિભાવી હતી તો બીજી તરફ અનેક નવયુવા મતદારોએ સૌ પ્રથમ વખત આજે પોતાના મતાધિકારનો ઉપયોગ કરીને લોકશાહીના મહાપર્વની ઉજવણીમાં હરખભેર જોડાયા હતા.

આજે સવારે ૭ થી ૯ દરમ્યાનના પ્રથમ બે કલાકમાં જામનગર લોકસભા બેઠક ઉપર થયેલ સરેરાશ મતદાન ૮.૬૬ ટકા જેટલું હતું. વિધાનસભા મતવિસ્તાર મુજબ પ્રથમ બે કલાકમાં થયેલ મતદાન જોઈએ તો કાલાવડમાં ૧૧.૮૬, જામનગર ગ્રામ્યમાં ૯.૬૦, જામનગર ઉત્તર ૮.૧૨, જામનગર દક્ષિણ ૭.૪૯, જામજોધપુર ૯.૭૪, ખંભાળિયા ૭.૭૫ અને દ્વારકામાં સૌથી ઓછું ૬.૧૭ ટકા મતદાન થયું હતું. આમ એકંદરે પ્રથમ બે કલાકમાં ઉત્સાહ પ્રેરક મતદાન થયું હોવાનું ચિત્ર ઉપસ્યું છે.

આ પછી સવારે ૧૧ વાગ્યે પુરા થતા ચાર કલાકમાં કુલ સરેરાશ મતદાન ૨૧.૧૪ ટકા નોંધાયું હતું. વિધાનસભા વિસ્તાર પ્રમાણે જોઈએ તો સૌથી ઉંચુ મતદાન કાલાવડમાં ૨૬.૪૩ ટકા અને સૌથી નીચુ મતદાન દ્વારકામાં ૧૧.૬૯ ટકા જેટલા રહ્યાનું જાણવા મળે છે. આ ઉપરાંત જામનગર ગ્રામ્યમાં ૨૩.૭૨ ટકા, જામનગર ઉત્તરમાં ૨૧.૩૧ ટકા, જામનગર દક્ષિણમાં ૧૯.૮૩ ટકા, જામજોધપુરમાં ૨૩.૭૭ ટકા અને ખંભાળિયા વિધાનસભા વિસ્તારમાં ૨૧.૨૫ ટકા જેટલુ મતદાન થયું હતું.

આ પછી વધુ બે કલાકમાં મતદાનનો પ્રવાહ પ્રમાણમાં વધતા બપોરે ૧ વાગ્યા સુધીમાં જામનગર બેઠકનું કુલ સરેરાશ મતદાન વધીને ૩૪.૭૨ ટકા જેટલુ થઈ ગયું હતું. વિધાનસભા બેઠક પ્રમાણે જોઈએ તો કાલાવડમાં ૩૬.૪૮, જામનગર ગ્રામ્યમાં ૩૭.૨૭, જામનગર ઉત્તરમાં ૩૫.૦૭, જામનગર દક્ષિણમાં ૩૩.૨૩, જામજોધપુરમાં ૩૫.૬૭, ખંભાળિયામાં ૩૩.૮૬ અને દ્વારકામાં ૩૧.૪૬ ટકા મતદાન થયું હતું.

જે પ્રમાણે મતદાનમાં સતત વધારો થઈ રહ્યો છે તે જોતા સાંજે ૬ વાગ્યે મતદાનનો સમય પૂરો થાય ત્યાં સુધીમાં જામનગર લોકસભા બેઠકનું મતદાન ૬૦ ટકાથી વધી જશે તેમ મનાય છે.

## કેન્દ્રીય મંત્રી ડો. મનસુખ માંડવીયાએ વતન ભાવનગરના હણોલ ગામે મતદાન કર્યું

(વિપુલ હિરાણી)
ભાવનગર તા.૭

કેન્દ્રિયમંત્રી મનસુખ માંડવીયાએ પોતાના વતન ભાવનગરના હણોલ ખાતે મતદાન કર્યું, પોતાના પરિવાર અને પ્રથમ વાર મતદાન કરનાર દીકરીઓ સાથે મનસુખ માંડવિયા એ મતદાન કર્યું હતું.

રામજી મંદિરે દર્શન કરી થાળીઓના નાદ સાથે પરિવાર અને ગામના લોકો સાથે મતદાન મથકે પહોંચ્યા હતા.



## કથાકાર પૂ.મોરારીબાપુએ મતદાન કર્યું: મતદાનનો સંદેશ



જાણીતા કથાકાર શ્રી પૂજ્ય મોરારિબાપુએ ભાવનગર તાલુકાનાં તલગાજરડા ખાતે મતદાન કરી પોતાની ફરજ નિભાવી હતી અને અનેય મતદારોને અચૂક મતદાનનો સંદેશો આપ્યો હતો.

(વિપુલ હિરાણી )

## સુરેન્દ્રનગર જિલ્લામાં બપોરે એક વાગ્યા સુધીમાં સરેરાશ ૩૩.૩૯ ટકા મતદાન થયું

### દસાડામાં સૌથી વધુ ૩૭-ટકા અને ધંધુકામાં સૌથી ઓછુ ૩૧ ટકા મતો પડયા

(ફારૂક ચૌહાણ) વઢવાણ,તા.૭

આજરોજ સુરેન્દ્રનગર બેઠક ઉપર સવારથી શાંતિપૂર્ણ રીતે પરંતુ થોડુ ધીમુ મતદાન થઈ રહ્યાનાં અહેવાલો મળી રહ્યા છે.પ્રાપ્ત વિગતો મુજબ આજે બપોરે એક વાગ્યા સુધીમાં સુરેન્દ્રનગર જિલ્લામાં સરેરાશ ૩૩.૩૯ ટકા મતદાન નોંધાયું છે. અત્રે ઉલ્લેખનિય છે કે સુરેન્દ્રનગર જિલ્લામાં આજે લોકસભા સામાન્ય ચૂંટણી-૨૦૨૪ અંતર્ગત મતદાનનો શાંતિપૂર્ણ વાતાવરણમાં પ્રારંભ થયો છે. બપોરે ૦૧ કલાક સુધીમાં જિલ્લામાં ૩૩.૩૯ ટકા મતદાન નોંધાયું છે.

સૌથી વધુ મતદાન દસાડા વિધાનસભા મતવિસ્તારમાં ૩૭.૦૨ ટકા અને સૌથી ઓછું મતદાન ધંધુકા વિધાનસભા મતવિસ્તાર વિભાગમાં ૩૧ ટકા નોંધાયું છે. અન્ય વિધાનસભા મતવિસ્તાર જોઈએ તો વિરમગામ વિધાનસભા મત વિસ્તારમાં ૩૫.૪૨ ટકા, લીંબડી વિધાનસભા મત વિસ્તારમાં ૩૧.૮૬ ટકા, વઢવાણ વિધાનસભા મત વિસ્તારમાં ૩૩.૬૪ ટકા, ચોટીલા વિધાનસભા મતવિસ્તારમાં ૩૨.૮૫ ટકા અને ધ્રાંગધ્રા વિધાનસભા મત વિસ્તારમાં ૩૨.૦૭ ટકા મતદાનની ટકાવારી નોંધાઈ છે.

## ભાવનગરમાં બપોર સુધીમાં ૩૩.૨૬ ટકા મતદાન: મતદારોનું ઢોલ શરણાઈ વગાડી કુમકુમ તિલક કરી સ્વાગત કરાયું

### ભાવનગર બુથ નં.૨૨૫માં ઈવીએમ મશીનમાં ક્ષતિ સર્જાતા રીપેરીંગ કરાયું: પ્રથમ વખત મતદાર કરવા આવેલા યુવા મતદારોનું પેન આપી સ્વાગત

(વિપુલ હિરાણી દ્વારા) ભાવનગર,તા.૭

લોકસભા સામાન્ય ચૂંટણી-૨૦૨૪ અંતર્ગત ત્રીજા તબક્કામાં ભાવનગર જિલ્લાનાં નાગરિકોને તેમનાં મતાધિકારનો ઉપયોગ કરી લોકતંત્રને ધબકતું રાખવા પોતાનો પવિત્ર મત આપી રહ્યાં છે.



વહેલી સવારથી જ ભાવનગર જિલ્લામાં શાંતિપૂર્ણ મતદાનનો પ્રારંભ થયો છે. અને લોકો મતદાન કેન્દ્રો ઉપર જઈ મતદાન કરી રહ્યાં છે. ભાવનગરમાં પ્રથમ બે કલાક દરમિયાન ૯.૨% મતદાન નોંધાયું હતું. જ્યારે બપોરના ૨:૦૦ વાગ્યા સુધીમાં ૩૩.૨૬ ટકા મતદાન નોંધાયું છે. કેન્દ્રીય મંત્રી ડોક્ટર મનસુખ માંડવીયાએ તેના વતન ભાવનગરના હનોલ ગામે મતદાન કર્યું હતું.

ભાવનગર જિલ્લામાં પ્રથમ વખત મતદાન કરવા આવેલા યુવા મતદારો માટે મતદાનનો પ્રથમ વખતનો અનુભવ યાદગાર બને એ હેતુથી પેન આપીને સ્વાગત કરવામાં આવ્યું હતું.ભાવનગર બુથ નં. ૨૨૫માં ઊટખ મશીન પુન: કાર્યરત ઇનવેલિડ દર્શાવતી એરરમાં કારણે મશીનમાં ક્ષણિક ખામી સર્જાઇ હતી કલસ્ટર ટીમે બુથ પર પહોંચી ખામીનું નિવારણ કર્યુ છે અને મતદાન ફરી શરૂ થયું છે ભાવનગરની સેન્ટ ઝેવિયર્સ સ્કૂલમાં મતદારોનું ઢોલ શરણાઈ વગાડીને કુમકુમ તિલક કરી સ્વાગત ભાવનગરની સેન્ટ ઝેવિયર્સ સ્કૂલ ખાતે મતદારોનું ઢોલ શરણાઈ વગાડીને કુમકુમ તિલક અને પુષ્પ વડે સ્વાગત કરવામાં આવ્યું હતું.

મતદાન કરવા માટે લોકોને ઘરે ઘરે મળીને મતદાન મથક પર લઈ જતા આંગણવાડી બહેનો ભાવનગર પૂર્વ વિસ્તારમાં આંગણવાડી બહેનો દ્વારા લોકોને મતદાન કરવા માટે લોકોને ઘરે ઘરે મળીને મતદાન મથક પર મતદાન કરવા માટે જાગૃત કરવામાં આવી રહ્યા હતા. કેન્દ્રીય મંત્રી ડો. મનસુખ માંડવીયાએ વતન ભાવનગરના હનોલ ગામે મતદાન કર્યું કેન્દ્રિયમંત્રી મનસુખ માન્ડવીયા એ પોતાના વતન ભાવનગરના હણોલ ખાતે મતદાન કર્યુ પોતાના પરિવાર અને પ્રથમ વાર મતદાન કરનાર દીકરીઓ સાથે મનસુખ માંડવિયા એ મતદાન કર્યુ રામજી મંદિરે દર્શન કરી થાળીઓ ના નાદ સાથે પરિવાર અને ગામના લોકો સાથે મતદાન મથકે પહોંચ્યા હતા. ભાવનગર ભાજપના મહિલા ઉમેદવાર નીમુબેન બાંભણિયા એ પરિવાર સાથે કર્યું મતદાન ભાવનગરમાં સામાન્ય મતદારોની સાથે લાઈનમાં ઊભા રહીને ભાજપના ઉમેદવાર નિમુબેન બાંભણિયાએ લોકશાહીના પર્વ પર પોતાનો કિંમતી મત આપ્યો હતો.ત્રીજા તબક્કાના મતદાનમાં લોકો વધુ મા વધુ મતદાન કરે તેવો સંદેશો આપ્યો હતો.ભાવનગર શહેરના રીંગરોડ તેજસ્વી સ્કૂલ ખાતે પરિવાર સાથે મતદાન કર્યું હતું. શ્રી મોરારિબાપુએ મતદાન કરી અચૂક મતદાનનો સંદેશો આપ્યો

જાણીતા કથાકાર શ્રી પૂજ્ય મોરારિબાપુએ ભાવનગર તાલુકાનાં તલગાજરડા ખાતે મતદાન કરી પોતાની ફરજ નિભાવી હતી અને અનેય મતદારોને અચૂક મતદાનનો સંદેશો આપ્યો હતો.ઊમરાળા તાલુકાના ધોળવિશી ગામના પેરેલીસિસ ૮૦ વર્ષીય દર્દીએ મતદાન મથકે જઇ મતદાન કરી મક્કમતા દાખવી.ઊમરાળા ના ધોળવિશી ગામના ૮૦ વર્ષના પેરેલીસિસ ના દર્દીએ જાતે મતદાન મથકે જઇ મતદાન કરીને મક્કમતા દાખવી છે.ઉમરાળા તાલુકાના ધોળવિશી ગામના ૮૦ વર્ષ ના વયોવૃદ્ધ શ્રી ચીમનભાઈ વાઘેલા એ ધોળા જંકશન માં કેન્દ્રવર્તી શાળા માં શારીરિક તકલીફ હોવા છતાં રાષ્ટ્રહિતમાં પોતાનો કીમતી મતનો ઉપયોગ કરી મતદાન કરીને પોતાની પવિત્ર ફરજ નિભાવી હતી અને લોકોને મતદાન કરવાની પ્રેરણા આપી હતી.

નાની ખોડિયાર મંદિરના પીઢાધિશ્વર અને મહામંડલેશ્વર પૂ. ગરીબરામબાપુ એ વરતેજ ખાતે મતદાન કર્યું.ભાવનગરના નાની ખોડિયાર મંદિરના પીઢાધિશ્વર એવમ મહામંડલેશ્વર પૂ. ગરીબરામબાપુ એ વરતેજ ખાતે મતદાન કર્યું હતું. સૌરાષ્ટ્રના ગણમાન્ય સંત એવા ખોડિયાર પીઢાધિશ્વર એવમ મહામંડલેશ્વર પૂ. ગરીબરામબાપુ એ લોકસભાની ચૂંટણી માટે પોતાના મતાધિકારનો ઉપયોગ કરી વરતેજ ખાતે મતદાન કર્યું હતું. તેઓએ લોકોને અચૂક મતદાન કરવા આહવાન કર્યું હતું.

## વિમલનાથ જિનાલયના આંગણે મતદાન જાગૃતિ: નવકારશી યોજાઈ

રાજકોટ,તા.૭

આજે જૈન વિઝન દ્વારા રાજકોટના જૈન ઉપાશ્રયો તથા જિનાલયોમાં ૧૦૦ ટકા મતદાન માટે નવકારશીનું આયોજન કરવામાં આવેલ હતું.જેનો જૈન સમાજે બહોળો પ્રતિસાદ આપ્યો હતો.વિમલનાથ જિનાલયમાં ૪૦૦ શ્રાવક-શ્રાવિકાઓએ નવકારશીનો લાભ લઈને મતદાન કરેલ હતું. ઉપરોક્ત તસ્વીરમાં વિમલનાથ જિનાલયના કન્વીનર વિપુલભાઈ દોશી તથા બીજી તસ્વીરમાં વિપુલભાઈ દોશી સાથે ગીરીશ મહેતા,અનીષભાઈ વાઘર, અમિનેષ રૂપાણી, સુનીલ કોઠારી વગેરે દ્રષ્ટિગોચર થાય છે.







## પૂ.રાધારમણદાસજી સ્વામીએ જામજોધપુરમાં મતદાન કર્યું

લોકશાહીના પર્વે મતદાન કરવું ખુબ જરૂરી છે ત્યારે રાજકોટ શ્રી સ્વામિનારાયણ મુખ્ય મંદિરના કોઠારી શાસ્ત્રી પૂ.રાધારમણ દાસજી સ્વામીએ રાજકોટથી જામજોધપુર આવી તેમના મતદાન મથકે જઈ લોકશાહીના પર્વની ઉજવણી કરી મતદાન કર્યું છે તેમની સાથે જામજોધપુર સ્વામિનારાયણ મંદિરના કોઠારી પૂ.જગતપ્રકાશદાસજી સ્વામીએ પણ લોકશાહી આ પાવન પર્વે મતદાન કર્યું છે.

પૂ.રાધારમણ દાસજી સ્વામીના વ્યાસાસને રાજકોટ શ્રી મદ ભાગવત કથા ચાલતી હોય છતાં પણ આટલી વ્યસ્તતા વચ્ચે તેઓ જામજોધપુર પહોચ્યા અને મતદાન મથકે જઈ લોકશાહીના પર્વની ઉજવણી કરી પૂ.સ્વામીજીએ મતદાન કર્યું છે ,પૂ.સ્વામીજીએ તમામ લોકોને મતદાન કરવા અપીલ કરી છે.



**પ્રેરણારૂપ : બેડ રેસ્ટમાં રહેલા ઈમીટેશનના ધંધાર્થીએ એમ્બ્યુલન્સમાં જઈને મત આપ્યો**

આજે સામાકાંઠે પણ મતદાન માટેની અનોખી જાગૃતિ જોવા મળી હતી. ઈમીટેશનના ધંધાર્થી રમણીકભાઈ નારણભાઈ બોરસદીયાને બિમારી સબબ બેડ રેસ્ટ હોવા છતાં તેઓ એમ્બ્યુલન્સ મારફત મત આપવા શાળા નં. ૭૨ પર પહોંચ્યા હતા. ધારાસભ્ય ઉદયભાઈ કાનગડ અને ક્રાંતિ માનવ સેવા ટ્રસ્ટના સહયોગથી આ વ્યવસ્થા કરવામાં આવી હતી. સીનીયર મતદારે તમામ લોકોને ૧૦૦ ટકા મતદાન કરવા અનુરોધ કર્યો હતો.

## રાજકોટ બ્રહ્મસમાજના અગ્રણી જયેશ દવેનો આજે જન્મદિવસ



રાજકોટ બ્રહ્મસમાજના અગ્રણી તેમજ એસ.ટી. ન્યુઝ પેપર પાર્સલના કો.ઓર્ડીનેટર અને કોન્ટ્રાકટર જયેશભાઇ દવેનો આજે જન્મદિવસ છે. તેઓએ યશસ્વી જીવનના ૫૩ વર્ષ પૂર્ણ કરી ૫૪ માં વર્ષમાં મંગલ પ્રવેશ કર્યો છે. શહેર ભાજપમાં છેલ્લા ૩૨ વર્ષથી તેઓ યોગદાન આપી રહ્યા છે. હાલમાં મેહુલનગર યુવા ગ્રુપ પ્રમુખ, રામેશ્વર મહાદેવ મંદિર, કોઠારીયા રોડના ટ્રસ્ટી તેમજ શીવમ એડ અને ડી.કે. એન્ટરપ્રાઇઝના માલિક તરીકે કામગીરી બજાવી રહ્યા છે. તેઓના જન્મદિવસ નિમિતે મિત્ર મંડળ તથા કુટુંબીજનો તરફથી તેમના મો. નં. ૯૮૨૫૨ ૦૯૯૫૪ પર શુભેચ્છાઓનો વરસાદ વરસી રહ્યો છે. આજરોજ લોકશાહીનો મહાપર્વ હોવાથી અવશ્ય મતદાન કરવા લોકોને અનુરોધ કર્યો છે.

## દોશી મેડીકલ સેન્ટરમાં મતદાતાઓ માટે નવતર આયોજનને આવકાર

રાજકોટ તા.૭

વર્ધમાન ચેરિટેબલ ટ્રસ્ટ સંચાલિત શિવકુંવરબેન બી. દોશી મેડીકલ અને વૈયાવચ્ચ સેન્ટર, ૫-વૈશાલીનગર રાજકોટ ખાતે ૭મે મંગળવારના મતદાતાઓ માટે મતદાન કરી એક ટાઈમની બ્લડ સુગર ટેસ્ટીંગ વિનામૂલ્યે રાખેલ છે. આ યોજના ફકત મંગળવાર માટે છે. મતદાન કરવું એ મૂળભૂત ફરજ અને અધિકાર છે. આ નવતર આયોજનમાં અનેક મતદાતાઓ જોડાઈ રહ્યા છે. ડો. સંજય શાહ વગેરેએ કાર્યક્રમને સફળ બનાવવા જહેમત ઉઠાવી રહેલ છે.



## વાંકાનેર: સાંસદ મહારાણા કેશરીદેવસિંહ ઝાલાએ પરિવાર સાથે મતદાન કર્યું

વાંકાનેર રાજયસભા સાંસદ અને રાજવી પરિવારના મહારાણા શ્રી કેશરીદેવસિંહજી ઝાલા એ પણ પરિવાર સાથે મતની પવિત્ર ફરજ અદા કરવા મતદાન મથકે પહોચ્યા હતા.અને મતદાન કરીને લોકશાહી પર્વની ઉજવણી કરી હતી.

## જૂનાગઢ લોકસભા બેઠકમાં બપોર સુધીમાં ૩૬.૧૧ ટકા મતદાન: સોમનાથમાં વધુ

### ઉના અને જૂનાગઢ શહેરમાં ૩૫ ટકાથી વધુ મતદાન

જૂનાગઢ, તા.૭

જૂનાગઢ લોકસભા બેઠકમાં બપોર સુધીમાં ૩૬.૧૧ ટકા મતદાન નોંધાયું છે. જેમાં સૌથી વધુ સોમનાથ બેઠક પર ૪૦.૯૫ ટકા નોંધાયું છે.

જૂનાગઢ લોકસભા બેઠકમાં આજે સવારના ૭ થી બપોરના ૧ કલાક સુધીમાં જૂનાગઢ ૩૫.૦૨, વિસાવદર ૨૯.૩૪, માંગરોળ ૩૭.૧૨, સોમનાથ ૪૦.૯૧, તાલાલા ૩૮.૧૨, કોડીનાર ૩૭.૪૫, ઉના ૩૫.૨૫ ટકા મતદાન નોંધાયું હતું.

પુરૂષ મતદાનની ટકાવારી ૩૯.૬૫ અને સ્ત્રી મતદાનની ટકાવારી ૩૨.૪૦ નોંધાઇ હતી. બપોરના એક સુધીમાં કુલ મતદાન ૩૬.૧૧ ટકા નોંધાયું હતું.





## સ્વામિનારાયણ રાજકોટ ગુરૂકુળના ગુરુવર્યશ્રી દેવકૃષ્ણદાસજી સ્વામીએ સંત મંડળ સાથે મતદાન કર્યું





રાજકોટ,તા.૭

શ્રી સ્વામિનારાયણ ગુરુકુલ રાજકોટ સંસ્થાનની ૫૫ શાખાઓના મહંત અને ૨૭૫ સંતોના ગુરુસ્થાને બિરાજતા પ.પૂ. ગુરુવર્ય શ્રી દેવકૃષ્ણદાસજી સ્વામીએ પોતાના સંત મંડળ સાથે મતદાન કર્યું



પ.પૂ. ગુરુવર્ય શ્રી દેવકૃષ્ણદાસજી સ્વામીએ પોતાની ૭૭ વર્ષની ઉમંરે પણ આજે સવારે ભગવાનની પૂજા પૂર્ણ કરી સવારે ૭.૦૦ વાગ્યે સૌ પ્રથમ મતદાન કર્યું હતું. સાથે તેમના શિષ્યવૃંદના ૨૫ જેટલા સંતોએ પણ મતદાન કરી લોકશાહીની ફરજ નિભાવી હતી. મતદાન કરવા જનાર સંતોમાં ૧૮ વર્ષના યુવાન સંતોથી લઈ ૭૭ વર્ષના વડીલ સંતોનો પણ સમાવેશ થાય છે. ૩ યુવા સંતોએ સૌ પ્રથમ વાર મતદાન કરી, યુવાનોને મતદાન કરવાની પ્રેરણા પૂરી પાડી હતી. શ્રી સ્વામિનારાયણ ગુરુકુલ રાજકોટ સંસ્થાનની વિવિધ શાખાઓમાં સેવામાં કાર્યરત ૨૭૫ સંતોએ પણ પોતાના શહેરો / સ્થાનોમાં મતદાન કરી પવિત્ર ફરજ બજાવેલ છે.

## ગુરુગ્રહનો વૃષભ રાશિમાં પ્રવેશ: ફળકથન

રાજકોટ,તા.૬

તા.૧લીમેના બુધવારથી ગુરૂગ્રહનો વૃષભ રાશિમાં પ્રવેશ થયો છે જે તે ૨૦૨૫ સુધી વૃષભરાશિમાં રહેશે. વૃષભરાશિમાં ગુરુના ગોચરનું બારેય રાશિઓને કેવું ફળ આપશે તેની વિગતો પ્રસ્તૃત છે.

**મેષ રાશિ:-** આર્થિક બચતનું જોર રાખવું જુની બીમારીમાં રાહત રહે વારસાગત લાભ મળે વ્યાપારમાં વૃદ્ધિ

**વૃષભ:-** રાશી વિદ્યા અભ્યાસમાં આગળ વધી શકાય જેના વિવાહ ન થયા હોય તે વિવાહના યોગ ખરા ભાગ્યોદય થાય ભાગ્ય બળ વધે

**મિથુન રાશિ:-** બીજાના કામ સમજી વિચારીને કરવા બચતનું જોર રાખવું જમીન મકાન લેવાના યોગ બને વારસાગત વેપારમાં વૃદ્ધિ થાય

**કર્ક રાશિ:-** મહેનતનું પુરતું ફળ મળે સંતાનો બાબતે ધ્યાન આપવાથી સારું રહે વિદ્યા માટે પ્રગતિનું વર્ષ જાહેર જીવનમાં માનપ્રતિષ્ઠા મળે જેના વિવાહ ન થયા હોય તેના વિવાહ ના યોગ ખરા

**સિંહ રાશિ:-** ઘરનું મકાન ન હોય તો મકાન લેવાના યોગ બને બેંક બેલેન્સમાં વધારો શકય બને જુની બીમારીમાં રાહત મળે

**કન્યા રાશિ :-** માનસિક શાંતિ મળે મહેનતનું ફળ પુરતું મળે

**તુલા રાશિ:-** બચતનું પ્રમાણ રાખવાથી ભવિષ્યનું નિર્માણ કરવાની તક મળે પરિવારના સભ્યો સાથે મેળ બને

**વૃશ્ચિક રાશિ:-** માનસિક શાંતિ મળે બુદ્ધિશકિતમાં વધારો થાય આરોગ્ય સારું થાય, શુભ કાર્યો કરવા.

**ધન રાશિ:-** વ્યાપાર ધંધામાં પ્રગતિ શકય બને નોકરીમાં પ્રમોશન સાથે ચોથે રાહુ ચાલે છે આથી મહાદેવજીની ઉપાસના કરતી રહેવી

**મકર રાશિ:-** ભાગ્યોદય થાય આર્થિક લાભ મળે આરોગ્ય સારું થાય

**કુંભ રાશિ:-** વ્યાપાર ધંધામાં વધારો થાય નોકરીમાં લાભ મળવાની શકયતા શનિદેવ અને મહાદેવજીની ઉપાસના કરવી તેનાથી લાભ મળશે.

**મીન રાશિ:-** દાંપત્યજીવનમાં મીઠાશ વધે જેના વિવાહ ન થયા હોય તેને માટે યોગ બને નબળા ગુરૂની શાંતિ માટે હળદરનો ગાંઠિયો ખીસ્સામાં અથવા પર્સમાં રાખવો ગુરુના જપ કરવા

**શાસ્ત્રી રાજદીપ જોષી (રાજકોટ)**

## પોરબંદર લોકસભા બેઠકના કોંગ્રેસના ઉમેદવાર લલીતભાઈ વસોયાએ ધોરાજીમાં કર્યુ મતદાન

ધોરાજીમાં આજે સવારથી મતદાનનો શાંતિપૂર્ણ પ્રારંભ થયો હતો. જેમાં પોરબંદર લોકસભા બેઠકના ઉમેદવાર અને પૂર્વ ધારાસભ્ય લલીતભાઈ વસોયાએ તેમના માતૃશ્રી સાથે આદર્શ સ્કૂલ ધોરાજી ખાતે મતદાન કર્યુ હતું.

## લોકશાહીના પર્વની ઉજવણી કરતા ધારાસભ્ય જયેશભાઈ રાદડીયા જામકંડોરણા ખાતે મતદાન કર્યુ

લોકશાહીના પર્વની ઉજવણી યુવા ધારાસભ્ય અને કિશાન નેતા જયેશભાઈ રાદડીયા દ્વારા કરાયેલ છે. જામકંડોરણા ખાતે યુવા ધારાસભ્ય અને કિશાન નેતા જયેશભાઈ રાદડીયાએ મતદાન કર્યુ હતું.




## કાલે બુધવારી અમાસ: મહત્વ

રાજકોટ તા.૭

આવતીકાલ તા.૮મીના ચૈત્ર મહિનાની બુધવારી અમાસ છે. અમાસ તિથિ સવારના ૮.૧૨ કલાક સુધી છે પરંતુ ઉદયન તિથિ આખો દિવસ ગણાય તેથી આખો દિવસ પૂજાપાઠ કરી શકાશે તેનુ ફળ બુધવારી અમાસનું ગણાશે.

ખાસ કરીને કારતક, ચૈત્ર અને ભાદરવો મહિના પિતૃઓનો ગણાય છે અને આ મહિનામાં બુધવારી અમાસ આવે તો તે દિવસ ઉપાસના માટે ઉત્તમ ગણવામાં આવે છે.

આવતીકાલે સવારના નિત્યકર્મ બાદ શ્રીકૃષ્ણની પૂજા કરવી ત્યારબાદ શિવમંદિરે જઈને મહાદેવજીનો અભિષેક, પીપળે દીવો અથવા અગરબતી કરીને પાણી રેડવું. દૂધમાં કાળા તલ રાખીને તે રેડી શકાય. પીપળાની પ્રદક્ષિણા ફરી, પિતૃઓને પ્રાર્થના કરવી. આખો દિવસ ઉપવાસ કે એકટાણું કરવું વ્રતનું ફળ પિતૃઓને અર્પણ કરવાથી પિતૃઓને મુક્તિ મળે છે. ગાયોને ઘાસ નાંખવું. બ્રાહ્મણને ભોજન કરાવવું ઉતમ ગણાય છે.

આ દિવસે તીર્થસ્થાન, પિતૃ તર્પણ, પિતૃકાર્યો વધારે ફળ આપનાર બને છે.

- શાસ્ત્રી રાજદીપ જોષી

# પહેલા મતદાન, પછી જલપાન : રાજકોટમાં મતદાન માટે સવારે લાઈનો લાગી






રાજકોટ સહિત સૌરાષ્ટ્ર-ગુજરાતની લોકસભાની ૨૫ બેઠકો માટે આજે સવારે ઉત્સાહપૂર્વક મતદાનનો પ્રારંભ થયો છે. સૌરાષ્ટ્રના પાટનગર અને પૂરા રાજયમાં હોટ સીટ તરીકે ઓળખાયેલી રાજકોટ બેઠક પર સવારથી અનેક મતદાન કેન્દ્રોમાં નાગરિકો ફરજ અદા કરવા વહેલા પહોંચી ગયા હતા. ભારે ગરમીના કારણે મતદાનનો સમય સવારે ૭ થી ૬ નો રાખવામાં આવ્યો છે. એટલે હજારો જાગૃત નાગરિકો સવારે ૭ વાગ્યામાં મત આપવા પહોંચી ગયા હતા. પહેલા મતદાન પછી જલપાન એ સુત્રને નાગરિકોએ યાદ રાખ્યુ હતું. રાજકોટના અમુક શાળા બિલ્ડીંગ અંદર અને બહાર પણ સવારે મોટી લાઇનો દેખાઇ હતી. શહેરની મધ્યમાં આવેલી સ્કુલમાં તો બિલ્ડીંગ બહાર રોડ પર આ લાઇન જોઇને મતદારોની જાગૃતિનો અંદાજ આવ્યો હતો. અનેક બુથમાં નવા મતદારો પણ ઉત્સાહ સાથે સવારમાં પહોંચ્યા હતા અને પ્રથમ વખત મત આપવાનું ગૌરવ અનુભવ્યું હતું. બપોરે તડકો વધે તે પૂર્વે મત આપવા એક મોટો વર્ગ નીકળી પડયો હતો. જે જાગૃતિએ અન્ય મતદારોને પ્રેરણા આપી હતી. આજે સાંજ સુધી આવી જાગૃતિ દેખાય એટલે લોકશાહીનું મહાપર્વ ઉજવવાનું

### ડીપફેક ટેકનોલોજીએ વડાપ્રધાન મોદીને નચાવ્યા!

## પીએમ મોદીનો ડાન્સ કરતો ડીપફેક વિડીયો ખુદ મોદીએ ટ્વિટ કર્યો!





### મોદીએ લખ્યું- આપ બધાની જેમ મને પણ ડાન્સ કરતો જોઈ મજા આવી ગઈ: સીએમ મમતા બેનર્જીનો પણ ડાન્સ કરતો ડીપફેક વિડીયો વાયરલ

નવી દિલ્હી તા.૭

ચુંટણીની મોસમમાં જનતાનું દિલ જીતવા માટે મોટા નેતાઓ અનેક વાર મંચ પર ઝુમતા જોવા મળે છે. કયારેક તે પારંપરિક નૃત્યનો ભાગ બને છે તો કયારેક જનતાના ઉત્સાહમાં ભાગીદાર બને છે. હાલમાં જ મુખ્યમંત્રી મમતા બેનર્જી એક રેલીમાં ઉમેદવારો સાથે નાચતી જોવા મળી હતી પરંતુ સોમવારે સોશ્યલ મીડિયા પર વડાપ્રધાન મોદીના ડાન્સ કરતા વિડીયોએ સૌનું ધ્યાન ખેંચ્યું હતું.

મોદીનો આ વિડીયો વાયરલ થયો તો ખુદ મોદીએ તેને 'એકસ' પર શેર કરીને લખ્યું- આપ સૌની જેમ મને પણ ખુદને ડાન્સ કરતો જોઈને મજા આવી ગઈ. ચુંટણીની મોસમમાં આવી રચનાત્મકતા ખરેખર આનંદદાયક છે. ખરેખર તો પીએમ મોદીનો આ ડીપફેક ડાન્સનો વિડીયો વાયરલ થઈ રહ્યો છે તેને સોમવારે મોડી રાત સુધી ૪૫ લાખથી વધુ લોકો આ વિડીયો જોઈ શકયા છે.પીએમનો આ ડીપફેક વિડીયો કૃષ્ણા નામના શખ્સે શેર કર્યો હતો. તેણે આ વિડીયો શેર કરીને લખ્યુ- આ વિડીયો એટલા માટે પોસ્ટ કરી રહ્યો છું, કારણ કે મને ખબર છે કે 'તાનાશાહ' મારી તેના માટે ધરપકડ નહી કરાવે. આ યુઝરના વિડીયો બાદ ખુદ મોદીએ પોતાનો ડાન્સ કરતો ડીપફેક વિડીયો ટ્વિટ કર્યો હતો.

**મમતાનો પણ ડીપફેક વિડીયો વાયરલ:** પશ્ચિમ બંગાળની મુખ્યમંત્રી મમતા બેનર્જીનો ડાન્સ કરતા ડીપફેક વિડીયો વાયરલ થયો હતો. આ વિડીયો શેર કરનાર યુઝરને બીજા યુઝરે સલાહ આપતા કહ્યું હતું કે તેને શેર કરવાથી બંગાળ પોલીસ રોકી રહી છે. અનેક યુઝરે બાદમાં વિડીયો ડીલીટ કરી નાખ્યો હતો.



મુખ્યમંત્રી શ્રી ભુપેન્દ્ર પટેલે થિલજમાં આજે મતદાન કર્યુ હતું તેઓ સાથે પુત્ર અનુજ પટેલ પણ મતદાન કરવા આવ્યા હતા.

## ગુજરાતમાં મતદારોનો ઉત્સાહ જોવા મળ્યો છે: પ્રથમ અઢી કલાકમાં ૨૦% મતદાન: અમિત શાહ

### અમદાવાદના નારણપુરામાં સજોડે મતદાન કરતા ગૃહમંત્રી: લોકોનું અભિવાદન પણ ઝીલ્યુ





અમદાવાદ:

લોકસભા ચૂંટણીમાં આજે ગુજરાતમાં ૨૫ બેઠકો પર યોજાઈ રહેલા મતદાનમાં કેન્દ્રીય ગૃહમંત્રી અમીત શાહે અમદાવાદના નારણપુરામાં કમલેશ્વર મહાદેવ મંદિર નજીક સબ ઝોનલ ઓફિસ નંબર-વન ખાતે સજોડે મતદાન બાદમાં તેઓએ પત્રકારો સાથે વાતચીતમાં જણાવ્યું કે ભારે ગરમી છતાં મતદારોનો ઉત્સાહ જોવા મળી રહ્યો છે અને ગુજરાતમાં પ્રથમ અઢી કલાકમાં ૨૦% મતદાન થયું હોવાનું જણાવ્યું હતું.

શ્રી શાહે કહ્યું કે વધુને વધુ મતદાનથી આપણે એક સ્થીર-સલામતી પુરી પાડે તથા સમૃદ્ધિ સર્જે તેવી સરકાર જે દેશને ગરીબી મુક્ત કરે તેને ચુંટવાની છે. તેઓએ આજે લોકશાહીના તહેવારમાં લોકોને શુભેચ્છા પણ આપી હતી. તેઓએ લોકોનું અભિવાદન પણ ઝીલ્યુ હતું.

### ગુજરાતમાંથી રાજયસભામાં ચુંટાયેલા
## ભાજપના રાષ્ટ્રીય પ્રમુખ જે.પી.નડ્ડાએ ગુજરાતીમાં ટ્વિટ કર્યુ


Jagat Prakash Nadda (Modi Ka Parivar)
@JPNadda

આજે લોકસભા ચૂંટણીના ત્રીજા તબક્કામાં મતદાન કરી રહેલ તમામ મતદાતાઓ અને ખાસ કરીને યુવા સાથીઓને વધુમાં વધુ સંખ્યામાં મતદાન કરવાનો આગ્રહ કરું છું.

તમારો પ્રત્યેક મત સશક્ત, ગૌરવપૂર્ણ અને સમૃદ્ધશાળી ભારતના નિર્માણમાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવશે. ભારતને વિશ્વની ત્રીજી અર્થવ્યવસ્થા બનાવવા, સુરક્ષિત અને સમાવેશી રાષ્ટ્રના નિર્માણમાં તમારું યોગદાન અમૂલ્ય છે.

'વિકસિત ભારત નિર્માણ' આજે જનજનનો સંકલ્પ છે. આ લોકતંત્રની જનની આપણા દેશને સ્વર્ણિમ ભવિષ્યના પથ પર અગ્રેસર કરશે.

Translate post

7:28 am · 7 May 2024 · 3,200 Views

આજે લોકસભા ચુંટણીમાં ગુજરાતની ૨૫ બેઠકો પર યોજાઈ રહેલા મતદાનમાં ભાજપના રાષ્ટ્રીય પ્રમુખ જે.પી.નડ્ડા જેઓ હાલમાં જ ગુજરાતમાંથી રાજયસભામાં ચુંટાયા તેઓએ રાજયની જનતાને મતદાન માટે અપીલ કરતું ટવીટ ગુજરાતમાં કરીને વધુને વધુ મતદાન થાય તેવા અપીલ કરી હતી.




## સી.આર.પાટીલે પરિવાર સાથે મતદાન કર્યુ

ભાજપ પ્રદેશ પ્રમુખ સી.આર.પાટીલે નવસારી લોકસભા બેઠક માટે સપરિવાર મતદાન કર્યુ હતું.

## મતાધિકારનો ઉપયોગ કરતા પદ્મશ્રી શાહબુદ્દીન રાઠોડ



લોકસભા સામાન્ય ચૂંટણી-૨૦૨૪ અંતર્ગત ત્રીજા તબક્કામાં ૦૯ સુરેન્દ્રનગર સંસદીય મતવિસ્તારમાં શાંતિપૂર્ણ માહોલમાં મતદાનનો પ્રારંભ થઈ ચુકયો છે. જિલ્લાના સુપ્રસિદ્ધ હાસ્ય કલાકાર પદ્મશ્રી શાહબુદ્દીનભાઈ રાઠોડે ચોટીલા વિધાનસભામાં સમાવિષ્ટ થાનગઢ ખાતેના ૧૪૦ નંબરના મતદાન બૂથ ખાતે વહેલી સવારે મતાધિકારનો ઉપયોગ કર્યો હતો.

### આજના મતદાનમાં સામેલ બેઠકો ૨૦૧૯ માં ભાજપની 'સ્ટ્રોંગ હોલ્ડ' હતી

# આજની ચૂંટણી ભાજપ માટે મહત્વની! ૯૨ માંથી ૮૧ બેઠકો ભાજપ-NDA પાસે છે

નવી દિલ્હી તા.૭

ગુજરાતની ૨૫ સહિત દેશના ૧૨ રાજયો કેન્દ્ર શાસીત પ્રદેશોમાં યોજાય રહેલી ત્રીજા તબકકાની ચૂંટણી ખાસ કરીને ભાજપ-એનડીએ માટે ઘણી મહત્વપૂર્ણ છે.આજની ચૂંટણીમાં સામેલ બેઠકોમાંથી ૨૦૧૯ માં ૭૩ બેઠકો ભાજપે જીતી હતી. સાથી પક્ષોની ૮ બેઠકો ગણતા ૮૧ બેઠકો પર ભાજપે કબ્જો કર્યો હતો.

આજના ચૂંટણી તબકકામાં સામેલ બેઠકો-મતક્ષેત્રો ભાજપ-એનડીએનો સ્ટ્રોંગ હોલ્ડ ગણાય છે. કારણ કે ૯૨ માંથી ૮૧ બેઠકો પર તેમનો કબ્જો છે. ૪૮ ટકા વોટ શેર સાથે ભાજપે એકલા હાથે ૭૨ બેઠકો જીતી હતી. જયારે તેની સહયોગી પાર્ટીઓએ ૮ બેઠકો પર વિજય પ્રાપ્ત કર્યો હતો. કોંગ્રેસનાં ફાળે માત્ર ત્રણ તથા તેના સહયોગી પક્ષોને ચાર બેઠકો મળી હતી.

આજના ચૂંટણી તબકકામાં ભાજપનાં ગઢ અને વડાપ્રધાન નરેન્દ્ર મોદી ગૃહપ્રધાન અમીત શાહના વતનના રાજય એવા ગુજરાતની આ બેઠકોનો સમાવેશ થઈ જાય છે. ગુજરાતમાં કુલ ૨૬ બેઠકો છે પરંતુ સુરત સીટ અગાઉ જ બીન હરીફ થઈ ગઈ હોવાના કારણોસર મતદાન ૨૫ બેઠકો પર છે. આ તમામ ૨૫ બેઠકો જાળવવાનો ભાજપ માટે પડકાર છે. કેન્દ્રીય ગૃહમંત્રી અમીત શાહ ગાંધીનગરની બેઠકો પરથી ચૂંટણી લડી રહ્યા છે.અગાઉ વાજપેયી તથા અડવાણી લડયા હતા. આ સિવાય કેન્દ્રીય આરોગ્ય મંત્રી મનસુખ માંડવીયા પોરબંદર તથા પરસોતમ રૂપાલા રાજકોટ બેઠક પરથી ચૂંટણી લડી રહ્યા છે. ક્ષત્રીય આંદોલન તથા ભાજપની વિરૂદ્ધ મતદાન કરવાના ક્ષત્રિય આંદોલન તથા ભાજપની વિરૂદ્ધ મતદાન કરવાના ક્ષત્રિય સમાજના એલાનને કારણે કેટલી બેઠકોમાં જંગ રસપ્રદ થવા સાથે કાંટે કી ટકકર થવાનું ચિત્ર ઉપસ્યુ છે.



### ગુજરાતની ૨૫, કર્ણાટકની ૧૪ તથા મધ્યપ્રદેશની તમામ ૯ બેઠકો હાલ ભાજપ પાસે: યુપીની ૧૦ માંથી ૮ તથા મહારાષ્ટ્રની ૧૧ પૈકીની ૫ બેઠકો પર એનડીએની જીત હતી: ગત ટર્મમાં જીતેલી આ બેઠકો જાળવવાનો પડકાર

ગુજરાત સિવાય કર્ણાટકમાં ૧૪ બેઠકોનું આજે મતદાન છે અને આ તમામ સીટો પર ભાજપનો કબ્જો છે. ભાજપનો વોટ શેર બાવન ટકા તથા કોંગ્રેસનો ૩૨ ટકા હશે. ભાજપને ૨૦૧૯ નું પુનરાવર્તન રહેવાનો વિશ્વાસ છે. છતા રાજયમાં શાસન કોંગ્રેસનું હોવાના કારણોસર બેઠક જાળવવાનો ભાજપ માટે પડકાર છે.

૧૪ માંથી હવેરીની બેઠક ધ્યાનાકર્ષક છે.જયાં પૂર્વ મુખ્યમંત્રી બશ્વરાજ બમ્માઈ ભાજપ તરફથી ચૂંટણી લડી રહ્યા છે. યેદિયુરપ્પાનો પુત્ર રાઘવેન્દ્ર ઉપરાંત કેન્દ્રીય કોલસા પ્રધાન પ્રહલાદ જોશી પણ ચૂંટણી મેદાનમાં છે.

રાજકીય ઉથલપાથલનાં સાક્ષી બનેલા મહારાષ્ટ્રમાં પણ ૧૧ બેઠકોની ચૂંટણી છે. તેમાં કોંગ્રેસ-સાથી પક્ષોની ૬ છે અને એનડીએની ૫ છે. બન્ને મોરચાને બેઠકો બચાવવાનો પડકાર છે. રત્નાગીરીમાં કેન્દ્રીય મંત્રી નારાયણ રાણે તથા શિવસેના (ઉધ્ધવ જૂથ)ના વિનાયક રાઉત વચ્ચેનાં જંગ મહત્વના બનશે. બારામતીમાં સુપ્રિયા સુલે તથા અજીત પવારના પત્નિ સુનેત્ર પવાર વચ્ચેનાં મુકાબલા પર પણ ધ્યાન રહેશે.

ગુજરાતની જેમ ભાજપના ગઢ એવા મધ્યપ્રદેશમાં ૯ બેઠકોમાં મતદાન થઈ રહ્યું છે. ૨૦૧૯ માં આ તમામ બેઠકો ભાજપ પાસે હોવાથી તે જાળવવાનો પડકાર છે. પૂર્વ મુખ્યમંત્રી શિવરાજસિંહ ચૌહાણને ભાજપે વિદીશાની બેઠક પરથી ઉતાર્યા હોવાથી આ બેઠક પર ધ્યાન કેન્દ્રીત થયુ છે. પુનામાં જયોતિરાદિત્ય સિંધીયા સામે મૂળ ભાજપી યેદવેન્દ્રસિંહનો જંગ છે. રાજગઢ બેઠક પરથી કોંગ્રેસનાં સીનીયર નેતા દિગ્વીજયસિંઘ લડી રહ્યા છે. ઉતરપ્રદેશમાં ૧૦ બેઠકો પર મતદાન ચાલી રહ્યું છે. તેમાં ૨૦૧૯ માં ભાજપે ૮ તથા સમાજવાદી પાર્ટીએ બે બેઠક જીતી હતી. મૈનપુરીમાં સપાના ડીમ્પલ યાદવ સામે ભાજપ-બસપાનો ત્રિપાંખીયો જંગ છે. પશ્ચિમ બંગાળમાં ચાર બેઠકોનું મતદાન થઈ રહ્યું છે. ૨૦૧૯ માં ભાજપે એક તૃણમુલ કોંગ્રેસે બે બેઠકો જીતી હતી. એક બેઠક પર કોંગ્રેસની જીત હતી તે જાળવવાનો ત્રણેય પક્ષો માટે પડકાર છે.

### રાંચીમાં ઈડીના દરોડામાં જેમને ત્યાં બેહિસાબ રોકડનો ભંડાર મળી આવ્યો તે...

# મંત્રીના અંગત સચિવ સંજીવકુમાર લાલ અને તેના નોકર જહાંગીર આલમની ઈડીએ ધરપકડ કરી



## રિમાન્ડની માંગ સાથે આરોપીઓને આજે કોર્ટમાં રજુ કરાશેઃ દરોડા દરમિયાન વારંવાર બેભાન થઈ જતો હતો સંજીવકુમાર લાલઃ મંત્રીના અંગત સચિવની પત્ની રિયલ એસ્ટેટ કંપનીની ડિરેકટર

રાંચી (ઝારખંડ) તા.૭

ઝારખંડમાં લોકસભા ચૂંટણી પહેલા ઈડીએ ઝારખંડના મંત્રી આલમગીર આલમના અંગત સચીવ સંજીવકુમાર લાલ અને સંજીવકુમાર લાલના ઘેર દરોડા દરમિયાન ૩૫ કરોડ જેટલી બેહિસાબ રોકડ જપ્ત કરી હતી. હવે આ મામલે ઈડીએ અંગત સચીવ સંજીવકુમાર લાલ અને નોકર જહાંગીર આલમની ધરપકડ કરી હતી. આજે બપોરે બન્ને આરોપીને ઈડી કોર્ટમાં રજુ કરશે જયાં રિમાન્ડની માંગણી કરશે.

ઈડીએ ગઈકાલે જુદા જુદા સ્થળે દરોડા પાડયા હતા જેમાં કુલ ૩૫ કરોડ ૨૩ લાખ જેટલી બેહિસાબ રોકડ જપ્ત કરી હતી. ઈડીએ મંત્રી આલમગીર આલમના અંગત સચિવ સંજીવકુમાર લાલ, તેના નોકર જહાંગીર આલમ ઉપરાંત બે એન્જીનીયર કુલદીપ મિંજ અને વિકાસકુમાર તેમજ કોન્ટ્રાકટર મુન્નાસિંહના ઘરે દરોડા પાડયા હતા. જેમાં સૌથી વધુ ૩૧.૨૦ કરોડ અંગત સચીવ સંજીવકુમાર લાલ અને નોકર જહાંગીર આલમના હેરમુ રોડ સ્થિત ફલેટમાંથી મળ્યા છે. આ ઉપરાંત કોન્ટ્રાકટર મુન્નાસિંહને ત્યાંથી બે કરોડ ૯૩ લાખ અને અન્ય એક સ્થળેથી ૧૦ લાખ રૂપિયા જપ્ત થયા હતા.

**વારંવાર બેભાન થતો રહ્યો સંજીવકુમાર લાલ: મંત્રીના અંગત સચિવના** ઘેરથી કરોડો રૂપિયા ઝડપાયા બાદ સંજીવકુમાર લાલ વારંવાર બેભાન થતો હતો.

ઈડીએ સંજીવકુમારના સરકારી આવાસમાં દરોડા પાડયા તો ત્યાં નોકર જહાંગીર મળ્યો હતો. તેણે પોતાના ફલેટની જાણકારી આપી હતી. ઈડીએ ત્યાંની ચાવી સાથે ફલેટ પર તેને લઈને ઈડી પહોંચી અને ફલેટ ખોલીને જોયું તો ત્યાં રોકડનો ભંડાર જોઈને આશ્ચર્યચકીત થઈ ગઈ હતી.

**સંજીવની પત્ની પણ છે રિયલ એસ્ટેટ કંપનીની ડિરેકટરઃ** મુન્નાસિંહ પહેલા ગીતાંજલી રિયલ એસ્ટેટમાં હતો. હાલ તે તેજસ્વી રિયલ એસ્ટેટમાં જોડાયેલ છે. આ કંપનીની ડિરેકટર સંજીવ લાલની પત્ની છે. મુન્ના વિવાદાસ્પદ જમીન અને ફલેટના નકલી દસ્તાવેજો બનાવી ખરીદ-વેચાણમાં પણ માહિર છે.

# રામમંદિરનું નિર્માણ કાર્ય ડિસેમ્બર ૨૦૨૪ સુધીમાં પૂરું કરવા તૈયારી

## મંદિરની ગ્રાઉન્ડ વોલનું કામ ૫૦ ટકા પૂરુંઃ રામમંદિર નિર્માણ સમીતીની બેઠક મળી, જેમાં નિર્માણ કાર્યોની સમીક્ષા થઈ



અયોધ્યા તા.૭

રામમંદિર નિર્માણ સમીતીની બે દિવસીય બેઠક મંદિર પરિસરમાં એલએન્ડટી કાર્યાલયમાં મળી હતી. જેની અધ્યક્ષતા મંદિર નિર્માણ સમીતીના અધ્યક્ષ નૃપેન્દ્ર મિશ્રે કરી હતી. બેઠકમાં નૃપેન્દ્ર મિશ્રે મંદિરમાં નિર્માણ કાર્યોની સમીક્ષા કરી હતી. આ પ્રસંગે નૃપેન્દ્ર મિશ્રે રામમંદિર અને પરિસરમાં ચાલી રહેલા બધા પ્રકલ્પોનું ભૌતિક નિરીક્ષણ કર્યા બાદ જણાવ્યું હતું કે રામમંદિરનું નિર્માણ ડિસેમ્બર ૨૦૨૪ સુધીમાં જો પુરું ન થયું તો ત્રણ મહિનાનો સમય વધારવાનો આવશે. તેમણે જણાવ્યું હતું કે ગ્રાઉન્ડ વોલનું કામ પણ ૫૦ ટકા પૂરું થઈ ગયું છે. ગ્રાઉન્ડ વોલમાં દેવી-દેવતાઓના મંદિરની સાથે માતા અન્નપૂર્ણાના મંદિરનું પણ નિર્માણ થઈ રહ્યું છે. જેમાં રામલલાનો ભોગ બનશે અને ત્યાં ભોગ રામલલાને લગાવવામાં આવશે.

તેમણે જણાવ્યું હતું કે ગ્રાઉન્ડ વોલના નિર્માણ કાર્યમાં ઝડપ લાવવાના નિર્દેશ અપાયા છે. બેઠકમાં એન્જીનીયરોએ પ્રેઝન્ટેશનથી મંદિર નિર્માણ માટે ચાલી રહેલા કાર્યોની પ્રગતિ નૃપેન્દ્ર મિશ્રને બતાવી હતી.


**સાંજ સમાચાર**

**વ્હોટ્સએપ ચેનલમાં મેળવો બ્રેકિંગ ન્યુઝ અપડેટ**

**આજે જ જોડાવ**

એક જ સ્થળે મળશે ઝડપી અને અધિકૃત બ્રેકિંગ ન્યુઝ અને અપડેટ્સ

તમારા સ્માર્ટફોન મોબાઈલના કેમેરામાંથી કયુઆર (QR) કોડ ડાઉનલોડ કરો, જોઈન કરો ચેનલ અને મેળવો ઝડપી અપડેટ્સ

Join "સાંજ સમાચાર" WhatsApp Channel

Scan the QR Code or Write 'Sanj Samachar News' on WhatsApp Channel



**સાંજ સમાચાર વોટ્સએપ ચેનલમાં જોડાવવાના ફાયદા :**

- ઝડપી અને અધિકૃત બ્રેકિંગ ન્યુઝ મેળવો
- સમાચારો ઉપરાંત વિડિયો ન્યુઝ મેળવી શકો
- કોઈ પણ ઈમેજ આવે તે ફોન પર સ્ટોર નહિ થાય, ૩૦ દિવસ બાદ વોટ્સએપ તેના સર્વર પરથી રીમુવ કરે છે તેથી સ્ટોરેજ પ્રોબ્લેમ નહિ
- તમારા મોબાઈલ નંબર કોઈ જોઈ શકતું નથી અને પ્રાઈવેટ રહે છે
- અન્ય સભ્યો મેસેજ નથી કરી શકતા, તેથી ફકત એડમીન પાસેથી અધિકૃત ન્યુઝ અપડેટ જ મળશે અને અન્ય કોઈ ડિસ્ટર્બ થાય તેવા મેસેજ ન આવે
- તમે આસાનીથી અન્ય ગ્રુપ અથવા કોન્ટેકટ પર ફોરવર્ડ કરી શકશો


# ચૂંટણી ફરજ પર હાજર ન થનાર કર્મચારીની ધરપકડ કરવા આદેશ

લોકસભા ચૂંટણીમાં ગારીયાધાર વિધાનસભા મત વિસ્તારમાં આવેલ પાલીતાણા ખાતે પીજીવીસીએલમાં ફરજ બજાવતા કર્મચારી જયદીપ પ્રવિણકુમાર પરમારને વેળાવદર-૩ ખાતે મતદાન મથક પર ફરજ સુપ્રત કરવામાં આવી હતી પરંતુ આજે તેઓ ફરજ ઉપર હાજર ન થતા અમરેલી જિલ્લા કલેકટર દ્વારા તાત્કાલીક તેમની ધરપકડ કરીને ચૂંટણી અધિકારી સમક્ષ હાજર થવા પોલીસ ઈન્સ્પેકટર ગારીયાધારને આદેશ આપ્યો હતો.

# ચૂંટણી પર પત્રિકા, વિડીયો, ઓડિયો વાયરલ થતા રહે છે : આવું બનવું સ્વભાવિક જ છે : નરેશભાઈ પટેલનું મંતવ્ય

## ખોડલધામ સંસ્થાનું નામ કયાંય જોડાવા દીધુ નથી : સૌને મતદાન કરવા લેઉવા પટેલ અગ્રણીની અપીલ









રાજકોટ, તા. ૭

લેઉવા પટેલ સમાજના અગ્રણી અને ખોડલધામના અધ્યક્ષ નરેશભાઈ પટેલે આજે સવારે પરિવાર સાથે મતદાનની ફરજ બજાવી હતી. સાથે જ આ વખતની ચૂંટણીમાં ઉભા થયેલા કેટલાક મુદ્દા અંગે તેમણે તટસ્થ અભિપ્રાય આપ્યો હતો.

નરેશભાઈ પટેલે કહ્યું હતું કે વિશ્વની સૌથી મોટી લોકશાહી ભારતમાં આજે મતપર્વ ઉજવાઈ રહ્યું છે. સૌ નાગરિકો પવિત્ર મત આપીને ફરજ બજાવે તે જરૂરી છે. રાજકોટમાં થોડા દિવસો પહેલા પત્રિકા વાયરલ થવા અંગેના મુદ્દા અંગે તેમને પ્રશ્ન કરવામાં આવતા જણાવ્યું હતું કે ચૂંટણીના દિવસોમાં પત્રિકા, ઓડિયો, વિડીયો વાયરલ થવા એ સ્વભાવિક વાત છે. આવું ચૂંટણીમાં બનતું રહે છે.

લેઉવા પટેલ સમાજની સંસ્થા ખોડલધામ ખુબ મોટી અને જવાબદાર સંસ્થા છે. સંસ્થાનું નામ કયાંય જોડાવા દીધું નથી. સંસ્થાનું નામ કયાંય વચ્ચે આવે તેવું અમે થવા દેતા નથી.

ક્ષત્રિય સમાજના વિવાદ અંગે તેઓએ કહ્યું હતું કે આવા બનાવ રોકી દેવાયા હોત તો ગુજરાત માટે સારૂ રહેત. પરંતુ આવું બન્યું નથી. ચૂંટણીમાં અન્ય મુદ્દાઓ રાબેતા મુજબના જ લાગ્યા છે.

# રાજકોટ સહિત રાજયમાં આજે હિટવેવની આગાહી વચ્ચે સવારમાં જ ૨૪થી૩૦ ડીગ્રી તાપમાન

## અમદાવાદ-સુરેન્દ્રનગરમાં ગઈકાલે ૪૧ ડિગ્રી ઉપર તાપમાન પહોંચી ગયુ

રાજકોટ તા.૭

આજરોજ લોકસભાની ચુંટણીનાં ગરમાવા વચ્ચે મોડી સવારથી જ રાજકોટ સહિત વિવિધ સ્થળોએ ગરમીનો અનુભવ થવા લાગ્યો હતો. ઉલ્લેખનીય છે કે આજે હિટવેવની આગાહી છે.

દરમ્યાન ગઈકાલે અનેક સ્થળોએ ૪૦થી૪૧ ડીગ્રી વચ્ચે મહતમ તાપમાન નોંધાવા પામ્યુ હતું. ગઈકાલે અમદાવાદ ખાતે ૪૧.૨ ડીગ્રી અમરેલીમાં ૪૦.૭, વડોદરામાં ૩૯.૪, ભાવનગરમાં ૩૮.૬, ભુજમાં ૩૯.૬, છોટા ઉદ્દપુરમાં ૩૯.૪, દાહોદમાં ૩૮ તથા ડિસામાં ૩૯.૨ ડીગ્રી અને ગાંધીનગર ખાતે ૪૦.૬ તથા પોરબંદરમાં ૩૪.૪, રાજકોટ શહેરમાં ૪૦.૮ અને સુરેન્દ્રનગર ખાતે ૪૧.૩ ડીગ્રી મહતમ તાપમાન નોંધાવા પામ્યું હતું.

ઉલ્લેખનીય છે કે આજે હિટવેવની આગાહી વચ્ચે સવારથી જ રાજકોટ સહિત રાજયનાં અનેક સ્થળોએ ૨૪થી૩૦ ડીગ્રી સુધીનું તાપમાન નોંધાવા પામ્યું હતું.

તેમજ જામનગર લોકસભાની બેઠક ઉપર આજે મતદાનના દિવસે રાજકીય ગરમાવો હોય તે સ્વભાવિક છે. ત્યારે કુદરતી રીતે આજે શહેરનું મહતમ તાપમાનનો પારો ૩૬ ડિગ્રી નોંધાયો હતો.જ્યારે પવનની ગતિ પ્રતિકલાક ૧૪.૫ કિમિ રહી છે.

જામનગરના તાપમાનમાં સતત વધઘટ રહે છે. ત્યારે છેલ્લા ૨૪ કલાકમાં મહતપ તાપમાનમાં ૩ ડિગ્રીના વધારા સાથે પારો ૩૬ ડિગ્રી નોંધાયો હતો.તો લઘુતમ તાપમાન ૨૬.૫ ડિગ્રી રહ્યો છે.તો શહેરના વાતાવરણમાં ભેજનું પ્રમાણ ૮૩ ટકા અને પવનની ગતિ પ્રતિકલાક ૧૪.૫ કિમિ નોંધાઇ હતી. જામનગરમાં મહતપ તાપમાન ૩૬ ડિગ્રી હોવાથી ગરમીનું પ્રમાણ વધ્યું હતું. જો કે પવનની ગતિ પણ ૧૪.૫ કિમિ રહેતા ગરમીમાં આંશિક રાહત જોવા મળી હતી. હવામાન વિભાગની આગાહી મુજબ આજે હિટવેવની આગાહી કરી હોય બપોરે સૂર્યનારાયણ નો આકરો તાપ પડે તેને અનુસંધાને તંત્ર દ્વારા આરોગ્ય વિભાગની સૂચના મુજબ ઓઆરએસ સહિતની મેડિકલ ટીમ તૈનાત રાખી છે. જો કે તાપ અને ગરમીને ધ્યાને રાખીને મતદારોએ મતદાન કરવા સવાર થી જ મતદાન મથકે પહોંચ્યા હતા.

# બિહારમાં ચૂંટણી ફરજ પરના કર્મચારીનું હાર્ટએટેકથી મોત

બિહારના સુપોલમાં મતદાન ફરજ પર રહેલા શૈલેન્દ્રકુમાર નામના કર્મચારીનુ હાર્ટએટેકથી મોત નિપજયુ હતું. સવારે હાર્ટએટેક આવતા તત્કાળ હોસ્પીટલે લઈ જવાયા હતા જયાં તેઓને મૃત ઘોષિત કરાયા હતા. તેઓ ડાયાબીટીસથી પીડાતા હતા.

### ગીગા ફેકટરી વર્ષે પાંચ લાખ ઈ-સાયકલ બનાવશે

# ધોનીના રોકાણ સાથેની ચીન બાદની સૌથી મોટી ઈ-સાયકલ ફેકટરી તૈયાર

## પુનાના સ્ટાર્ટઅપમાં ટીમ ઈન્ડીયાના પુર્વ કેપ્ટન મોટો ઈન્વેસ્ટર



બેંગલુરૂ: ટીમ ઈન્ડીયાના સૌથી સફળ કપ્તાનોમાં સ્થાન ધરાવનાર તથા આઈપીએલમાં પણ ચેન્નઈ સુપરકીંગ માટે ચેમ્પીયનશીપમાં રેકોર્ડ સર્જનાર મહેન્દ્રસિંઘ ધોનીના રોકાણ સાથેની ઈ-સાયકલ ગીગા ફેકટરી તૈયાર છે અને વર્ષે પાંચ લાખ ઈ-સાયકલ બનાવવા માટે સ્થપાયેલી આ ફેકટરી ટુંક સમયમાં ઉત્પાદન શરૂ કરશે. પુનામાં ૨.૪૦ લાખ સ્કવેર ફુટમાં આ ફેકટરીનું બિલ્ડીંગમાં પ્રથમ તબકકાનું કામ પુરુ થયુ છે. મહેન્દ્રસિંઘ ધોનીએ ગત મહિને તેમાં રોકાણ કર્યુ હતું અને તે ૬૦૦ લોકોને રોજગારી આપશે. તેને ગીગા ફેકટરી તરીકે ઓળખવામાં આવી છે. ચીન બહાર દક્ષિણ એશિયાની તે સૌથી મોટી ઈ-સાયકલ ફેકટરી છે અને તે ચાર તબકકામાં તૈયાર થશે. આ ફેકટરી ઈ-સાયકલ માટે બેટરી, અન્ય ભાગો અને ચાર્જર ડિસપ્લે સહિત સાયકલના ભાગોનું ખુદ ઉત્પાદન કરશે. ઈમોટોરાડ'સ ભવિષ્યમાં ઈ-બાઈકનું ઉત્પાદનની પણ યોજના કરી રહી છે તથા તેના ઈ-સાયકલની રેન્જ પણ મોટી હશે. આ ઈ-સાયકલ માટે યુરોપ અને ઉત્તર અમેરિકામાં મોટું બજાર છે અને તેથી તેની નિકાસ માટે પણ વિશાળ તક છે.

# T20 વર્લ્ડ કપ માટે ટીમ ઈન્ડિયાની નવી જર્સી લોન્ચ કરવામાં આવીઃ કોલર પર ત્રિરંગાના રંગો જોવા મળ્યા









આગામી મહિને વેસ્ટ ઈન્ડિઝ અને યુએસએમાં યોજાનાર ટી૨૦ વર્લ્ડ કપમાં ટીમ ઈન્ડિયા નવી જર્સીમાં જોવા મળશે. ટીમના સત્તાવાર કિટ સ્પોન્સર એડિડાસે સોમવારે સોશિયલ મીડિયા દ્વારા નવી જર્સી બહાર પાડી. નવી ડિઝાઇન કરેલી જર્સી વાદળી રંગની છે. આની સાથે ઓરેન્જ કલરનું કોમ્બિનેશન છે. તે જ સમયે, વી આકારના કોલર પર ત્રિરંગાના રંગો છે.

એડિડાસે લોન્ચનો વીડિયો સોશિયલ મીડિયા પર શેર કર્યો છે. વીડિયોમાં કેપ્ટન રોહિત શર્માની સાથે કુલદીપ યાદવ અને રવિન્દ્ર જાડેજાને પણ બતાવવામાં આવ્યા હતા. આ વીડિયો ધર્મશાલાના HPCA સ્ટેડિયમનો છે.

# સૂર્યકુમારની સદી સાથે મુંબઈએ હૈદરાબાદને ૭ વિકેટે હરાવ્યુંઃ હાર્દિક અને ચાવલાએ ૩-૩ વિકેટ લીધી



મુંબઈ :

ઈન્ડિયન પ્રીમિયર લીગ (IPL 2024)માં સતત ૪ હાર બાદ ૫ વખતની ચેમ્પિયન મુંબઈ ઈન્ડિયન્સે જીત મેળવી હતી. ટીમે સનરાઈઝર્સ હૈદરાબાદને ૭ વિકેટે હરાવ્યું, મુંબઈની ૧૨ મેચોમાં આ ચોથી જીત હતી.

મુંબઈ તરફથી સૂર્યકુમાર યાદવે સદી ફટકારી, આ તેની IPL કરિયરની બીજી સદી હતી, તેણે ૫૧ બોલમાં ૧૦૨ રન બનાવ્યા. ટીમ તરફથી પીયૂષ ચાવલા અને હાર્દિક પંડ્યાએ ૩-૩ વિકેટ લીધી હતી.

વાનખેડે સ્ટેડિયમમાં મુંબઈ ઈન્ડિયન્સે ટોસ જીતીને બોલિંગ કરવાનું પસંદ કર્યું હતું. હૈદરાબાદે ૨૦ ઓવરમાં ૮ વિકેટ ગુમાવીને ૧૭૩ રન બનાવ્યા હતા. મુંબઈએ ૧૭.૨ ઓવરમાં ૩ વિકેટ ગુમાવીને લક્ષ્ય હાંસલ કરી લીધું હતું.

### સૂર્યાએ સિક્સર ફટકારીને પોતાની સદી પૂરી કરી, ટીમને પણ જીત અપાવી

મુંબઈના સૂર્યકુમાર યાદવે ૧૮મી ઓવરના બીજા બોલ પર સિક્સર ફટકારી હતી. આ સાથે તેણે પોતાની સદી પૂરી કરી અને ટીમને જીત તરફ પણ દોરી. સૂર્યા ૫૨ બોલમાં ૧૦૨ રન બનાવીને નોટઆઉટ રહ્યો હતો. તેણે તિલક વર્મા સાથે ૧૪૩ રનની ભાગીદારી પણ કરી હતી. તિલકે ૩૨ બોલમાં ૩૭ રન બનાવ્યા હતા.

### ફ્રાન્સે બનાવી દુનિયાની સૌથી લાંબી બ્રેડ-બેગેટ!

# છેલ્લા પાંચ વર્ષથી આ રેકોર્ડ ઈટલીના નામે હતોઃ ૧૪૦.૫૩ મીટર લાંબી આ બેગેટ (ફ્રેન્ચ બ્રેડ) ગરીબોને વહેંચી દેવાશે









પેરિસ (ફ્રાન્સ) તા.૭

છેલ્લા પાંચ વર્ષથી ઈટલીના નામે દુનિયાનો સૌથી લાંબો બેગેટ એટલે કે બ્રેડ બનાવવાનો રેકોર્ડ રહ્યો છે હવે ફ્રાન્સે આ સફળતા મેળવી છે અને તેનો રેકોર્ડ ગિનેશ વર્લ્ડ રેકોર્ડમાં નોંધાયો છે.

રવિવારે ફ્રાન્સના એક શહેર સુરેનન્સમાં આયોજિત એક હરીફાઈમાં ડઝનબંધ બેકરોએ ભાગ લીધો હતો અને ૧૪૦.૫૩ મીટર લાંબો બેગેટ (ફ્રેન્ચ બ્રેડ) બનાવીને રેકોર્ડ તોડયો હતો.

**શું છે બેગેટ**

આ એક પ્રકારની બ્રેડ હોય છે જે લાંબી હોય છે રસપ્રદ વાત એ છે કે ફ્રાન્સ સરકારે તેમાં કોઈ પ્રકારનું પ્રિઝર્વેટિવ નાખવા પર પ્રતિબંધ લગાવી દીધો છે. જેથી દરરોજ આહારમાં તેને સામેલ કરી શકાય છે.

**ગરીબોને વહેંચી દેવાશે**

બેકર એન્થનીએ જણાવ્યું હતું કે અમને એ વાતની ખુશી છે કે અમે રેકોર્ડ કાયમ કર્યો છે. આ બેગેટ-બ્રેડને ગરીબોમાં વિતરિત કરી દેવાશે.

**પારંપરિક બ્રેડથી ૨૩૫ ગણો વધુ લાંબો**

આ બ્રેડ બનાવવાની તૈયારી સવારે ૩ વાગ્યે શરૂ થઈ હતી અને ૧૪ કલાકમાં તૈયાર થઈ ગઈ હતી. બદા બેકરનું કહેવું છે કે પારંપરિક બેગેટની તુલનામાં બ્રેડ ૨૩૫ ગણી મોટી છે. આ પહેલા ઈટલીએ ૨૦૧૫માં અને ૨૦૧૯માં સૌથી લાંબી બેગેટ બનાવી રેકોર્ડ સર્જયો હતો. તેની લંબાઈ ૧૩૨.૬૨ મીટર હતી.

# શેરબજારમાં કામકાજના કલાકો નહીં વધેઃ સર્વસંમતિ ન થતા સેબીએ દરખાસ્ત ફગાવી

## એનએસઈ દ્વારા સાંજે ૬ થી ૯ ના સેશનનો પ્રસ્તાવ મોકલાયો હતો



મુંબઈ તા.૭

શેરબજારમાં કામકાજનાં કલાકો વધારવાની દરખાસ્ત સેબીએ પરત કરી દીધી છે અને હાલ તુર્ત આ હિલચાલ પર પડદો પડી ગયો છે. ડેરીવેટીવ્ઝ ફયુચર ટ્રેડીંગમાં કામકાજનો સમય વધારવાના મુદ્દે શેરબ્રોકરો વચ્ચે સર્વસંમતિ ન થતા આ દરખાસ્તને બ્રેક મારવામાં આવી છે.

શેરબજારમાં હાલ કામકાજનો સમય સવારે ૯-૧૫ થી બપોરે ૩-૩૦ સુધીનો છે. આ સમય બાદ ભારત કે વૈશ્વીક સ્તરે કોઈ મોટા ઘટનાક્રમો સર્જાય તો બીજા દિવસે ઉઘડતામાં જ મોટો પ્રત્યાઘાત સર્જાય છે અને માર્કેટમાં ઉથલપાથલને કારણે ઈન્વેસ્ટરોને મોટી નફા-નુકશાનીનો વખત આવે છે. આ દરમ્યાન ગીફટ નીફટી ચાલુ રહેતી હોવાથી મોટા માથાઓને વેપાર ગોઠવવાની મોટા માથાઓને વેપાર ગોઠવણની તક મળી જતી હોય છે. આ સંજોગોમાં સાંજે ૬ થી રાત્રે ૯ કલાક કામકાજ માટે વધારાનું સેશન હાથ ધરવા નેશનલ સ્ટોક એકસચેંજ દ્વારા મંજુરી માંગવામાં આવી હતી.સેબીએ બ્રોકરો સહિતનાં વર્ગોનાં અભિપ્રાયો મેળવવા માટે શ્રેણીબદ્ધ બેઠકો કરી હતી. પરંતુ સર્વસંમતિ ન થવાથી દરખાસ્ત પરત મોકલી દેવામાં આવી છે.

એનએસઈનાં સીઈઓ આશીષકુમાર ચૌહાણે જણાવ્યું હતું કે સેબીએ દરખાસ્ત પરત કરી દીધી હોવાથી ટ્રેડીંગ ટાઈમ વધારવાની હાલ તુર્ત કોઈ દરખાસ્ત નથી. હાલ આ હિલચાલ પર પડદો પાડી દેવામાં આવ્યો છે.

શેરબજારો પાસે ફયુચર માર્કેટમાં કામકાજના કલાકો રાત્રે ૧૧.૫૫ વાગ્યા સુધી કેશ માર્કેટનું ટ્રેડીંગ સાંજે ૫ સુધી વધારવાના અધિકાર છે.પરંતુ આ માટે સેબીની મંજુરી મેળવવાની છે એનએસઈ દ્વારા સાંજે ૬ થી ૯ ના સેશન માટે મંજુરી માંગવામાં આવી હતી.

શેરબજારમાં ટ્રેડીંગ વધતા આવક-વોલ્યુમ-કમાણી વધી શકે. પરંતુ શેરબ્રોકરોનું જીવન સંતુલન ખોરવાઈ જાય તેમ છે. એક વર્ગે સમર્થન કર્યું હતું.બીજા વર્ગે વિરોધ કર્યો હતો સ્ટાફ-ટેકનોલોજી વગેરેમાં પણ મોટુ રોકાણ કરવુ પડે તેમ હતું. સર્વસંમતિ ન થતા સેબીએ દરખાસ્ત નકારી છે.








## વડાપ્રધાન મોદીએ અમદાવાદમાં સવારે ૭.૪૫ કલાકે મતદાન કર્યુઃ અમિત શાહ સાથે મીની-વોક શો કર્યો

### રાણીપની નિશાન સ્કુલ પાસે મોદીને આવકારવા સેંકડો લોકો ઉમટયાઃ મહિલાએ મોદીને રાખી બાંધીઃ સૌને મતદાન કરવા સાથે સ્વાસ્થ્યની ચિંતા કરવા અપીલ

અમદાવાદઃ લોકસભા ચૂંટણીમાં આજે ગુજરાત સહિત ૧૨ રાજયોમાં અને કેન્દ્રશાસીત પ્રદેશોમાં ૯૨ બેઠકો પર યોજાઈ રહેલા મતદાનમાં વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદીએ અમદાવાદના રાણીપની નિશાન સ્કુલમાં સવારે ૭.૪૫ કલાકે મતદાન કર્યુ હતું. વડાપ્રધાન ગઈકાલે રાત્રીના જ અમદાવાદ પહોંચી ગયા હતા છતાં તેઓએ રાજભવનમાં રાત્રીરોકાણ કરી સવારે અમદાવાદમાં તેમના મતદાન મથકમાં પવિત્ર ફરજ બજાવવા પહોંચી ગયા હતા. શ્રી મોદીની સાથે કેન્દ્રીય ગૃહમંત્રી અમીત શાહ પણ જોડાયા હતા. બન્ને નેતાઓને આવકારવા માંગ પર ભારે ભીડ બન્ને તરફ ઉમટી હતી અને મોદી મોદીના નારા લગાવતા હતા.

રાણીપમાં અંબિકા ચાર રસ્તા પરથી વડાપ્રધાન શ્રી મોદીએ તેમનો કાફલો રોકી દીધો હતો અને પછી ચાલતા મતદાન મથક ખાતે ગયા હતા અને પોતાનો મત નાખ્યો હતો. બાદમાં અમીત શાહ પણ જોડાયા હતા.

શ્રી મોદી તેમને આવકારવા જે ભીડ ઉમટી હતી તેની પાસે પહોંચ્યા હતા અને એક વૃદ્ધ મહિલાએ વડાપ્રધાન શ્રી મોદીને રાખી બાંધી હતી. શ્રી મોદીએ ભીડમાં પણ તેમની સામે રહેલા એક મહિલાના હાથમાં રહેલા નાના બાળકને રમાડયું હતું. મોદીએ બાદમાં લોકોને તડકા પુર્વે જ મતદાન કરવા માટે અપીલ કરવાની સાથે તેમના સ્વાસ્થ્યનું ખાસ ખ્યાલ રાખવા અનુરોધ કર્યો હતો.

આ અગાઉ શ્રી મોદીએ આજે દેશમાં જે જે રાજયમાં મતદાન યોજાઈ રહ્યું છે તે રાજયની ભાષામાં ટવીટ કરીને લોકોને વધુને વધુ મતદાન કરવા અપીલ કરી હતી. ગુજરાતીમાં તેઓએ ટવીટ કરીને લોકશાહીન આ મહાપર્વમાં આપની સક્રીય ભાગીદારી ચોકકસપણે ચુંટણીને ગતિશીલ બનાવશે તેવું જણાવીને તમામને મતદાન કરવા અપીલ કરી હતી.

### વડાપ્રધાન મોદી, ગૃહમંત્રી અમિત શાહ, મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલે વહેલુ મતદાન કરી સંદેશ આપ્યો

# ગુજરાતમાં 'હીટવેવ' વચ્ચે ૫૦%ને પાર મતદાનઃ હવે આખરી કલાકો પર નજર

**સવારની કતારો બાદ બપોરે આકરા તાપમાં મતદાન મથકો ખાલી થવા લાગ્યાઃ ૬૦% આસપાસની મતદાનની પેટર્ન જળવાઈ રહે તેવા સંકેત**

**વલસાડ-ભરૂચ-બનાસકાંઠા-છોટા ઉદેપુર સહિતના જીલ્લાઓ અને ખાસ કરીને આદિવાસી ક્ષેત્રમાં મતદાન વધુઃ પોરબંદરમાં સૌથી ઓછું**

**અનેક જીલ્લાઓમાં ક્ષત્રિય ફેકટરની અસરઃ સામુહિક મતદાનનો ટ્રેન્ડ જોવા મળ્યોઃ કમીટેડ વોટ કાઢવા રાજકીય પક્ષોએ મહેનત કરી**

રાજકોટઃ લોકસભાની ચૂંટણીના ત્રીજા તબકકાના મતદાનમાં ગુજરાતની ૨૫ લોકસભા બેઠક પર બપોરે ૪૫% જેવું મતદાન થઈ ગયુ છે અને સમગ્ર રાજયમાં ૬૦થી૬૨% મતદાન થવાના સંકેત છે. આજે સવારે ૭ વાગ્યે મતદાન શરૂ થતા જ મત આપવા કતાર લાગી હતી. ખાસ કરીને આજે બપોરે ૧૨ વાગ્યા પછી હીટવેવની આગાહીથી સિનીયર સીટીઝન સહિતના તમામે વહેલા મતદાનની તૈયારી સાથે મતદાન મથકો પર પહોંચી ગયા હતા અને પ્રથમ કલાકમાં ૧૦% મતદાન નોંધાયા બાદ પણ મતદારોની કતાર યથાવત રહી છે. રાજયમાં સુરત બેઠક બિનહરીફ થયા બાદ ૨૫ બેઠકો પર ભાજપે છેલ્લી બે ચૂંટણીની તમામ ૨૬ બેઠકો પર જે રીતે હેટ્રીક સર્જવા માટે જે ટાર્ગેટ આપ્યો છે તેની અસર હેઠળ ભાજપના કાર્યકર્તાઓ સવારથી જ પક્ષના કમીટેડ લોકોમાં વધુને વધુ મતદાન થાય તે માટે વ્યસ્ત થયા હતા.

જો કે બપોરે તડકાનો પારો ઉંચો ચડતા જ મતદારોની કતાર પર અસર પડી હતી. છતાં બપોરે ૧ વાગ્યા સુધીમાં આદિવાસી મતક્ષેત્રમાં મતદાનની ટકાવારી ઉંચે જાય તેવા સંકેત છે. વલસાડમાં બપોરે ૧ વાગ્યા સુધીમાં ૪૫.૩૪% છોટા ઉદેપુરમાં ૪૨%, ભરૂચમાં ૪૩% જેવું મતદાન નોંધાતા આ બેઠકો પર જે રસાકસીનો જંગ છે તે રસપ્રદ પરિણામ આવે તેવા સંકેત છે. સૌરાષ્ટ્રમાં પણ ક્ષત્રિય વિવાદની ઈફેકટ હેઠળ આજે સવારે આ સમાજના માર્કેટમાં કેસરી સાફા સાથે ભાઈઓ અને કેસરીયા સાડીમાં ક્ષત્રિય બહેનોએ સામુહિક મતદાન માટે કતાર લગાવી હતી. રાજકોટ ઉપરાંત જામનગર-સુરેન્દ્રનગર તથા ભાવનગરમાં આ દ્રશ્યો જોવા મળતા હતા અને બનાસકાંઠામાં સૌથી વધુ ૪૫% અને પોરબંદરમાં સૌથી ઓછું ૩૦% મતદાન નોંધાયુ હતું અને હવે સાંજે ૬ વાગ્યા સુધીમાં ૬૦થી૬૨% મતદાનના સંકેત છે.

આજે સવારે વડાપ્રધાન નરેન્દ્ર મોદી ગૃહમંત્રી અમીત શાહ અને મુખ્યમંત્રી શ્રી ભુપેન્દ્ર પટેલ સહિતના મહાનુભાવોએ વહેલુ મતદાન કરીને લોકોને વધુને વધુ મતદાન કરવા પ્રેરીત કર્યા હતા. આ સાથે ગુજરાતમાં તમામ ૨૫ બેઠકોનું ભાવી ઈવીએમમાં કેન્દ્રીત થઈ જશે અને તા.૩ના પરિણામ સુધી ઉતેજના રહેશે.

### ગત ચૂંટણીમાં ૬૭.૪૭ ટકા મતદાન થયું હતું આ વખતે રેકોર્ડ તુટશે કે કેમ?

## રાજકોટ બેઠક પર બપોરે ૩ વાગ્યા સુધીમાં ૪૬.૪૭ ટકા મતદાન

### સૌથી વધુ મતદાન ટંકારામાં ૫૧.૩૮ ટકાઃ રાજકોટ ઈસ્ટમાં ૪૬.૬૩, વેસ્ટમાં ૪૬.૭૪ ટકા, સાઉથમાં ૪૬.૩૮, અને રૂરલમાં ૪૮.૮૪ ટકા મતદાન

રાજકોટ, તા.૭

રાજકોટ લોકસભા બેઠકની ચૂંટણીમાં આજે સવારના ૭ વાગ્યાથી મતદાનનો શાંતિપૂર્ણ પ્રારંભ થયા બાદ બપોરના ૩ વાગ્યા સુધીમાં મતદાનનો આંકડો ૪૬.૪૭ ટકાએ પહોંચી ગયો હતો.

સવારના ઠંડા પહોરમાં મતદારોએ મતદાન મથકો પર પહોંચી ઉત્સાહભેર પોતાના મત અધિકારનો ઉપયોગ કરીને મતદાન કર્યું હતું. અહીં ઉલ્લેખનીય છે કે ગત ગત ચૂંટણીમાં ૬૩.૪૭ ટકા કુલ મતદાન થવા પામેલ હતું. જ્યારે આ વખતે બપોરના ૩ વાગ્યા સુધીમાં ૪૬.૪૭ ટકા મતદાન થતાં ગત ચૂંટણીના મતદાનનો રેકોર્ડ તૂટશે કે કેમ? તે પ્રશ્ન છે. રાજકોટ લોકસભા બેઠક વિસ્તારમાં સવારના ૭ વાગ્યે મતદાનનો પ્રારંભ થયા બાદ પ્રથમ બે કલાકમાં ૯.૭૭ ટકા મતદાન થવા પામેલ હતું. જેમાં ટંકારા વિસ્તારમાં ૧૧.૬૫ ટકા, વાંકાનેર વિસ્તારમાં ૧૧.૭૮ ટકા, રાજકોટ ઈસ્ટમાં ૮.૩૬ ટકા, રાજકોટ વેસ્ટમાં ૮.૮૭ ટકા, રાજકોટ સાઉથમાં ૯.૨૦ ટકા, રાજકોટ રૂરલમાં ૯.૫૧ ટકા અને જસદણમાં ૯.૬૯ ટકા મતદાન થવા પામેલ હતું.

ત્યાર બપોરના ૧૧-૦૦ વાગ્યા સુધીમાં રાજકોટ લોકસભા બેઠક વિસ્તારમાં ટંકારામાં ૨૮.૪૩ ટકા, વાંકાનેરમાં ૨૮.૧૬, રાજકોટ-ઈસ્ટમાં ૨૨.૫૧, રાજકોટ-વેસ્ટમાં ૨૨.૪૮, રાજકોટ-સાઉથમાં ૨૨.૩૪, રાજકોટ રૂરલમાં ૨૪.૮૭ અને જસદણ વિધાનસભા મત વિસ્તારમાં ૨૨.૭૪ ટકા મતદાન થતાં સરેરાશ મતદાનનો આંકડો ૨૪.૫૪ ટકાએ પહોંચ્યો હતો.

જ્યારે બપોરના ૧-૦૦ વાગ્યા સુધીમાં ટંકારામાં ૪૩.૩૬ ટકા, વાંકાનેરમાં ૪૦.૩૪ ટકા, રાજકોટ-ઈસ્ટમાં ૩૩.૩૧ ટકા, રાજકોટ-વેસ્ટમાં ૩૬.૪૮ ટકા, રાજકોટ સાઉથમાં ૩૪.૮૭ ટકા, રાજકોટ રૂરલમાં ૩૭.૮૫ ટકા અને જસદણ વિસ્તારમાં ૩૩.૨૨ ટકા મતદાન થવા પામેલ છે. બપોરના ૧-૦૦ વાગ્યા સુધીમાં ૩૭.૪૨ ટકા સરેરાશ મતદાન થવા પામેલ છે. જ્યારે બપોરના ૩ વાગ્યા સુધીમાં રાજકોટ બેઠક પર મતદાન વધીને ૪૬.૪૭ ટકા મતદાન થવા પામેલ છે. જેમાં ટંકારામાં સૌથી વધુ ૫૧.૩૮ ટકા, વાંકાનેરમાં ૪૬.૮૨ ટકા, રાજકોટ ઈસ્ટમાં ૪૬.૬૩ ટકા, રાજકોટ વેસ્ટમાં ૪૬.૭૪ ટકા, રાજકોટ સાઉથમાં ૪૬.૩૮, રાજકોટ રૂરલમાં ૪૮.૮૪ અને જસદણમાં ૩૯.૩૮ ટકા મતદાન થયું હતું.

### આગાહી મુજબ જ હિટવેવની અસર

## ધગધગ્યુઃ અઢી વાગ્યે જ રાજકોટ-બપોરે ૪૧.૮ ડિગ્રી તાપમાન

### આજે મહત્તમ તાપમાન ૪૩-ડિગ્રીને વટાવી જવાની શકયતાઃ રાજમાર્ગો-બુથો સુમસામ

રાજકોટ,તા.૭

આજરોજ મતદાનનાં દિવસે જ હવામાન વિભાગો કરેલા હિટવેવની આગાહી મુજબ રાજકોટ શહેર પણ આજરોજ બપોરથી ધગધગી ઉઠયું હતું. અને આકરા તાપથી, બપોરે રાજમાર્ગો ઉપરાંત મતદાન બુથ ઉપર પણ સાવ પાંખો ટ્રાફિક નજરે પડયો હતો.સ્થાનિક હવામાન કચેરી અનુસાર આજે બપોરે અઢી વાગ્યે જ રાજકોટનું તાપમાન ૪૧.૮ ડિગ્રી એટલે કે ૪૨ ડિગ્રીની નજીક પહોંચી ગયું હતું. તેમજ બપોરે પવન પણ ૧૨ કી.મી.ની ઝડપે ફૂંકાતા આગ ઝરતી લૂંનો અનુભવ નગરજનોએ કર્યો હતો.બપોરે અઢી વાગ્યે હવામાં ભેજ-૧૯ ટકા રહ્યો હતો. ઉલ્લેખનીય છે, કે આજે બપોરે અઢી વાગ્યે જ તાપમાન ૪૨-ડિગ્રી નજીક પહોંચી જતા આજે શહેરનું મહત્તમ તાપમાન ૪૩-ડિગ્રી ઉપર પહોંચી જવાની પુરી શકયતા છે.આ ઉપરાંત આજરોજ સવારે ૮.૩૦ કલાકે રાજકોટનું તાપમાન ૨૮.૮ ડિગ્રી તથા લઘુત્તમ તાપમાન ૨૪ ડિગ્રી નોંધાયું હતું. જયારે, સવારે હવામાં ભેજ ૭૧ ટકા રહ્યો હતો.અને પવનની સરેરાશ ઝડપ ૧૦ કી.મી. નોંધાઈ હતી.

## રાજકોટનાં ઉમેદવાર રૂપાલા-ધાનાણીનું અમરેલીમાં મતદાન







રાજકોટ લોકસભા બેઠકનાં ભાજપ અને કોંગ્રેસ એમ બન્ને મુખ્ય પક્ષોના ઉમેદવારોમાં આજે અમરેલી ખાતે મતદાન કર્યું હતું. રાજકોટની બેઠક લડતા ભાજપનાં ઉમેદવાર પરસોતમ રૂપાલા તથા કોંગ્રેસનાં ઉમેદવાર પરેશ ધાનાણી બન્ને અમરેલીના છે.મતદાન યાદીમાં નામ અમરેલીથી છે. બન્નેએ વતન જઈને મતદાન કર્યું હતુ અને પછી રાજકોટ આવી ગયા હતા. તેઓએ સપરિવાર મતદાન મથકે જઈને મતાધિકારનો ઉપયોગ કર્યો હતો. પરસોતમ રૂપાલા પ્રથમ ઈશ્વરીયામાં મહાદેવના દર્શને ગયા બાદ મત આપવા પહોંચ્યા હતા. પરેશ ધાનાણી સહપરિવાર મતદાન મથકે પહોંચ્યા હતા.

# અનેક બુથો પર EVMમાં ખોટકો; મોબાઈલના ડી.જી. લોકરના દસ્તાવેજો માન્ય ન રખાતા માથાકૂટો

રાજકોટ તા.૭

રાજકોટ લોકસભા બેઠક વિસ્તારમાં આજે મતદાન દરમ્યાન અનેક બુથો પર ઈવીએમ (વોટીંગ મશીન)માં ખોટકો સર્જાતા દેકારો બોલી જવા પામેલ છે. જેના પગલે અધિકારીઓમાં દોડધામ મચી જવા પામેલ હતી.

જયારે બીજી તરફ કેટલાક બુથો પર મોબાઈલના ડીજી લોકરના દસ્તાવેજો માન્ય ન રખાતા ચૂંટણી અધિકારીઓ અને મતદાતાઓ વચ્ચે માથાકૂટો થવા પામી હતી. આ મામલે ચૂંટણી અધિકારીનું ધ્યાન દોરી રજૂઆતો કરવામાં આવી હતી.

### વિધાનસભા-૬૮ના બુથ નં.૨૫,૩૪, ૨૧૩, ૨૨૨ તેમજ ૭૦ના ૩૬,૧૩૭, ગુંદાવાડી અને કુવાડવા, તરઘડીયા, જસદણના કાસલોલીયા સહિતના વિસ્તારોના મતદાન મથકો પર વોટીંગ મશીન ચાલુ મતદાન દરમિયાન જ ક્ષતિગ્રસ્ત બનતા દોડધામ મચીઃ તાબડતોબ નવા વોટીંગ મૂકાયા



રાજકોટ લોકસભા બેઠકની ચૂંટણીના મતદાનનો આજે સવારના ૭ વાગ્યાથી શાંતિપૂર્ણ પ્રારંભ થયા બાદ આ લોકસભા બેઠક વિસ્તારના અનેક બુથો પર ઈવીએમમાં ખોટકો સર્જાયાની ફરીયાદો ઉઠવા પામી હતી. જેમાં જંગલેશ્વરના શાળા નં.૭૦ના મતદાન બુથ પર ઈવીએમ ક્ષતિગ્રસ્ત બનવાના પગલે એક કલાક સુધી મતદાન બંધ રહેવા પામેલ હતું.

આવી જ રીતે વિધાનસભા-૬૮ વિસ્તારના બુથ નં.૨૫, ૩૪, ૨૧૩, ૨૨૨ તેમજ વિધાનસભા ૭૦ વિસ્તારના મતદાન બુથ ૩૬, ૧૩૭ તેમજ ગુંદાવાડી ઉપરાંત કુવાડવા, તરઘડીયા, જસદણના કાસલોલીયા સહિતના મતદાન બુથો પર ચાલુ મતદાન દરમ્યાન જ વોટીંગ મશીનમાં ખોટકો આવતા ઈવીએમ બદલવા પડયા હતા જેના પગલે મતદાતાઓને ભારે મુશ્કેલી પડી હતી. તેની સાથોસાથ વોર્ડ નં.૧૪માં કસ્તુરબા વિદ્યાલયના મતદાન બુથ ઉપર મતદાન માટે મોબાઈલના ડીજી લોકરના દસ્તાવેજ આ બુથ પરના બુથ અધિકારી દ્વારા માન્ય નહીં રખાતા મતદાતા અને બુથ અધિકારી વચ્ચે માથાકૂટ થવા પામી હતી.

આ તકે કસ્તુરબા વિદ્યાલયમાં

(અનુસંધાન છઠ્ઠા પાને)

## મોકપોલ દરમિયાન પણ ૪૫ EVM બદલવા પડયા

### મતદારયાદીમાં નામ ન હોવાથી અને સ્લીપ નહીં મળ્યાની ફરિયાદો

રાજકોટ તા.૭

રાજકોટ લોકસભા બેઠકની ચૂંટણીના મતદાનનો આજે સવારના ૭ કલાકે પ્રારંભ થયા પૂર્વે રાજકીય પક્ષોના પ્રતિનિધિઓની ઉપસ્થિતિમાં ચૂંટણી તંત્ર દ્વારા મોકપોલ કરવામાં આવેલ હતો.

આ મોકપોલ દરમિયાન ૪૫થી વધુ ઈવીએમ ક્ષતિગ્રસ્ત નીકળતા તેને બદલવામાં આવેલ હતા. જેમાં કેટલાક ઈવીએમમાં એરર પણ આવી ગયાનું ખુલતા તેની જગ્યાએ નવા ઈવીએમ મુકવામાં આવેલ હતા. આજે મતદાન દરમ્યાન મતદાર યાદીમાં નામ ન હોવાની અને મતદાર સ્લીપ ન મળ્યાની ફરીયાદો ઉઠતી રહી હતી.

જયારે બીજી તરફ કાળઝાળ ગરમીમાં અનેક મતદાન મથકો પર છાંયડાની પણ વ્યવસ્થા નહી કરાયાની મતદારોમાંથી ફરીયાદો ઉઠતી રહી હતી.

NEW ACTIVA
મેગ્નેટ (શટર લોક ચાવી)
માત્ર ૫ મિનિટમાં
(ઈટાલીયન ટેકનોલોજી દ્વારા)
રાજુ ડીઝીટલ સ્ટુડીયો
ભુતખાના ચોક, ઢેબર રોડ, રાજકોટ.

